પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૨૪-૪-૨૦૨૬, શુક્રવાર
વર્ષ: ૧૫, અંક : ૪૧
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

કોઈને આપી શકાય
તેવી શ્રેષ્ઠ ભેટ
તેમની જરૂરિયાત પર
આપણી હાજરી




## સમતા-સહનશીલતા-સહૃદયતાના ત્રિવેણી સંગમના તીર્થ સ્વરૂપા શ્રીજશવંતીબાને સાતમી પૂણ્યતિથિએ આદરભીની અંજલી!

### "મોંઢે બોલુ માઁ ત્યાં સાચે જ બાળપણ સાંભરે પછી મોટપની મજા મને કડવી લાગે કાગડા"



"માઁ" શબ્દનો ઉદગાર થતાની સાથે જ સાતેય કોઠે આહલાદક ટાઢકનો અનુભવ થાય છે. "માઁ" એક શબ્દ નથી પરંતુ સંપૂર્ણ સંસાર છે. માતાની હયાતી ગમે તે સ્થાન પર પહોચી ચૂકેલી વ્યકિત માટે હુંફ આપનારી રહે છે. જયારે માતાની સદેહ હયાતી નથી હોતી ત્યારે જીવનમાં કયારેય ન પુરી શકાય તેવો ખાલીપો સર્જાય જાય છે.

મહેતા પરિવાર પ્રેમનું શિતળ ઝરણુ સદાકાળ વરસાવનાર શ્રી જશવંતી બાની આજે છઠ્ઠી પૂણ્યતિથી છે. ૭-૭ વર્ષના વહાણા વિતી ગયા હોવા છતા આજે પણ પૂ. જશવંતી બા પરિવારના તમામ સભ્યો પર પ્રેમ અને અવિરત કૃપા વરસાવી રહ્યા હોય તેઓ અહોભાવ થઈ રહ્યો છે.

ખરેખર-દુષ્પ્રતિકારૌ માતા-પિતરૌ અર્થાત માતાપિતાનાં ઉપકારનો બદલો વાળવો દુષ્કર જ નહિ પણ અશકય છે. માતા એ જન્મ આપી આ દુનિયા બતાવી, પિતાએ લાડકોડથી ઉછેર કર્યો, સંસ્કારનું સિંચન કર્યું ને પા.પા. પગલી ભરતા અહીં સુધી પહોંચાડયા.

દેહમાંથી દેહ, જીવમાંથી જીવ અને અપેક્ષા વિના પારાવાર સ્નેહ આપ્યો. માત્ર જન્મદાત્રી જ નહિ, પણ જીવનદાત્રી ને સંસ્કારદાત્રી હતા (૧) કરૂણામૂતિ (૨) સમતા મૂર્તિ (૩) સહન શીલતાની મૂર્તિ હતા શ્રી જશવંતી બા !

માદરેવતન ખોરાણા પૂણ્યશાળી પિતાશ્રી દૂર્લભજીભાઈ તથા મમતાળુ માતુશ્રી દેવકુંવરબેન-વખારીયા પરિવારમાં આ પૂણ્યશાળી આત્માએ જન્મ ધારણ કર્યો. હસતુ ખીલતું પ્રભાવશાળી મુખડું જોઈ બાલિકાનું નામ રાખ્યું જશવંતી ! યથા નામ તથા ગુણા... જાણે જશવંતી નામ પ્રમાણે જશે....જશ....ને જશ જ... યશનામ કર્મનો ઉદય... પનોતી પુત્રીના પગલે લક્ષ્મીનું પણ આગમન થયું. પાંચ ભાઈઓ અને પાંચ બહેનોમાં સૌથી મોટા માતા પિતાનું પ્રથમ સંતાન હતું તેથી ખૂબ જ લાડ કોડથી ઉછેર થયો. એ સમયે પણ માતા જયારે સ્નાન કરાવે ત્યારે પાણીમાં અતર નાંખતા... નિત નવા દાગીના પહેરાવે, વાંકાનેર મોસાળમાં છ ધોરણનો અભ્યાસ કર્યો. યુવાનીના ઉંબરે પહોંચતા પડધરી શ્રી શાંતિભાઈ ઓધવજી મહેતાની સાથે લગ્નગ્રંથિથી જોડાયા. સાસરે પણ બહોળો પરિવાર પણ પાણીમાં સાકરની જેમ સહુ સાથે મીઠાશપૂર્વક ભળી ગયા.

સમજણ-સહનશીલતાને જતું કરવું તેમનો જન્મસિધ્ધ મંત્ર હતો અને ગમે તેવા કપરા સંયોગોમાં પણ હસતુ રહેવું, ખમી ખાવું તેમના જીવનનો ટ્રેડમાર્ક હતો.

જાણે સમત્વયોગના ધારક. નાના મોટા દરેકનું જતું કરવું ને સમજણનો દીપક જીવનઘરમાં અખંડ જલતો હતો, તે દીપકનો પ્રકાશ માત્ર મહેતા કે વખારીયા જ પરિવારમાં નહિ પરંતુ જે તેના સહવાસમાં આવતા તે દરેકના જીવનમાં ઉજાસ ફેલાવતો હતો.

*દિવ્યાત્મા-દિવ્ય પ્રેમલતાનો મૂર્તિ જશવંતી બા ને મહેતા પરિવારની દિવ્યાંજલી... ભાવાંજલી... સ્મરણાંજલી... આપશ્રી દિવ્યલોકથી અમારા ઉપર સદા આશિષવૃષ્ટિ વરસાવતા રહેશોજી એજ પુણ્યતિથિએ મંગલભાવના !*

## સરકારના નનૈયા છતાં ક્રૂડના ભાવ ભડકે બળતા ઇંધણ 'મોંઘુ' કરી દેશે?

### પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારાની આશંકાથી ઈંધણના વેચાણમાં ૧૩ ટકાનો ઉછાળો

**શેરબજારમાં ૮૦૦ પોઈન્ટનો કડાકોઃ રૂપિયો નબળો પડ્યો**


સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં જહાજો જપ્ત થવાને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ છે, જેની સીધી અસર બજાર પર પડી છે.છેલ્લા ત્રણ ટ્રેડિંગ સત્રમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં ભારે વેચવાલી જોવા મળી છે, જેના કારણે રોકાણકારોના લાખો કરોડો રૂપિયાનું ધોવાણ થયું છે. આજે સેન્સેક્સ પોઈન્ટ તૂટ્યો હતો અને નિફ્ટીમાં પણ ૨૫૦ પોઈન્ટથી વધુનો કડાકો નોંધાયો હતો છેલ્લા ત્રણ દિવસમાં કુલ ૨૫૦૦ પોઈન્ટ તૂટતા શેરબજારમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છેશેરબજારની સાથે ભારતીય રૂપિયામાં પણ નબળાઈ જોવા મળી છે. અમેરિકી ડોલર સામે રૂપિયો નબળો પડીને ૯૪.૧૧ ના સ્તરે પહોંચી ગયો છે, જે આ મહિનાનું સૌથી નીચું સ્તર છે. ક્રૂડ ઓઈલ માટે ડોલરની વધતી માંગ અને વિદેશી રોકાણકારોની વેચવાલીને કારણે રૂપિયા પર દબાણ વધ્યું છે.

**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને દેશમાં આગામી સમયમાં આવી રહેલી ચૂંટણીઓ વચ્ચે ઈંધણના ભાવને લઈને ભારે અનિશ્ચિતતા જોવા મળી રહી છે. સરકાર ભલે અત્યારે ભાવ વધારો ન કરવાની ખાતરી આપી રહી હોય, પરંતુ સામાન્ય જનતામાં ભાવવધારાનો ફફડાટ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે.

વૈશ્વિક પરિસ્થિતિઓને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં કચા તેલ (ક્રૂડ ઓઈલ) ના ભાવ પ્રતિ બેરલ ૧૧૦ ડોલર ની સપાટી વટાવી ચૂક્યા છે. સામાન્ય રીતે જ્યારે પણ ક્રૂડના ભાવ વધે છે, ત્યારે સ્થાનિક તેલ કંપનીઓ પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કરતી હોય છે. જોકે, હાલમાં ભાવ સ્થિર છે, જેની પાછળનું મુખ્ય કારણ 'ચૂંટણી' હોવાનું માનવામાં આવે છે. લોકોમાં એવી ચર્ચાઓ ચાલી રહી છે કે ૨૯ એપ્રિલના રોજ રાજ્યોની ચૂંટણીઓ (પશ્ચિમ બંગાળ, તમિલનાડુ વગેરે) પૂર્ણ થયા બાદ તેલ કંપનીઓ ભાવમાં વધારો કરી શકે છે.

સરકાર દ્વારા સત્તાવાર રીતે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે હાલમાં ઈંધણના ભાવ વધારવાની કોઈ યોજના નથી. તેમ છતાં, પબ્લિકમાં એવી પ્રબળ ચર્ચા છે કે ચૂંટણીના પડઘમ શાંત થતાની સાથે જ તેલ કંપનીઓ ભાવમાં મોટો ઝીંકો મારી શકે છે. આ જ "ભાવવધારાની દહેશત" ને કારણે લોકો અત્યારથી જ વાહનોની ટાંકીઓ ફૂલ કરાવી રહ્યા છે અને ઈંધણનો સંગ્રહ કરી રહ્યા છે. ગભરાટમાં થયેલી આ ખરીદીના આંકડા પણ ચોંકાવનારા છે. અહેવાલો મુજબ છેલ્લા પખવાડિયામાં પેટ્રોલ અને ડીઝલના વેચાણમાં ૧૩ ટકાનો ઉછાળો નોંધાયો છે.લોકો ભાવ વધે તે પહેલા સસ્તું ઈંધણ ભરાવી લેવા પડાપડી કરી રહ્યા છે.ખાસ કરીને ટ્રાન્સપોર્ટરો અને મોટા જથ્થામાં ડીઝલ વાપરતા ગ્રાહકોમાં વધુ દોડધામ જોવા મળી રહી છે. જોકે સરકાર ભાવ વધારાની ના પાડી રહી છે, પરંતુ સામાન્ય જનતા અને ટ્રાન્સપોર્ટરો ચૂંટણી પછીના સંભવિત ભાવ વધારાથી બચવા માટે અત્યારથી જ પોતાની ટાંકીઓ ફૂલ કરાવી રહ્યા છે, જેના લીધે ઈંધણના વેચાણના આંકડામાં આટલી મોટી વૃદ્ધિ જોવા મળી છે.



## બંગાળમાં રેકોર્ડબ્રેક ૯૧ અને તામીલનાડુમાં ૮૫ ટકાથી વધુ મતદાન કોને ફળશે?

### પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે ટ્રેકટર, જ્યારે તમિલનાડુમાં ડીએમકે, એઆઈએડીએમકે અને ટીવીકે વચ્ચે ત્રિકોણીય સ્પર્ધાનું ૪મેએ પરિણામ

**અબતક, રાજકોટ**

પશ્ચિમ બંગાળની વિધાનસભાની પ્રથમ તબક્કાની ૧૫૨ બેઠક અને તમિલનાડુ વિધાનસભાની તમામ ૨૩૪ બેઠકો પર એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં રેકોર્ડ મતદાન થયું હતું. પશ્ચિમ બંગાળમાં હિંસાના છૂટાછવાયા બનાવો વચ્ચે રેકોર્ડ ૯૨.૭૨ટકા મતદાન થયું હતું. બીજી તરફ તમિલનાડુમાં ૮૫.૧૪ ટકા મતદાન થયું હતું. ભાજપ બંગાળમાં મમતા બેનર્જીને હટાવવા અને દક્ષિણમાં પગપેસારો કરવાનો પ્રયાસ કરી રહ્યો છે ત્યારે આ બમ્પર મતદાનનું વિશેષ મહત્ત્વ છે. જોકે રેકોર્ડ મતદાન પછી ટીએમસી, ભાજપ અને ડીએમકેએ પોતાના વિજયના દાવા કર્યા હતાં. ચૂંટણીનું રિઝલ્ટ ૪મેએ જાહેર થશે.

ઈન્ડિયન પોલિટિક્સ એન્ડ પોલિસી જર્નલમાં ૨૦૨૫માં પ્રકાશિત થયેલા એક સંશોધન પત્ર મુજબ, મતદાનમાં ભારે વધારો ઘણીવાર સ્પર્ધાત્મક અસર, એટલે કે કાંટાની ટક્કર તરફ ઈશારો કરે છે. જ્યારે મતદારો વર્તમાન સરકાર કે નેતાના કામકાજથી ખૂબ જ અસંતુષ્ટ હોય છે, ત્યારે તેઓ તેમને હટાવવાના હેતુથી મોટી સંખ્યામાં બહાર નીકળે છે.

પશ્ચિમ બંગાળની ગત ચૂંટણીઓના એનાલિસિસથી પણ કોઈ સ્પષ્ટ પેટર્ન સમજાતી નથી. આઝાદી પછીની ૧૭ ચૂંટણીઓમાં ૯ વખત વોટિંગ ૪.૫%થી વધુ ઘટ્યું/વધ્યું છે. આમાં ફક્ત ૩ વખત સત્તા પરિવર્તન થયું, બાકીની ૬ વખત વર્તમાન સરકાર જ યથાવત રહી. જૂન ૨૦૨૫માં બિહારમાં કુલ ૭.૮૯ કરોડ મતદારો હતા. પછી એસઆઈઆર શરૂ થયું. ઓક્ટોબર ૨૦૨૫માં જાહેર થયેલી અંતિમ યાદીમાં મતદારોની સંખ્યા ૬ ટકા ઘટીને ૭.૪૨ કરોડ થઈ ગઈ. તેમાં ૬૯.૨૯ લાખ નામ કાપવામાં આવ્યા અને ૨૧.૫૩ લાખ નવા નામ ઉમેરવામાં આવ્યા.



## ઈઝરાયેલ-લેબનોન યુદ્ધ વિરામ ત્રણ અઠવાડિયા લંબાવાયું ટ્રમ્પે બંને દેશના વડાઓને વ્હાઈટ હાઉસનું નોતરૂ આપ્યું

### યુદ્ધવિરામની જાહેરાત બાદ પણ હિઝબુલ્લાહ દ્વારા ઉત્તરી ઈઝરાયલ પર રોકેટમારો, વળતા પ્રહારમાં ઈઝરાયલી સેનાએ લેબનોનના દક્ષિણી વિસ્તારોમાં મિસાઈલ લોન્ચરોને નિશાન બનાવી હવાઈ હુમલા કર્યા

**અબતક, રાજકોટ**

પશ્ચિમ એશિયામાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ભયાનક સંઘર્ષ વચ્ચે શાંતિના આશાસ્પદ સમાચાર સામે આવ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે ઈઝરાયલ અને લેબનોન વચ્ચે ચાલી રહેલો નાજુક યુદ્ધવિરામ વધુ ત્રણ અઠવાડિયા માટે લંબાવવા પર સહમતી સધાઈ છે. આ સાથે જ ટ્રમ્પે બંને દેશોના નેતાઓને વ્હાઈટ હાઉસ ખાતે ઐતિહાસિક શાંતિ મંત્રણા માટે આમંત્રણ પાઠવ્યું છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, "ઈઝરાયલ અને લેબનોન વચ્ચે યુદ્ધવિરામ લંબાવવાનો નિર્ણય એક મોટી જીત છે. આગામી ત્રણ અઠવાડિયામાં ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને લેબનોનના રાષ્ટ્રપતિ જોસેફ આઉન વ્હાઈટ હાઉસ આવી શકે છે." ટ્રમ્પે આશા વ્યક્ત કરી છે કે આ મુલાકાત દાયકાઓથી ચાલી રહેલા વિવાદનો કાયમી ઉકેલ લાવવા માટે પાયારૂપ સાબિત થશે.



જોકે, રાજદ્વારી સ્તરે યુદ્ધવિરામ લંબાવાયો હોવા છતાં સરહદ પર હજુ પણ તણાવની સ્થિતિ છે.યુદ્ધવિરામની જાહેરાત બાદ પણ હિઝબુલ્લાહ દ્વારા ઉત્તરી ઈઝરાયલ પર રોકેટમારો કરવામાં આવ્યો હતો.ઈઝરાયલી સેનાએ લેબનોનના દક્ષિણી વિસ્તારોમાં મિસાઈલ લોન્ચરોને નિશાન બનાવી હવાઈ હુમલા કર્યા હતા, જેમાં કેટલાક લોકોના મોતના અહેવાલ છે.બંને પક્ષો એકબીજા પર યુદ્ધવિરામના ભંગના આક્ષેપો કરી રહ્યા છે, જે શાંતિ પ્રક્રિયા સામે મોટો પડકાર છે.

આ ઘટનાક્રમ વચ્ચે ટ્રમ્પે ઈરાન પ્રત્યે કડક વલણ અપનાવ્યું છે. તેમણે ઈરાન જઈ રહેલા એક શંકાસ્પદ ચીની જહાજને અટકાવ્યા બાદ તેને 'ટોપ સિક્રેટ' ગણાવ્યું હતું. વધુમાં, હોર્મુઝની ખાડીમાં ઈરાન દ્વારા દરિયાઈ સુરક્ષાને નુકસાન પહોંચાડવાના પ્રયાસો સામે ચેતવણી આપતા ટ્રમ્પે કહ્યું કે, જો ઈરાન આંતરરાષ્ટ્રીય જળમાર્ગોમાં માઈન્સ બિછાવશે તો તે તેમની ગંભીર ભૂલ ગણાશે.

**ભારતીય લોકોને તહેરાન છોડી દેવા સરકારની એડવાઈઝરી જાહેર**

ભારતીય દૂતાવાસે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તમામ નાગરિકોને સાવધાની રાખવા અને સત્તાવાર સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે. ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટ અંગે કડક આદેશો જારી કર્યા છે.દૂતાવાસે ભારતીય નાગરિકોને ઈરાનની મુસાફરી સામે ચેતવણી આપી અને ત્યાં હાજર લોકોને સુરક્ષિત રીતે બહાર નીકળવાનો નિર્દેશ આપ્યો છે.તેહરાનમાં ભારતીય દૂતાવાસે એડવાઈઝરીમાં જણાવ્યું હતું કે, "ભારતીય નાગરિકોએ હવાઈ કે જમીન માર્ગે ઈરાનનો પ્રવાસ ન કરવો જોઈએ. ઈરાનની મુસાફરી સુરક્ષા માટે જોખમી હોઈ શકે છે." પ્રાદેશિક તણાવને કારણે હવાઈ અવકાશ પ્રતિબંધો લાગુ છે. દૂતાવાસે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સના સંચાલનમાં અનેક પડકારો રહે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, "હાલમાં ઈરાનમાં રહેલા ભારતીય નાગરિકોએ તાત્કાલિક દેશ છોડી દેવો જોઈએ. નાગરિકોએ દૂતાવાસના સંપર્કમાં રહેવું જોઈએ."

### જેન-જી સરકારને મહિનો પણ નથી થયો ત્યાં ઉપાધીનો વરસાદ

## નેપાળના રાષ્ટ્રપતિએ વહીવટી ઘાલમેલને લઈને સંસદના બંને ગૃહના સત્રને રદ કર્યું

### અગાઉ શ્રમ મંત્રી દીપ કુમાર સાહને ભ્રષ્ટાચારના આરોપમાં પદ પરથી હટાવવામાં આવ્યા હતા

**અબતક, રાજકોટ**

નેપાળમાં હાલમાં મોટી રાજકીય ઉથલપાથલ ચાલી રહી છે. વડાપ્રધાન બાલેન શાહની નવી સરકારમાં ભ્રષ્ટાચારના આરોપોને કારણે મુશ્કેલીઓ વધી છે. રાષ્ટ્રપતિએ અચાનક સંસદના સત્રો સ્થગિત કરી દીધા છે, જ્યારે ગૃહમંત્રી સુદન ગુરુન્ગે નાણાકીય ગેરરીતિના આરોપો બાદ રાજીનામું આપી દીધું છે. રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે કોઈ ખાસ કારણ આપ્યા વગર લોકસભા અને રાષ્ટ્રીય સભાના સત્રો સ્થગિત કર્યા છે.

આ નિર્ણય ઘણો આશ્ચર્યજનક માનવામાં આવે છે કારણ કે થોડા દિવસ પહેલા જ સત્ર બોલાવવાની જાહેરાત થઈ હતી. ગૃહમંત્રી સુદન ગુરુન્ગે ફેસબુક પર પોસ્ટ મૂકીને રાજીનામું આપ્યું. તેમણે કહ્યું કે પદ કરતા નૈતિકતા મોટી છે અને તેમના રોકાણો અંગે તપાસ થવી જોઈએ. માત્ર એક મહિના જૂની આ સરકારમાં આ બીજા મંત્રીની વિદાય છે.



અગાઉ શ્રમ મંત્રી દીપ કુમાર સાહને ભ્રષ્ટાચારના આરોપમાં પદ પરથી હટાવવામાં આવ્યા હતા. રેપર અને એન્જિનિયરમાંથી નેતા બનેલા બાલેન શાહ 'ભ્રષ્ટાચાર મુક્ત નેપાળ'ના વચન સાથે સત્તામાં આવ્યા હતા, પરંતુ હવે તેમની પોતાની સરકાર તપાસના ઘેરામાં છે. સત્તા અત્યારે સંઘર્ષમાં છે. એક તરફ 'નવી પેઢી' ભ્રષ્ટાચાર સાફ કરવા માંગે છે, તો બીજી તરફ 'જૂની સિસ્ટમ' અને આંતરિક તપાસને કારણે સરકાર અસ્થિર બની છે. સરકાર અને જનતા વચ્ચે સીધો સંવાદ છે. નિર્ણયોની જાણકારી પ્રેસ કોન્ફરન્સને બદલે સોશિયલ મીડિયા પર અપાય છે.

બાલેન શાહની સરકાર 'ભ્રષ્ટાચાર મુક્ત' હોવાના વચન સાથે આવી છે. ગુરુન્ગે પોતે જ કહ્યું કે, "મારા માટે પદ કરતાં નૈતિકતા અને જનતાનો ભરોસો વધુ મહત્વના છે." એટલે કે તપાસ દરમિયાન પદ પર રહેવું તેમને ઠીક ન લાગ્યું. તેમના પર લાગેલા આરોપોની નિષ્પક્ષ તપાસ થઈ શકે અને સરકારની છબી ખરડાય નહીં, તે માટે તેમણે સામે ચાલીને પદ છોડ્યું છે.





# સનાતન ધર્મના સાત સ્તંભો બ્રહ્મ, સત્ય અને સાધુ એજ સનાતન સપ્તકઃ પૂ. મોરારિબાપુ

## પાલિતાણાના સગાપરા ધાર ક્ષેત્રમાં 'માનસ શિવ સંકલ્પ' રામકથાનો સંતો-મહંતો અને ભાવિકોની હાજરીમાં ભક્તિમય પ્રવાહ

**અબતક, અંકુર મહેતા, પાલિતાણા**

ગોહિલવાડની પવિત્ર ભૂમિ પાલિતાણાના શત્રુંજય વિસ્તારમાં આવેલ શ્રી કૈલાસ ટેકરી સગાપરા ધાર ક્ષેત્રમાં શ્રી મોરારિબાપુના વ્યાસપીઠે 'માનસ શિવ સંકલ્પ' રામકથાની અમૃતધારા વહી રહી છે. લાલગીરીબાપુના સાનિધ્યમાં યોજાયેલી આ કથાના છઠ્ઠા દિવસે બાપુએ સનાતન ધર્મના ગૂઢ રહસ્યો સમજાવતા 'સનાતન સપ્તક'નો મહિમા રજૂ કર્યો હતો. મોરારિબાપુએ કથાગાન દરમિયાન સમજાવ્યું હતું કે બ્રહ્મ, પુરુષ, જીવ, ધર્મ, સ્વભાવ, સત્ય અને સાધુ એ સાત તત્વો સનાતન સપ્તક છે. આ સપ્તકમાં



'સા' એટલે 'સાધુ' હોવાનું જણાવી બાપુએ ઉમેર્યું કે સનાતન ધર્મના આ સપ્તકમાં સાધુ એ જ સાક્ષાત શંકર છે. સાંપ્રત સમયની વૈશ્વિક પરિસ્થિતિ પર પ્રકાશ પાડતા તેમણે જણાવ્યું હતું કે, આજે વિશ્વને વિનાશક અણુશસ્ત્રોની નહીં પરંતુ અણુવ્રતની જરૂર છે. આ તકે તેમણે જૈન સાધના અને ભક્તિ પદ્ધતિનો પણ સાદર ઉલ્લેખ કર્યો હતો. કથાના મુખ્ય પ્રસંગોમાં બાપુએ શિવ ચરિત્ર અંતર્ગત દક્ષ યજ્ઞ અને સતી પ્રસંગનું ભાવપૂર્ણ વર્ણન કર્યું હતું. તેમણે શ્રોતાઓને શીખ આપી હતી કે સાધના એ જીવનથી અલગ નથી, પરંતુ સંસારીઓ માટે પોતાનું જીવન જ એક અનુષ્ઠાન છે તેમ સમજીને જીવવું જોઈએ.

આ ધાર્મિક મહોત્સવમાં જાનકીદાસ મહારાજ, લહેરગિરી મહારાજ સહિતના અનેક સંતો-મહંતો અને કથાકારો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સાહિત્યકાર નીતિનભાઈ વડગામા, વક્તા જયભાઈ વસાવડા અને અગ્રણી દિલીપભાઈ સખિયા સહિતના મહાનુભાવોએ કથાનું શ્રવણ કર્યું હતું. કાર્યક્રમનું પ્રારંભિક સંચાલન શ્રી દિલીપભાઈ રાજ્યગુરુએ કર્યું હતું, જ્યારે મુકેશગિરિ મહારાજ અને સ્થાનિક સેવાભાવી કાર્યકર્તાઓની ટીમે સુંદર વ્યવસ્થા સંભાળી હતી.

# ઉપલેટાઃ જીલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ ખેલાશેઃ ૭૦૦ કર્મચારીઓ ફરજ પર તૈનાત

- જામ ટીંબડી સીટ ઉપર સૌથી વધુ ૭ મતદાન બુથ ઉભા કરાશે જ્યારે વરજાંગ જાળિયા સીટ ઉપર ૫૧૦૯ સૌથી વધુ મતદાન ધરાવતી સીટ છે.
- સૌથી ઓછા મતદાર ૩૧૧૪ ખીરસરા સીટ ઉપર જ્યારે ખાખી જાળિયામાં સ્ત્રી અને પુરુષ મતદારોમાં ૯૬ મતમાં ફેર

### ભય વગર મતદાન જરૂરથી કરવા ચૂંટણી અધિકારી મહેતાની અપીલ



લોકશાહી દેશમાં પોતાના પ્રતિનિધિને ચૂંટવા ચૂટણી પંચ દ્વારા ચૂટણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે ત્યારે તા. ૨૬ને રવિવારે સવારે ૭થી સાંજના ૬ સુધીમાં તમામ મતદારોએ ભય વગર પોતાના મતદાનના બુથ ઉપર જઈ અચુક મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરવા પંચાયત ચૂંટણી અધિકારી અને મામલતદાર નિખિલ મહેતા દ્વારા અપીલ કરી છે.





**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

આગામી તા. ૨૬ને રવિવારના રોજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન થવાનું ત્યારે ઉપલેટા ગ્રામ્ય પંથકની તાલુકાની ૧૮ સીટ અને જીલ્લા પંચાયતની ત્રણ સીટ અને માટે ચૂંટણીમાં ભારે રસાકસીનો જંગ જામ્યો છે. જીલ્લા પંચાયત ૧ સીટના ૧૦ ઉમેદવારો અને તાલુકા પંચાયતના ૧૮ સીટના ૬૧ ઉમેદવારો મતદારોને રિઝવવા ડોર ટુ ડોર પ્રચાર અને નાની મોટી મીટીંગો યોજી મતદારોને રિઝવવા પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે પાંચ વર્ષ દેખાતા નેતાઓને મતદારો પણ મગનું નામ મરી ન પાડતા રાજકીય આગેવાનોને મુંઝારો વધી રહ્યો છે.

ઉપલેટા તાલુકા પંચાયતની ૧૮ સીટ અને જીલ્લા પંચાયતની ત્રણ સીટના કુલ ૭૧ ઉમેદવારોનું ભ ાવી ૩૮૮૭૩ પુરુષો અને ૩૫૧૦૧ મહિલા મળી કુલ ૭૩૯૭૪ મતદારો આગામી તા. ૨૬મીના રોજ નક્કી કરવાના છે. આ અંગે ચૂંટણી અધિકારી અને વહીવટી તંત્ર દ્વારા પણ ઈવીએમથી લઈ મતદાન બુથ અને મતગણતરી સુધીની તૈયારીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.

આગામી તા. ૨૬મીએ યોજાનારી તાલુકા અને જીલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપ, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાવાનો નિશ્ચિત થઈ ચુક્યું છે. પણ મુખ્ય સ્પર્ધા ભાજપ અને કોંગ્રેસ વચ્ચે વર્તાઈ રહી છે. આપ પણ ઘણી જગ્યા ઉફર નિર્ણયક તરીકે સાબિત થશે. ચૂંટણી પ્રક્રિયા પુરી કરવા અત્યારથી જ ૭૦૦ જેટલી કર્મચારીઓને સ્ટેન્ડ બાય રખાયા છે. ૧૮ બેઠકો માટે ૯૧ બુથો ઉપર મતદાન થવાનું છે. ત્યારે સૌથી વધુ બુથ જામટીંબડી સીટ ઉપર સાત બુથ ઉભા કરાયા છે. મતદારોની દ્રષ્ટિએ તાલુકા પંચાયત વરજાંગ જાળિયાની સીટમાં ૫૧૦૯ મતદારો ધરાવતી મોટી સીટ છે. જ્યારે ખીરસરા સીટ ઉપર સૌથી ઓછા ૩૧૧૪ મતદારો છે. જ્યારે સ્ત્રી અને પુરુષો મતદારોની સરખામણીમાં ખાખી જાળિયાની સીટ ઉપર સ્ત્રી મતદારો કરતા ૯૬ પુરુષ મતદાર વધુ છે. આમ આ સીટ ઉપર પુરુષ અને સ્ત્રી મતદારમાં નજીવા ફેરફાર જોવા મળે છે. ૫૧ ગામમાં આવરી લેતી ત્રણ જીલ્લા પંચાયત સીટમાં મોટી પાનેલી જીલ્લા પંચાયત સીટનીચે ૬ તાલુકા પંચાયતની સીટમાં ૧૪ ગામડાઓનો સમાવેશ કરાયો છે. જ્યારે કોલકી બેઠક ઉપર ૬ તાલુકા પંચાયતની સીટમાં ૧૯ ગામનો સમાવેશ કરાયો છે. જ્યારે દુમિયામી બેઠકમાં ૬ તાલુકા પંચાયતની સીટમાં ૧૮ ગામડાનો સમાવેશ કરાયો છે. ૯૧ બુથમાં ૯ બુથ સંવેદનશીલ જાહેર કરાય ાછે. જેમાં ૩ બુથ અતિ સંવેદનશીલ છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ૧૨૦ જેટલા પાલિકા જવાનોને ફરજ સોંપવામાં આવી છે. ચૂંટણીના આડે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે ઉમેદવારો માટે રાત ઓછીને વેસ જાજા જેવો ઘાટ સર્જાયો છે. મોટા ભાગના ઉમેદવારો છાતી ઠોકીને પોતાની જીત નિશ્ચિત છે. તેવુ કહી શકતા નથી હાલ ભાજપમાં દુમિયાણી જીલ્લા પંચાયતની સીટ સ્યોર ગણવામાં આવે છે. આ બેઠક ઉપર કોંગ્રેસ ક્યાંય ચિત્રમાં જોવા મળતું નથી આમ આદમી પાર્ટી ભાજપને ટક્કર આપી રહ્યો છે. જ્યારે મોટી પાનેલી જીલ્લા પંચાયતની સીટ ઉપર કાંટે કી ટક્કર ભાજપ કોંગ્રેસ વચ્ચે દેખાઈ રહ્યું છે. પણ જો અને તો વચ્ચે આ બેઠક ઉપર કોંગ્રેસ વચ્ચે દેખાઈ રહ્યું છે. પણ જો અને તો વચ્ચે આ બેઠક ઉપર કોંગ્રેસ મેદાન મારી જાય તો નવાઈ નહીં. ચૂંટણી જેમ નજીક આવતી જાય છે તેમ ગરમીનો પારો પણ ઉંચો અડી રહ્યો છે. ત્યારે આવા વાતાવરણમાં ઉમેદવારો પણ મતદારોના મન જાણવા પરસેવો પાડવા છતાં મન જાણી શકતા નથી તેથી ઉમેદવારો પણ મનમાં મુંજાઈ રહ્યા છે. ભાજપ પાસે કાર્યકરોની ફોજ જોવા મળે છે. કોંગ્રેસ પાસે કાર્યકરો અને પૈસાનો બંને અભાવ જોવા મળે છે. જ્યારે આમ આદમી પાર્ટી મતદારો ઉપર સંપૂર્ણ ભરોષો રાખીને ચૂંટણી જંગ ખેલી રહી છે. આ ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણ શાંતિ પૂર્ણ થાય તે માટે સ્થાનિક પીઆઈ એચ.એમ. ધાંધલ પોલિસની ફોજ સાથે સતત પેટ્રોલિંગમાં જોવા મળી રહ્યા છે.

### કાયદો હાથમાં લેનારની ખેર નથીઃ પીઆઈ ધાંધલ



મતદાન દરમિયાન ખોટી અફવા ફેલાવવી મતદાન થતુ અટકાવવું, બોગસ મતદાન કરવું તેમજ ચૂંટણી અને મતદાન પ્રક્રિયામાં અડચણરૂપ ઉભી કરવનાર અને કાયદો હાથમાં લેનાર શખ્સોને પોલીસે શાનમાં સમજી જવા અપીલ કરી છે. કાંકરીચારો કરનારા અને કાયદો હાથમાં લેનારાની ખેર નથી તેમ પીઆઈ એચ.એમ. ધાંધલે જણાવેલ હતું.

# ગોંડલઃ અક્ષર મંદિર પાટોત્સવ - ઉદ્‌ઘોષ યાત્રામાં હરિભક્તોનો ઉમટ્યો જનસૈલાબ



### ઉદ્‌ઘોષ યાત્રામાં ભાઈઓ સાથે બહેનો પણ મોટર બાઈક સાથે જોડાય

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલના સુપ્રસિદ્ધ અક્ષર મંદિરના ૯૨માં પાટોત્સવ નિમિત્તે ૨૩ એપ્રિલના રોજ ગોંડલના રાજમાર્ગ ઉપર ભવ્ય ઉદઘોષ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉદઘોષયાત્રામાં પુરુષો તેમજ મહિલાઓ સ્કુટર તેમજ કાર લઈ જોડાયા હતા. ૧૨૦ પુરુષ બાઈક સવાર તથા ૨૦ ગાડીઓ સાથે પુરુષો આ યાત્રામાં સામેલ થયા હતા. તદઉપરાંત મહિલાઓ પણ ૧૧૦ એક્ટિવા તેમજ ૧૦ ગાડી સાથે ઉદ્ઘોષ યાત્રામાં જોડાયા હતા.

અક્ષર મંદિર ખાતેથી કોઠારી દિવ્યપુરુષ સ્વામી, ધર્મચરણ સ્વામી, સંતસ્વરૂપ સ્વામી, આરૂણિ ભગત તથા અન્ય વરિષ્ઠ સંતો અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં બાઈક તથા કાર યાત્રાનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. ૬:૦૦ વાગ્યે શરૂ થયેલ ઉદ્ઘોષ યાત્રા ગોંડલના વિવિધ વિસ્તારો ભગવતપરા મેઈન રોડ, વેરી દરવાજા, પાંજરાપોળ, જેલચોક, ભોજરાજ પરા સંસ્કારધામ, પાર્થ સ્કૂલ, ગીતાનગર સંસ્કારધામ, મેલડી માતાજીનું મંદિર, મોહનપાર્ક સંસ્કારધામ, ગાયત્રીનગર સંસ્કારધામ, ગાયત્રી મંદિર, બસ સ્ટેન્ડ, કેશવ સુપર માર્કેટ, અજય મંડપ, ભુવનેશ્વરી મંદિર, મહાદેવવાડી, જીઈબી, રાધાકૃષ્ણ નગર, ઉમવાડા રોડ, રમાનાથ હોસ્પિટલ, કપુરિયાપરા ચોક, યોગીનગર મેઈન રોડ થી અક્ષર મંદિર ખાતે રાત્રે ૮:૧૫ કલાકે વિરામ પામી હતી. અક્ષર મંદિરે પૂ સંતો અને મહાનુભાવોની હાજરીમાં સમૂહ આરતીના અધર્ય દ્વારા સૌએ ઠાકોરજીને વધાવ્યા હતા.

અક્ષર મંદિરના ૯૨માં પાટોત્સવ નિમિત્તે તાઃ ૨૪ એપ્રિલ થી ૨૬ એપ્રિલ દરમ્યાન ત્રિ-દિવસીય સંત પારાયણ નું આયોજન કરાયેલ છે. તાઃ ૨૪ અને ૨૫ એપ્રિલ રાત્રે ૮:૩૦ થી ૧૦:૩૦ દરમ્યાન તેમજ તા. ૨૬ એપ્રિલ ના રોજ સાંજે ૫:૦૦ થી ૭:૦૦ દરમ્યાન કથામૃતનો લાભ પ્રાપ્ત થશે. જેમાં બીએપીએસના વરિષ્ઠ વિદ્વાન સંત પૂ.સોમપ્રકાશદાસ સ્વામી કથામૃતનું પાન કરાવનાર છે. આ સંત પારાયણ નો લાભ ગોંડલની ધર્મપ્રેમી જનતાને લેવા માટે અક્ષર મંદિર દ્વારા યાદીમાં જણાવાયું છે.


### જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર શ્રી ગંગાબેન કરશનભાઈ જાદવ ધર્મે હિંદુ ઉવ.આ.૮૪ રહે.મોટી ચણોલ તા.પડધરી જી.રાજકોટઆ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે, અમો ના પુત્રી શ્રી કંચનબેન કરશનભાઈ જાદવ નો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૪ ના રોજ રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના મોટી ચણોલ મુકામે થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે અમો અમો એ અમારા પુત્રી શ્રી કંચનબેન કરશનભાઈ જાદવ નીજન્મ અંગે નો કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આજ દિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ તા.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ જન્મની નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કચેરી પડધરી, પડધરી તાલુકા સેવા સદન તા.પડધરી જી.રાજકોટ સમક્ષ દાદ મળવા અરજદાર/ એડવોકેટ શ્રી અનિલ આર બાંભવા મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ મરણ નોંધ સબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-30માં લેખિત આધાર પુરાવા સાથે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કચેરી પડધરી, પડધરી તાલુકા સેવા સદન તા.પડધરી જી.રાજકોટ સમક્ષ રજુ કરવા, જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ–પડધરી
તા.૧૮-૦૪-૨૦૨૬



### જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર શ્રી ભરત ચનાભાઈ દલવાડીયા ધર્મે હિંદું ઉવ.આ.૨૯ રહે. તરઘડી તા.પડધરી જી.રાજકોટ આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે, અમો ના પિતા શ્રી ચનાભાઈ ચકુભાઈ દલવાડીયાનું અવશાન તા.૦૭/૦૭/૨૦૨૧ ના રોજ રાજકોટ જીલ્લાના પડધરી તાલુકાના તરઘડી મુકામે મરણ થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે અમો અમારા ગુજરનાર પિતા શ્રી ચનાભાઈ ચકુભાઈ દલવાડીયા ની મરણ અંગે નો કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આજ દિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ તા.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ /જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબ મરણ નોંધણી કરી આપવા અંગે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કચેરી પડધરી,તાલુકા સેવા સદન-પડધરી તા.પડધરી જી.રાજકોટ સમક્ષ દાદ મળવા અરજદાર/ એડવોકેટ શ્રી અનિલ આર બાંભવા.મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ મરણ નોંધ સબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-30માં લેખિત આધાર પુરાવા સાથે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કચેરી પડધરી, તાલુકા સેવા સદન-પડધરી તા.પડધરી જી.રાજકોટ સમક્ષ રજુ કરવા, જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ–પડધરી
તા.૧૮-૦૪-૨૦૨૬


### ચુંટણી દરમિયાન સંગીન વ્યવસ્થા જાળવવા

# કોટડાસાંગાણી પોલીસ મથકમાં શાંતિપૂર્ણ મતદાન માટે યોજાઈ માર્ગદર્શન બેઠક



**અબતક, સલીમ પતાણી, કોટડાસાંગાણી**

કોટડાસાંગાણીમાં આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય તેવા હેતુથી કોટડાસાંગાણી પોલીસ સ્ટેશન ખાતે યોજાય હતી.

આ બેઠકમાં ડી.વાય.એસ.પી. કે. જી. ઝાલા પી.આઈ. કે. યુ. ડામોર દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.આ બેઠકમાં વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો અને પ્રતિનિધિઓને બોલાવવામાં આવ્યા હતા. ચૂંટણી દરમિયાન આચારસંહિતાનું ચુસ્ત પાલન કરવા અને પોલીસ તંત્રને સહકાર આપવા અપીલ કરવામાં આવી હતી.

સ્થાનિક વેપારી મંડળના સદસ્યો અને ગામના અગ્રણીઓને પણ આ બેઠકમાં સાંકળી લેવામાં આવ્યા હતા. શહેરની શાંતિ ડહોળાય નહીં તે માટે સામાજિક એકતા જાળવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

પોલીસ અધિકારીઓએ કોટડાસાંગાણીની જનતાને નિર્ભય થઈને મતદાન કરવા અને લોકશાહીના આ પર્વને શાંતિપૂર્ણ રીતે ઉજવવા વિનંતી કરી હતી.

### કોટડાસાંગાણીમાં જિલ્લા પોલીસ વડાએ અતિસંવેદનશીલ બુથોની લીધી મુલાકાત



કોટડાસાંગાણી જિલ્લા અને તાલુકા પંચાયત ચૂંટણી અંતર્ગત કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે કોટડાસાંગાણી પોલીસ દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજકોટ ગ્રામ્ય પોલીસ વડા વિજયસિંહ ગુર્જર દ્વારા કોટડાસાંગાણી વિસ્તારના સંવેદનશીલ મતદાન મથકોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ૨૨/૦૪/૨૦૨૬ ના રોજ પોલીસ વડાએ કોટડાસાંગાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા કોટડાસાંગાણી અને રામોદ ગામના અતિસંવેદનશીલ મતદાન મથકોની રૂબરૂ મુલાકાત લઈ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. આ મુલાકાત દરમિયાન રાજકોટ ગ્રામ્ય પોલીસ વડા વિજયસિંહ ગુર્જર સાથે ગોંડલ નાયબ પોલીસ અધિક્ષક જી. જે. ઝાલા, યુ. આર. ડોમોર તથા સ્થાનિક પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો.


### જાહેર નિવિદા

શ્રી ધરતી કો-ઓપરેટીવ બેંક લી. - રાજકોટ મેનપાવર સપ્લાય કરતી એજન્સીઓ પાસેથી મેનપાવર (Skilled/unskilled/ Fresher/ Trainee) પુરા પાડવા માટેની કામગીરી કરાવવા માંગે છે. આ મેનપાવર સપ્લાય કરતી એજન્સી મેનપાવર પુરા પાડવાનો અનુભવ ધરાવતી હોવી જોઈએ. એજન્સી સરકારી કાયદાઓ પી.એફ., ઈ.એસ.આઈ., કોન્ટ્રાકટ લેબર, પ્રોફેશનલ ટેક્સ વગેરેમાં રજીસ્ટર થયેલ હોય તથા આ કાયદાઓનું પાલન કરતી હોવી જોઈએ. અમારી બેંકમાં મેનપાવર સપ્લાય કરવા ઈચ્છા ધરાવતી હોય તેવી એજન્સીને પોતાનું કવોટેશન અમારી બેંકમાં દિવસ-૧૦ માં રૂબરૂ / રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલાવવા જણાવવામાં આવે છે. એજન્સીએ પોતાની ટર્મ્સ કન્ડીશન અને પ્રતિ કર્મચારી દીઠ માસિક સર્વિસ ચાર્જ તેમજ અન્ય ચાર્જીસની સંપૂર્ણ જાણકારી સાથે સરકારી ખાતોઓમાં તેમના રજીસ્ટ્રેશનની માહિતી તેમના કવોટેશનમાં જણાવવી. એજન્સીએ સરકારી કાયદાઓ મુજબ વર્તવા તથા તે મુજબના રજીસ્ટર્સ અને ફોર્મની જાળવણી ફરજીયાત કરવાની રહેશે.

રાજકોટ. તા.૨૪-૦૪-૨૦૨૬

■ કવોટેશન મોકલવાનું સરનામું ■

જનરલ મેનેજર
શ્રી ધરતી કો-ઓપરેટીવ બેંક લી.
"કુબેર" કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ સામે, ઢેબર રોડ, રાજકોટ

shashi



### પશ્ચિમ રેલવે રાજકોટ મંડળ

**વિદ્યુત કાર્યો**

**ટેન્ડર સૂચના નં.: DRM/RJT/E-Tender/2026-2027/04 અને 05 (EL) તા.: 23.04.2026 1. ટેન્ડર નં.: DRM/RJT/EL/2026-2027/04 (i) કામનું નામ:** રાજકોટ મંડળ – વિવિધ બનાવટ ના, પ્રકાર ના અને ક્ષમતા ધરાવતા રૂમ એર કન્ડિશનર અને રેફ્રિજરેટર માટે 3 વર્ષનો વ્યાપક વાર્ષિક જાળવણી કરાર (AMC) **(ii) અંદાજિત કિંમત:** ₹1,24,98,170.7/- **(iii) ઈએમડી રકમ:** ₹2,50,000/- **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય:** 14.05.2026 ના રોજ 15:00 કલાક સુધી **2. ટેન્ડર નં.: DRM/RJT/EL/2026-2027/05 (i) કામનું નામ:** રાજકોટ મંડળ – લુણસરીયા – વાંકાનેર વચ્ચે કિ.મી. 698/1-2 પર આવેલ લેવલ ક્રોસિંગ નં. 92 ના બદલે LHS પ્રદાન કરવા માટે ઈલેક્ટ્રિકલ કામ. **(ii) અંદાજિત કિંમત:** ₹2,74,385/- **(iii) ઈએમડી રકમ:** ₹5,500/- **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય:** 14.05.2026 ના રોજ 15:00 કલાક સુધી **ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ – 360 001 **વેબસાઈટ વિગતો:** www.ireps.gov.in

RJT 002

અમને લાઈક કરો: facebook.com/WesternRly

તંત્રી લેખ

# ખાતર ઉપર દીવો જગતાતની માઠી

ખેડ ખાતર ને પાણી.. લાવે સમૃદ્ધિ તાણી, વિશ્વની સૌથી મોટી લોકશાહી હવે આર્થિક મહાસત્તા બનવા તરફ મક્કમ ડગલે આગળ વધી રહી છે ત્યારે દેશના અર્થતંત્ર માટે ઔદ્યોગિક વિકાસ અને ઉદ્યોગપતિઓ ની સધ્ધરતા જેમ જ ખેતી અને ખેડૂતો નો વિકાસ અનિવાર્ય છે, ભારત કૃષિ પ્રધાન દેશ છે અને દેશની ૮૦% થી વધુ વસ્તી ગામડામાં વસે છે અને ગામડાની મોટાભાગની પ્રજા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ખેતી સાથે જોડાયેલી છે, જોકે દેશની વિશાળ ફલક પર ફેલાયેલી ખેતી અને વિસ્તાર ની વ્યાપકતા છતાં ભારતની ખેતી સંપૂર્ણપણે વરસાદ આધારિત હોય, વરસાદની અનિયમિતતા, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને આસમાની આફત ના કારણે ખેતીની આવક નિશ્ચિત ન હોવા થી ખેતીને ઉદ્યોગનો દરજ્જો આપી શકાતો નથી, અને ખેત અને ખેડૂત સંપૂર્ણપણે કુદરતની મહેરબાની પર નિર્ભર છે, જગતના તાત ને વારંવાર આસમાની આફત નો ભોગ બનીને મહેનત કરવા છતાં નુકસાની વેઠવી પડે છે, ખેડૂતોની આવક બમણી કરવા માટે સિંચાઈનું પાણી, વીજળી અને ખાતર વ્યાજવી ભાવે સમયસર મળી રહે તે માટે સરકાર કમર કસી રહી છે તેવા સંજોગોમાં ઈરાન અને અમેરિકા યુદ્ધની સ્થિતિમાં ખાતરના ભાવ બમણા થઈ જતા ખેડૂતો માટે ખાતર નો ભાવ વધારો અને અછત મોટી આફત સર્જનારી બને તેવો ભય ઊભો થયો છે . ખેતીમાટે કહેવત છે કે ખેડ ખાતર અને પાણી લાવે સમૃદ્ધિ તાણી, સારી ખેતી ની જેમ જ ખેડૂતને સમૃદ્ધ થવા માટે ખાતર જરૂરી છે ત્યારે વિશ્વમાં યુરિયા ના સૌથી મોટા આયાતકાર ભારત માટે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષના કારણે યુરીયા ની અછત ઊભી થઈ છે અમેરિકા ઇઝરાઇલ દ્વારાઈરાન પર થયેલા હુમલા બાદ ખાતરની તંગી ઊભી થઇ છે આગામી ચોમાસા માં ચોખા મકાઈ સોયાબીન મગફળી કપાસ ના વાવેતરના મહત્વના સમયમાં ખાતરનીતંગી અને ભાવ વધારો ખેડૂતો માટે ખતરા ની ઘંટી બની રહેતો નવાઈ નહીં,

ભારતમાં યુરિયાનો ઉત્પાદન કુદરતી ગેસ પર નિર્ભર છે અને તે મોટેભાગે આખાત માંથી આવે છે હોર્મુઝ નાકાબંધી ના કારણે બળતણના અભાવે ખાતરના પ્લાન્ટ બંધ થઈ રહ્યા છે, ખાતર ના ઉત્પાદન પર ઘર આંગણે મુશ્કેલીના વાદળા ઘેરાયા છે ત્યારે ફોસ્ફેટિક અને નાઈટ્રોજનયુક્ત ખાતરો ની સીધી આયાત કરવી પડશે અને તે વર્તમાન ભાવ કરતા અનેક મોંઘી પડશે તેવી સ્થિતિમાં ઈરાન ઇઝરાઇલ ના યુદ્ધ થી ઊભી થયેલી ખાતરની કટોકટી ભરી સ્થિતિ દેશના ખેડૂતો માટે માઠી પુરવાર થશે, ભારતના ખેડૂતો ખેતીનો સદીઓ જૂનો અનુભવ ધરાવે છે કોઈપણ પરિસ્થિતિમાં ધનના ઢગલા કરવા માટે જાણીતા ભારતીય ખેડૂતો માટે હવે રસાયણીક ખાતર ની અવેજીમાં કુદરતી ગો-આધારિત પ્રાકૃતિક ખેતી નો વિકલ્પ ખુલ્લો છે, પરંતુ રાસાયણિક ખાતર ની જરૂરિયાત તુરત જ ઘટાડી દેવી અત્યારના ઝડપી કૃષિ ઉત્પાદન અને વધુ આવક માટે અઘરી છે પરંતુ હવે દિવસે દિવસે પરિસ્થિતિ પડકાર જનક બની રહે તે અગમચેતી જોઈને દેશના ખેડૂતોએ રાસાયણિક ખાતર ની જગ્યાએ પ્રાકૃતિક ખાતર ભણી ખેતીને લઈ જવી જ પડશે અત્યારે તો ઈરાન ઈઝરાયેલ યુદ્ધ ના કારણે ખાતરના વધેલા ભાવ ખેડૂતો માટે વધુ એક પડકારરૂપ પ્રશ્ન બનીને સામે આવ્યો છે હવે જોઈએ ખેડૂતો આ તાત્કાલિક ઉભી થયેલી વિપરીત પરિસ્થિતિ માં કેવો રસ્તો અખત્યાર કરે છે?..

# જૂનાગઢ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની મત ગણતરી ૧૦ કેન્દ્રો પર થશે

## તાલુકા પંચાયતોના મતગણતરી કેન્દ્રો ખાતે જ જિલ્લા પંચાયતની સંલગ્ન બેઠકોની મતગણતરી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મત ગણતરી ૧૦ કેન્દ્રો ખાતે કરવામાં આવશે. તાલુકા પંચાયતના મત ગણતરી કેન્દ્રો ખાતે જ જિલ્લા પંચાયતની સંલગ્ન બેઠકોની મતગણતરી થશે. મતગણતરી તા.૨૮ એપ્રિલના રોજ થશે. જેમાં જૂનાગઢ જિલ્લા પંચાયત, જિલ્લાની તમામ ૯ તાલુકા પંચાયત અને કેશોદ નગરપાલિકાની ચૂંટણીનો સમાવેશ થાય છે.

જૂનાગઢ તાલુકા પંચાયતની બેઠકોની મત ગણતરી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ફાર્મ મશીનરી અને પાવર ઈજનેર વિભાગ ખાતે કરવામાં આવશે. અહીં જ જિલ્લા પંચાયતની ૬-બીલખા, ૯- ડુંગરપુર, ૧૬-મજેવડી અને ૩૦- વડાલ બેઠકની મતગણતરી કરવામાં આવશે.

વંથલી તાલુકા પંચાયતની મતગણતરી વંથલી માણાવદર રોડ પરની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વંથલી ખાતે થશે, અહીં જિલ્લા પંચાયતની ૮- ધંધુસર, ૧૩- કણજા અને ૨૮- શાપુર બેઠકની મતગણતરી કરવામાં આવશે. જ્યારે માણાવદર તાલુકા પંચાયતની મતગણતરી મહાદેવીયા રોડ પરની લાયન્સ હાયર એન્ડ સેકન્ડરી સ્કુલ માણાવદર ખાતે કરવામાં આવશે. અહીં જિલ્લા પંચાયતની ૧૪- કોયલાણા, ૨૦- મટીયાણા અને ૨૫- સરદારગઢ બેઠકની મતગણતરી થશે.

વિસાવદર તાલુકા પંચાયતની મતગણતરી જૂનાગઢ રોડ પર માંડાવડ ખાતેની વી. ડી. પટેલ શૈક્ષણિક સંકુલ વિસાવદર ખાતે થશે. અહીં જ જિલ્લા પંચાયતની ૧૨- કાલસારી, ૨૪- મોણપરી મોટી અને ૨૬- સરસાઈ બેઠકની મતગણતરી કરવામાં આવશે. તેમજ ભેસાણ તાલુકા પંચાયતની મતગણતરી ભેસાણ ખાતેની સરકારી વિનયન કોલેજ ખાતે કરવામાં આવશે, જેની સાથે જિલ્લા પંચાયતની ૫- ભેસાણ અને ૭- ચુડા બેઠકની મતગણતરી થશે.

મેંદરડા તાલુકા પંચાયતની મતગણતરી આઈ.ટી.આઈ. આલિધ્રા રોડ મેંદરડા ખાતે થશે. તેની સાથે જિલ્લા પંચાયતની ૨૨- મેંદરડા અને ૨૭-સાસણ બેઠકની મતગણતરી કરવામાં આવશે. આ સાથે માળિયા હાટીના તાલુકા પંચાયતની આઈ.ટી.આઈ. ગળોદર રોડ માળીયાહાટીના ખાતે થશે, તેની સાથે જિલ્લા પંચાયતની ૩- અમરાપુર ગીર,૧૦ - ગડુ, ૧૧- જુથળ, ૧૫- કુકસવાડા અને ૧૮-માળીયા બેઠકની મતગણતરી કરવામાં આવશે. જ્યારે માંગરોળ તાલુકા પંચાયતની મતગણતરી શ્રી એમ. એન. કંપાણી આર્ટસ એન્ડ એ. કે. શાહ કોમર્સ કોલેજ શાપુર રોડ- માંગરોળ ખાતે કરવામાં આવશે. અહીં જ જિલ્લા પંચાયતની ૧૭- મકતુપુર, ૧૯-માંગરોળ ઓજી, ૨૧- મેખડી અને ૨૯- શીલ બેઠકની મતગણતરી કરવામાં આવશે.

કેશોદ તાલુકા પંચાયતની મતગણતરી આદર્શ નિવાસી શાળા માંગરોળ રોડ- કેશોદ ખાતે કરવામાં આવશે. અહીં જ જિલ્લા પંચાયતની ૧ -અગતરાય, ૨- અજાબ, ૪- બાલાગામ અને ૨૩-મેસવાણ બેઠકની મતગણતરી કરવામાં આવશે.

આ ઉપરાંત કેશોદ નગરપાલિકાની મતગણતરી કોન્ફરન્સ રૂમ, બીજો માળ, તાલુકા સેવા સદન માંગરોળ રોડ, કેશોદ ખાતે કરવામાં આવશે.

# જૂનાગઢ કોમ્યુનિટી હેલ્થ ઓફીસરનો બાકી પગાર તાત્કાલીક ચુકવવા માંગ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને એઈકો યુનિયન દ્વારા એક પત્ર પાઠવી કોમ્યુનિટી હેલ્થ ઓફિસરના બાકી પગાર અને ઈન્સેન્ટીવ તાતાલિક ચૂકવણી કરી આપવા માંગ કરવામાં આવી છે.

એઈકો યુનિયન, ગુજરાત તરફ થી તા. ૧૦/૨/૨૦૬ ના રોજ બાકી પગાર અને ઈન્સેન્ટીવ બાબત લેખિત રજૂઆત કરવામાં આવી હતી. તેમ છતા

આજ દિન સુધી રાજ્યના કોમ્યુનિટી હેલ્થ ઓફિસરના છેલ્લા મહિનાના પગાર અને નવેમ્બર મહિનાથી ગયા મહિના એટલે કે માર્ચ મહિના સેક્રેટરી સુધી ઈન્સેન્ટીવ બાકી છે.

કોમ્યુનિટી ફેલ્થ ઓફિસર રાજ્યના આરોગ્યતંત્રમાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. તથા અંતરિયાળ વિસ્તારોમાં વિવિધ સેવાઓ તેમજ રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમમાં કોમ્યુનિટી હેલ્થ ઓફિસર સતત અને જવાબદારી પૂર્વક સેવા આપી રહ્યા છે. પરંતુ સમયસર પગાર અને ઈન્સેન્ટીવ ન મળવાને કારણે કોમ્યુનિટી હેલ્થ ઓફિસરમાં આર્થિક તથા માનસિક અસુરક્ષા ઊભી થઈ રહી છે.

ગુજરાત સરકાર દ્વારા દર મહિને તા. ૭ સુધીમા કોમ્યુનિટી હેલ્થ ઓફિસરના પગાર અને ઈન્સેન્ટીવ ચૂકવવા બાબત પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે, છતાં રાજ્યમાં તેનું યોગ્ય અમલીકરણ થતું નથી. તેથી સીએચઓને બાકી રહેલા પગાર અને ઈન્સેન્ટીવની તાત્કાલિક ચુકવણી કરવામાં આવે જેથી રાજ્ય સરકારના પરિપત્રનું યોગ્ય પાલન સુનિશ્ચિત થઈ શકે અને તેની અસરકારક અમલવારી જળવાઈ રહે.

# જૂનાગઢ જિલ્લામાં ઘરે ઘરે તોરણ બાંધી મતદાન જાગૃતિનો સંદેશ પ્રસરાવાયો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

લોકશાહીના ઉત્સવ સમી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય અને લોકો પોતાના મતાધિકાર પ્રત્યે જાગૃત બને તેવા ઉમદા હેતુથી જનજાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારોમાં મતદાનનું પ્રમાણ વધે તે માટે આંગણવાડી કાર્યકર બહેનો, આશા વર્કર્સ અને સ્વ-સહાય જૂથની બહેનો દ્વારા ઘરે-ઘરે તોરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ બહેનોએ ગામે-ગામ પરિવારોની મુલાકાત લઈ,



ઘરના આંગણે લોકશાહીના સંદેશ સાથેના તોરણ બાંધી નાગરિકોને મતદાનના મહત્વ વિશે સમજૂતી આપી હતી.. તમામ તાલુકાની શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા મતદાન જાગૃતિના સંદેશા સાથેના આકર્ષક 'સેલ્ફી પોઈન્ટ' તૈયાર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર આ પોઈન્ટ્સ પર ફોટા પડાવી લોકોને અચૂક મતદાન કરવા માટે અપીલ કરી હતી.

# સુર્યનારાયણ બન્યાં અગનગોળો: રાજકોટ સૌથી ગરમ

## ૪૨.૭ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર: રાજ્યના આઠ શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર

## સાત દિવસ હીટવેવની આગાહી: યલો એલર્ટ જાહેર: મતદાનના દિવસે તાપમાનનો પારો ૪૩ ડિગ્રીએ આંબશે

**અબતક, રાજકોટ**

રાજ્યમાં સુર્યનારાયણ જાણે અગનગોળો બની ગયા હોય તેવું લાગી રહ્યું છે. આગામી સાત દિવસ હીટવેવની આગાહી આપવામાં આવી છે. યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના સાત શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયો હતો. બપોરના સમયે કામ વિના ઘરની બહાર ન નિકળવા પણ તાકીદ કરવામાં આવી છે.

હીટવેવના પગલે રવિવારે મતદાનના દિવસે મતદાન મથકો પર ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. ૧૦૮ એમ્બ્યુલન્સ પણ તૈનાત રાખવામાં આવશે.

હવામાન વિભાગના રેકોર્ડ પર ગુરૂવારે રાજકોટ ૪૨.૭ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. આ ઉપરાંત અમરેલીનું તાપમાન ૪૨.૫ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૨.૧ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૭.૬ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૧.૩ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૩.૭ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૩.૯ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૧.૬ ડિગ્રી, દિવનું તાપમાન ૩૫ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૮.૨ ડિગ્રી, કેશોદનું તાપમાન ૩૯.૩ ડિગ્રી, અમદાવાદનું તાપમાન ૪૧.૫ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૯.૨ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૦ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૪૦.૧ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૯.૮ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૯.૮ ડિગ્રી, દમણનું તાપમાન ૩૫.૨ ડિગ્રી, ભુજનું તાપમાન ૪૧.૨ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૫.૪ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૬.૯ ડિગ્રી, કંડલા એરપોર્ટનું તાપમાન ૪૨ ડિગ્રી નોંધાયું હતું.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાનના દિવસે એટલે કે રવિવારે મહત્તમ તાપમાનનો પારો ૪૩ ડિગ્રી રહેશે. તેવી શક્યતા રહેલી છે.

આજે સવારથી કાળઝાળ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. આજે મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રીએ આંબી જશે. હીટવેવના કારણે જન જીવન ત્રાહિમામ પોકારી ગયું છે.

### ક્યાં શહેરનું કેટલુ તાપમાન

| | |
|---|---|
| રાજકોટ | ૪૨.૭ ડિગ્રી |
| અમરેલી | ૪૨.૫ ડિગ્રી |
| સુરેન્દ્રનગર | ૪૨.૧ ડિગ્રી |
| કંડલા એરપોર્ટ | ૪૨ ડિગ્રી |
| અમદાવાદ | ૪૧.૫ ડિગ્રી |
| વલ્લભ વિદ્યાનગર | ૪૦.૧ ડિગ્રી |
| ગાંધીનગર | ૪૦ ડિગ્રી |
| ભૂજ | ૪૧.૨ ડિગ્રી |

# વાંકાનેર:મદાર ટ્રસ્ટ દ્વારા પછાત વિસ્તારના બાળકો ગુજરાતી, ઉર્દૂ અને અરબી ભાષાના જ્ઞાન સાથે સંસ્કારિ બનાવાયા

## ૧૩ વર્ષની રહેનાઝે માત્ર ત્રણ માસમાં કુરાન પઠન શરૂ કરી દાખવ્યું પ્રેરણાદાયી ઉદાહરણ

**અબતક લિતેશ ચંદારાણા વાંકાનેર**



વાંકાનેરના પછાત ગણાતા દાતાર ટેકરી રોડ વિસ્તારમાં શિક્ષણ અને સંસ્કારનું એક નવું સોપાન સર થયું છે. અહીં કાર્યરત 'મદાર એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા ગત ૫ જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ કરવામાં આવેલા મદ્રેસામાં નાનાં બાળકોને આધુનિક શિક્ષણની સાથે ઈસ્લામી તાલીમ આપવાનું ઉમદા કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ સંસ્થા પછાત વિસ્તારના બાળકો માટે આશાના કિરણ સમાન સાબિત થઈ રહી છે.

હાલમાં આ મદ્રેસામાં ૨૨ દીકરીઓ અને ૧૦ દીકરાઓ દીની તાલીમની સાથે અરબી, ઉર્દૂ અને ગુજરાતી ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરી રહ્યા છે. સંસ્થાનું વાતાવરણ બાળકોમાં શિક્ષણ પ્રત્યે રુચિ જગાડવાની સાથે તેમને નૈતિક મૂલ્યોનું પણ શિક્ષણ આપી રહ્યું છે. શૈક્ષણિક અને ધાર્મિક સમન્વયના આ પ્રયાસને સ્થાનિકોએ પણ બિરદાવ્યો છે.

સંસ્થાની સૌથી મોટી સિદ્ધિની વાત કરીએ તો, અહીં અભ્યાસ કરતી ૧૩ વર્ષની વિદ્યાર્થિની રહેનાઝ યાસીનભાઈ સોહોરવદીએ પોતાની અથાગ મહેનત અને સંસ્થાના માર્ગદર્શનથી માત્ર ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં જ કુરાન શરીફના પાઠની શરૂઆત કરી છે. રહેનાઝની આ સિદ્ધિ તેની જવલંત મહેનત અને મદાર ટ્રસ્ટની શિક્ષણ પદ્ધતિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

# એમ્બીવેલી સિટીમાં ધીરગુરૂદેવની પ્રેરણાથી નિ:શુલ્ક દંતયજ્ઞનું આયોજન



**અબતક, રાજકોટ**

ધીરગુરૂદેવના અનુગ્રહથી વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના ઉપક્રમે સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી જૈન ભોજનાલય પ્રેરિત આયુર્વેદિક જાલંધર બંધ યોગ પધ્ધતિથી વિનામૂલ્યે એમ્બીવેલી બેસ હોસ્પિટલમાં દંતયજ્ઞ અને બત્રીસી વિતરણના કેમ્પનું ઉદઘાટન માલીનીબેન સંઘવીના હસ્તે કરાયું હતુ. ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના ડો.મકવાણા, મોનીકા ભટ્ટ, જાગૃતિ ચૌહાણ, સેવા બજાવી દર્દીઓને તપાસી, જરૂરીયાતમંદ વાળાને બત્રીસી અર્પણ કરેલ એમ્બીવેલીના ચીફ જનરલ મેનેજર પ્રશાંતકુમાર સુંદર વ્યવસ્થા કરેલ. તા.૧૮ના રાણપુરમાં જતીનભાઈ અમૃતલાલ શેઠ પ્રેરિત દંત યજ્ઞ યોજાયેલ. ધીરગુરૂદેવની પ્રેરણાથી છેલ્લા ૧૫ મહિનામાં ૫૫ ઉપરાંત દંતયજ્ઞ કેમ્પ દાતાઓનાં સહકારથી સૌરાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રના ગામોમાં યોજાઈ ગયા છે. આ કેમ્પ અનેકને ઉપયોગી બની રહ્યા છે.

પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ..

# ગીર સોમનાથ જિલ્લામાં ભાજપે પૂર્વ સંસદીય સચિવ જે.ડી સોલંકી સહિતના આગેવાનોને છ વર્ષ માટે કર્યા સસ્પેન્ડ

## સિંધા જ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારને ટેકો આપવાનું ભાજપના નેતાઓને ભારે પડ્યું

**અબતક રાજકોટ**

ગુજરાત ભરમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા ની ચૂંટણીઓ ની રસાકસી ભરી સ્થિતિ વચ્ચે ગીર સોમનાથ જિલ્લા ભાજપ દ્વારા પક્ષ વિરોધી પ્રવૃત્તિ ના આક્ષેપ સાથે પૂર્વ સંસદીય સચિવ સહિતના આગેવાનો ને છ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવાના નિર્ણય રાજકારણમાં ભારે ચર્ચા જગાવી છે.

ગીર સોમનાથ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન પાર્ટીને નુકસાન થાય તેવી રીતે સિંધાજ ની બેઠક પર ચૂંટણી લડતા કોંગ્રેસના ઉમેદવારોને મદદરૂપ થવાની પ્રવૃત્તિ ધ્યાને આવતા ભાજપે શિક્ષાત્મક પગલાં લઈ પૂર્વ સંસદીય સચિવ જેઠાભાઈ સોલંકી અરણેજ, સુનિલભાઈ રાઠોડ સિંધાજ, ભીખા કાળા ગોહિલ ગોહિલ ની ખાણ, મનહર પ્રતાપ મોરી પીપળી, મહેશ મોરી કોડીનાર, ભરત જેઠા બારડ દેવડી, મેહુલ હરિભાઈ કાલાવડીયા તાલાલા, દિનેશ ઝીણાભાઈ બાકુજેપુર, પૂઝા જગમાલ બારડ, અજય લખમણ ચારિયા, ડારી, અનિલ રણસિંહ વાજા, બીજ, હરી કાનજી, દેવદાસ પરમાર સવની, સહિતના ભાજપના આગેવાનો સિંધાજ ગામે કોંગ્રેસના ઉમેદવારોને ટેકો આપતા હોવાનું બહાર આવતા તમામ આગેવાનોને ભાજપના સભ્ય પદેથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવાતા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી દરમિયાન જ ભાજપ દ્વારા લેવાયેલા આંકરા પગલાથી રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે

# પ્રભુ મહાવીરસ્વામીનો રવિવારે કેવળ જ્ઞાન કલ્યાણક મહોત્સવ દિવસ

## સોમવારે વૈશાખ સુદ અગિયારસ જિન શાસનનો ૨૫૮૨મો સ્થાપના દિવસ


**અબતક, રાજકોટ**

પ્રભુ મહાવીર સ્વામીની ૩૦ વર્ષની વયે ક્ષત્રિય કુંડ નગરમાં દીક્ષા થયાબાદ તરત કુમાર ગામ તરફ વિહાર,સાડા બાર વર્ષ પ્રાય : મૌન રહ્યાં,કોઈ પૂછે કે તમે કોણ છો ? હું ભિક્ષુક છું,શ્રમણ છું,સાધુ છું એમ કહેતા.અદીનભાવે ભિક્ષાના સ્થળે સ્વયં ગોચરી માટે જતાં.ધર્મ ધ્યાન અને શુકલ ધ્યાનમાં લીન રહેતાં.અનેક પ્રકારના ઉપસર્ગો હસતાં મુખે સહન કર્યા,પરિષહોને જીતી પારગામી થયા, ૪૨ મા વર્ષે કેળજ્ઞાન - કેવળ દર્શન પ્રાપ્ત થયું.

વૈશાખ સુદ અગિયારસ એટલે જિન શાસનનો ૨૫૮૨ મો સ્થાપના દિવસ અને ગણધર ભગવંતોનો દીક્ષા દિવસ..

જૈન દર્શનમાં જે જે તીર્થંકરો થાય છે તે નવું તીર્થ ઊભું નથી કરતાં પણ માત્ર તીર્થનો પુનરુદ્ધાર કરે છે. પ્રભુ મહાવીર પણ અનંતા તીર્થંકરોની પરંપરાને અનુસર્યા. મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે અત્યારે વિશ્વમાં મહાવીરના નામે અનેક લોકો પંથ,વાડા અને પોતાનો અલગ ચોકો જમાવવાનો પ્રયત્ન કરે છે તે દરેક માટે આ વાત ખૂબ જ મનનીય છે.

જે ઉપદેશ આ ચોવીસીના પ્રથમ તીર્થંકર આદીનાથ ૠષભદેવ ભગવાને આપેલો તે જ ઉપદેશ ચોવીસમાં તીર્થંકર પ્રભુ મહાવીર આપે છે એટલું જ નહીં પરંતુ આવતી ચોવીસીના દરેક તીર્થંકર પરમાત્મા પણ આ જ ઉપદેશ આપશે એટલે જ જિનવાણીને ત્રિકાલાબાધિત કહેવાય છે.



અનંત ઉપકારી ચરમ અને પરમ ત્રિલોકીનાથ તીર્થંકર પરમાત્મા પ્રભુ મહાવીર સ્વામીએ ૩૦ માં વર્ષે દીક્ષા અંગીકાર કરી.સાડા બાર વર્ષ અને એક પખવાડીયુ પ્રભુ મૌન રહી આર્ય તેમજ અનાર્ય ક્ષેત્રોમાં વિચરણ કરી અજબ - ગજબની સાધના - આરાધના કરી.

કડાઝૂડ અને કઠોર સાધનાની ફલશ્રુતિ રૂપે શ્યામક ગાથાપતિની સુથાર શાળામાં ૠજુવાલિકા નદીના ઉત્તર તટ પર ગોદુ આસને વૈશાખ સુદ દશમના પ્રભુને કેવળજ્ઞાન અને કેવળ દર્શનની પ્રાપ્તિ થઈ ત્યારે ધર્મ દેશના અર્થાત ઉપદેશ આપવાનું ચાલુ કર્યું પરંતુ પ્રભુની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ કારણકે માત્ર દેવોની જ ઉપસ્થિતિ હતી. અવ્રતી હોવાને કારણે કોઈ જીવાત્માએ વ્રત - પચ્ચખાણ અંગીકાર કર્યા નહીં,જેને અભાવિત પરિષદ કહેવાય છે.આ ઘટના જૈન દર્શનમાં આશ્ચર્યકારક ઘટના એટલે કે શાસ્ત્રની પરીભાષામાં અચ્છેરા તરીકે નોંધાણું.

બીજે દિવસે વૈશાખ સુદ અગીયારસના પાવન દિવસે પ્રભુએ ધર્મ દેશના - સદ્બોધ આપ્યો.

પાવાપુરીના પુનિત પ્રાંગણે પ્રભુની વાણીથી પ્રભાવિત થઈ ઈન્દ્રભુતિ આદિ અગિયાર બ્રાહ્મણો પોતાના શિષ્ય પરિવાર સાથે દીક્ષિત થયા.અનેક આત્માઓએ બાર વ્રત અંગીકાર કર્યા. આ જ દિવસે તારક તીર્થંકર પ્રભુએ તીર્થની સ્થાપના કરી એટલે કે સાધુ,સાધ્વી,શ્રાવક અને શ્રાવિકા.

પ્રભુના શાસનમાં ૧૪૦૦૦ શ્રમણો,


૩૬૦૦૦ શ્રમણીઓ,

૧૫૯૦૦૦ શ્રાવકો તથા

૩૧૮૦૦૦ શ્રાવિકાઓ હતી.

પ્રભુ મહાવીરે પોતાની પ્રથમ દેશના શ્રી આચારાંગ સૂત્રમાં ખૂબ સુંદર વાત કરી કે જગતના દરેક જીવો સાથે પોતાના આત્મા સમાન વ્યવહાર રાખવો,જેવી રીતે અનંતા તીર્થંકર ભગવંતો રાખતા હતા.ગૌતમ ગણધર હોય કે ગોશાલક,ચંદન બાળા હોય કે પછી ચંડ કૌશીક સર્પ હોય.

પ્રભુએ ફરમાવ્યુ કે...અર્થાત પ્રત્યેક જીવને સુખ પ્રિય છે. એટલે કે દરેક જીવોને જીવન પ્રિય છે,મરવુ



કોઈને ગમતું નથી.

ગણધર ભગવંતોએ પ્રભુની આગમરૂપી અમૃતવાણીની ગૂંથણી કરી આગમ - શાસ્ત્રો રૂપે આપણા સુધી પહોંચાડી અનંત ઉપકાર કર્યો.

જૈન ધર્મમાં આગમ - શાસ્ત્રોનું અનેરુ સ્થાન છે.

આગમ એ અરિહંત તીર્થંકર પરમાત્માનું પ્રતિનિધિત્વ કરે છે.એટલે જ કહેવાય છે આગમ એટલે જ અરિહંત.

પ્રભુની અનંતી કૃપાથી જ વર્તમાનમાં આપણી પાસે આગમ અને અણગાર,સંતો અને શાસ્ત્રો રૂપી મહામૂલી મોંઘેરી મૂડી છે.

વૈશાખ સુદ અગિયારસના જિન શાસનનો ૨૫૮૨ મો સ્થાપના દિવસ છે તથા ઉપકારી ૧૧ ગણધર ભગવંતોનો દિક્ષા દિવસ પણ છે.પ્રભુ મહાવીર નિર્વાણ પધાર્યા ને ૨૫૫૨ વર્ષ થયા, હજુ પંચમ આરાના ૧૮૪૪૮ વર્ષ આ જિન શાસન ઝગમગતું, ઝળહળતું, વિજયવંતુ, જયવંતુ રહેવાનું છે.

**- સંકલન : મનોજ ડેલીવાળા**

# બરવાળા બાવીશી ગામે ખેતમજૂરે વાડી માલિકના પુત્રની ઘાતકી હત્યા કરી બાઈક લૂંટ્યું

## ટ્રેક્ટર ઉછાળી રીલ્સ બનાવવાના મુદ્દે થયેલી માથાકૂટ હત્યામાં પરિણમી: વડિયા પોલીસે ગુનો નોંધી હત્યારાને દબોચ્યો

**અબતક હર્ષ ઠાકર**
**અમરેલી**

અમરેલી જિલ્લાના વડિયા તાલુકાના બરવાળા બાવીશી ગામે સોશિયલ મીડિયામાં રીલ્સ બનાવવા જેવી મામૂલી બાબતે યુવાને પોતાનો જીવ ગુમાવ્યો છે. વાડીમાં જોખમી રીતે ટ્રેક્ટર ચલાવી રીલ્સ ઉતારતા મજૂરને ઠપકો આપવો વાડી માલિકના પુત્ર માટે જીવલેણ સાબિત થયો હતો. ઉશ્કેરાયેલા મજૂરે પૂર્વ આયોજિત કાવતરું ઘડી યુવાનને રસ્તામાં આંતરી પાઈપ અને પથ્થરના ઘા ઝીંકી ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી હતી. જોકે, અમરેલી એલ.સી.બી.એ બાજ નજર રાખી ગણતરીની કલાકોમાં જ હત્યારાને લૂંટાયેલા બાઈક સાથે ઝડપી લીધો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, બરવાળા બાવીશી ગામના રહેવાસી અશોકભાઈ વાળાનો પુત્ર કણદેવભાઈ (ઉર્ફે કનુભાઈ) રાત્રિના સમયે પોતાની વાડીએ હતો. આ સમયે ત્યાં ખેત મજૂરી કરતો રવિ જેમાભાઈ કરોલીયા મોબાઈલમાં રીલ્સ બનાવવા માટે બેફામ રીતે ટ્રેક્ટર કુદાવી રહ્યો હતો. કણદેવભાઈએ તેને આ રીતે જોખમી કામ ન કરવા અને ખેતીમાં ધ્યાન આપવા બાબતે કડક ઠપકો આપ્યો હતો. આ સામાન્ય વાતથી રવિના મનમાં રોષ ભરાયો હતો અને તેણે કણદેવભાઈને પતાવી દેવાનું નક્કી કર્યું હતું.

કણદેવભાઈ વાડીએથી પોતાનું બાઈક લઈને ઘર તરફ જવા નીકળ્યા, ત્યારે અંધારાનો લાભ લઈને રવિ પાછળથી ધસી આવ્યો હતો. તેણે લોખંડના પાઈપ વડે કણદેવભાઈના માથામાં ઘા મારતા તેઓ નીચે પછડાયા હતા. આરોપીએ "તને આજે પતાવી જ દેવો છે" તેવી ધમકી આપી પથ્થર વડે મોઢાના ભાગે મરણતોલ ઈજાઓ પહોંચાડી હતી. ગંભીર રીતે ઘવાયેલા કણદેવભાઈનું ટૂંકી



સારવાર બાદ મોત નીપજ્યું હતું. પુત્રના મોતના સમાચારથી પિતા પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો.

આ બનાવને લઈ ભાવનગર રેન્જ આઈ.જી.પી. આર.વી. અસારી તથા અમરેલી એસ.પી. સંજય ખરાત દ્વારા તાત્કાલિક તપાસના આદેશો જારી કરવામાં આવ્યા હતા. આ મામલે અમરેલી એલ.સી.બી. , પી.આઈ. સી.પી. વાઘેલાની આગેવાનીમાં અલગ-અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ તેજ કરવામાં આવ્યો હતો. પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સોર્સનો સચોટ ઉપયોગ કરીને હત્યારા રવિ ઉર્ફે જેમાભાઈ કરોલીયાના લોકેશન પર બાજ નજર રાખી હતી. પોલીસની સતર્કતાને કારણે ગણતરીની કલાકોમાં જ આરોપીને યુવાન પાસેથી લૂંટાયેલા અંદાજે ૨૦ હજારની કિંમતના હીરો ડીલક્સ મોટરસાયકલ સાથે દબોચી લેવામાં આવ્યો હતો. આરોપીની ધરપકડ બાદ વડિયા પોલીસે વધુ પૂછપરછ અને કાયદેસરની કાર્યવાહી માટે તેનો કબજો મેળવી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ગુનાખોરીના ગ્રાફમાં ચિંતાજનક ઉછાળો જોવા મળી રહ્યો છે, જેણે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ પેદા કર્યો છે. ચોંકાવનારી વાત એ છે કે, છેલ્લા એક જ અઠવાડિયામાં જિલ્લામાં હત્યાની આ ત્રીજી ઘટના સામે આવી છે. અગાઉ લીલીયા તાલુકાના સનાળીયા ગામે અને ત્યારબાદ રાજુલાના ભાક્ષી ગામમાં બનેલી હત્યાની ઘટનાઓ હજુ તાજી છે, ત્યાં જ વડિયાના બરવાળા બાવીશી ગામે મામૂલી ઠપકા બાબતે થયેલી આ ક્રૂર હત્યાએ પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉભા કર્યા છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીક છે ત્યારે જાહેરમાં હુમલા અને હત્યાના બનાવો વધતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવાની માંગ ઉઠી છે. વડિયા પોલીસે આ મામલે હત્યા અને લૂંટ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

# રાજકોટ:ગુજસીટોકના ગુનાનો કુખ્યાત રમેશ રાણા હદપાર

## મેટોડા જીઆઈડીસી પોલીસે હદપારીના હુકમની બજવણી કરી મૂળ પડધરીના નાની અમરેલીના શખ્સ સામે કાર્યવાહી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના ભાગોળે રોણકીની કરોડોની જમીન પચાવી પાડવા સહિતના ગુનામાં સંડોવાયેલા અને અગાઉ રાજકોટના તાલુકા પોલીસ મથકના ચોપડે ગુજસીટોકના ગુનામા ચડી ચૂકેલો કુખ્યાત રમેશ રાણાને તડીપાર કરી દેવા હુકમ થયો હતો. મેટોડા જીઆઈડીસી પોલીસે હુકમની બજવણી કરી આ શખસને તડીપાર કરી દીધો હતો.

રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વારંવાર ગુના આચરવાની ટેવ ધરાવતા શખસો સામે પાસા અને તડીપારની દરખાસ્ત કરવા સૂચના આપવામાં આવી છે. જેને લઈ ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ મેટોડા જીઆઈડીસી પીઆઈ એમ.જે.પરમારે મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં મહિલાને ડરાવી ધમકાવી ભય ફેલાવવાની અસામાજિક પ્રવૃત્તિ કરનાર કુખ્યાત રમેશ રાણાભાઈ મકવાણા વિરૂધ્ધ હદપારીની દરખાસ્ત તૈયાર કરી નાયબ સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ વિમલર્કિર્તી ચક્રવર્તીને મોકલતા તેમણે આરોપી સામે હદપારનો હુકમ કર્યો હતો. જે હુકમની મેટાડા જીઆઈડીસી પોલીસે બજવણી કરી આરોપી રમેશ રાણાભાઈ મકવાણા(રહે. હાલ કાલાવડ રોડ,નાનામવા આંબેડકનગર રાજકોટ, મૂળ નાની અમરેલી પડધરી) ને હદપાર કરી દેવાયો હતો. આરોપી રમેશ રાણાભાઈ મકવાણા સામે અગાઉ રાજકોટમાં પ્ર.નગર પોલીસ મથકમાં જમીન પચાવી પાડવા સહિતના ગંભીર ગુના નોંધાઈ ચૂકયા છે. આરોપી રમેશ રાણા અને તેના સાથીદારો સામે રાજકોટના તાલુકા પોલીસ મથકમાં ગુજસીટોક હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી હતી. હદપારીના આ હુકમની બજવણીમાં મેટોડા જીઆઈડીસી પોલીસ મથકના પીઆઈ એમ.જે.પરમારની



રાહબરીમાં પીએસઆઈ એન.બી. ઝાલા, એએસઆઈ મયુરસિંહ, હેડ કોન્સ. હિતેશભાઈ, જીતેન્દ્રસિંહ, કુપાલભાઈ, કોન્સ. સુભાષભાઈ, રાજદિપસિંહ, રવુભાઈ સાથે રહ્યા હતાં.

# નવાબંદર: માથાભારે પ્રકાશ ઉર્ફે ડાકુ બાંભણીયા પાસાના પિંજરે પુરાયો

## "ડાકુ ગેંગ"નો સુત્રધારની અટકાયત કરી ભુજ જેલમાં ધકેલાયો

**અબતક, અતુલ કોટેચા,**
**વેરાવળ**

ગીર સોમનાથ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ અને મતદારો નિર્ભય-નિષ્પક્ષ રીતે મતદાન કરી શકે તે સારું જિલ્લા મેજિસ્ટ્રેટ એન.વી. ઉપાધ્યાન દ્વારા અસામાજિક પ્રવૃત્તિ આચરતા ઈસમો વિરૂદ્ધ સખ્ત કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.તાજેતરમાં જ સતત અસામાજિક પ્રવૃત્તિ આચરતો ઈશમ પ્રકાશ ઉર્ફે ડાકુ છગનભાઈ બાંભણીયા (ઉ.વ.૨૮, રહે.સૈયદ રાજપરા) કે જેઓ સહઆરોપીઓ સાથે ટોળી બનાવી નિર્દોષ લોકોને ગાળાગાળી કરી, ગંભીર ઈજા પહોંચાડી અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગુન્હા નવાબંદર પોલિસ સ્ટેશન ખાતે નોંધાયેલા હતા. ગીર સોમનાથ જિલ્લા મેજિસ્ટ્રેટએ



તા.૨૩/૦૪/૨૦૨૬ના રોજ પાસા ધારા તળે અટકાયત કરવા હુકમ કરતા ખાસ જેલ, ભુજ ખાતે મોકલી આપવામાં આવેલ હતો.

# ગોંડલ નજીક એક્ટિવા પુલ નીચે ખાબકતા વૃધ્ધનું મોત

## કેરીની ખરીદી કરી પાટીદળ જઈ ગામે જઈ રહ્યા હતા ત્યારે સર્જાયો અકસ્માત: પટેલ પરિવારમાં શોક

**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોડલનાં ગુંદાળા પાટીદળ વચ્ચે એકટીવા પુલ નીચે ખાબકતા ચાલક વૃધ્ધ નું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતું.વૃધ્ધ ગોંડલ થી કેરી ખરીદી પાટીદડ જઈ રહ્યા હતા.ત્યારે અકસ્માત સર્જાયો હતો.બનાવ નાં પગલે શિવમ સાર્વજનિક ટ્રસ્ટ ની ટીમ એમ્બ્યુલન્સ સાથે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહ ને પીએમ માટે ગોંડલ સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો.પ્રાપ્ત વિગત મુજબ સવારનાં અગીયારનાં સુમારે પાટીદડ રામજી મંદિર પાસે રહેતા વેકરીયા ગોપાલભાઈ ઉકાભાઈ ઉ.૭૦ એકટીવા લઈ ગોંડલ કેરી સહીત ની ખરીદી કરી પાટીદડ જઈ રહ્યા હતા.ત્યારે ગુંદાળા થી પાટીદડ વચ્ચે પેટ્રોલ પંપ નજીક પુલ પરથી પસાર થઈ રહ્યા હતા.ત્યારે અચાનક બેલેન્સ ગુમાવતા એકટીવા સહિત પુલ નીચે ખાબકતા ગંભીર ઈજાઓ ને કારણે ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. અકસ્માત સ્થળે કેરીની બે પેટીઓ વિખરાયેલી નજરે પડતી હતી.

મૃતક ગોપાલભાઈ ખેતીકામ કરતા હતાં. સંતાનમાં બે પુત્રો છે.જે બન્ને પરણિત છે.અકસ્માત ની જાણ પાટીદડ ખાતે પરીવાર ને થતા શોકમગ્ન બન્યો હતો.બનાવ અંગે તાલુકા પોલીસ નાં મયુરસિહ રાણાએ તપાસ હાથ ધરી છે.

# હોડથલી ગામે વકીલ પર સેઢા પાડોશીનો હુમલો

## જમીનમાંથી માટી કાઢવાની ના પાડતા ઉમરાળી ગામનો ઘનશ્યામ હુંબલ ઉશ્કેરાયો, ઢીકા-પાટુનો માર મારી ખુનની ધમકી આપી: આજીડેમ પોલીસ મથકે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ હોડથલી ગામે જમીનમાંથી માટી કાઢવા મામલે સેઢા પાડોશીએ વકીલ પર હુમલો કર્યો હતો. વકીલની માલીકીની જમીનમાંથી માટી કાઢતા ઉમરાળી ગામના શખ્સને અટકાવવા જતાં તેણે ગાળો આપી ઢીકા-પાટુનો માર માર્યો હતો. તેમજ હવે જમીનમાં પ્રવેશ કર્યો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી ઉચ્ચારતા આજીડેમ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે નાનામૌવા રોડ ઉપર સત્યસાંઈ હોસ્પિટલ નજીક ફુલવાડી પાર્કમાં ત્રિનેત્ર-૬૧માં રહેતા ૪૭ વર્ષીય વકીલ વિજયભાઈ રવજીભાઈ તોગડિયાએ આરોપી તરીકે રાજકોટ તાલુકાના ઉમરાળી ગામે રહેતા ઘનશ્યામભાઈ કરશનભાઈ હુંબલનું નામ આપતા જણાવ્યું હતું કે, મારી પત્ની વર્ષાબેનની માલીકી અને કબ્જાની ખેતીની જમીન રાજકોટ તાલુકાના હોડથલી રેવન્યુ સર્વે નં. ૬૨/૧ પૈકી ૨ થી આવેલ છે. અને અમારુ મુળ વતન પણ હોડથલી ગામ જ હોય જેથી અમારા ગામમાં દર વર્ષે બાલવી માતાજીની તીથી હોય તેમાં અમે હાજરી આપવા જતાં હોઈએ છીએ. ગત તા. ૨૨ના રોજ સવારના ૯:૩૦ કલાકે હું તથા મારો પરિવાર હોડથલી ગામ ખાતે ગયા હતાં. ત્યારે ગ્રામજનોએ અમને જાણ કરેલ હતી કે, તમારી જમીનમાં જેસીબી તથા ટ્રેક્ટરથી માટી કાઢવામાં આવી રહી છે. જેથી હું તથા મારી બીજી વાડીના ખેડુત વિનોદભાઈ બચુભાઈ તોગડિયા મારી માલીકીની જમીન જેનો રેવન્યુ સર્વે નં. ૬૨/૧ પૈકી ૨ ખાતે આશરે ૧૧:૩૦ કલાકે પહોંચ્યા હતાં ત્યારે અમારી બાજુમાં આવેલ જમીનના માલીક ઘનશ્યામભાઈ હુંબલની માલીકીની ઉમરાળીના રેવન્યુ સર્વે નં. ૧૯૫ પૈકી ૩ ની જમીન આવેલ હોય તેઓ અમારી જમીનના પાણીના ધોરિયામાંથી જેસીબી તથા ટ્રેક્ટરોની મદદથી તેમની જમીનમાં માટી નાખતા હતાં. જેથી અમે કહેલ કે આ જમીન મારી માલીકીની છે તમે મારી જમીનમાંથી કેમ માટી કાઢો છો તેમ કહેતા જ ઘનશ્યામ હુંબલ એકદમ ઉશ્કેરાય ગયેલ હતો અને મારી સાથે બોલાચાલી કરી ગાળો આપવા લાગેલ હતો. મે ગાળો આપવાની ના પાડતા ઘનશ્યામ હુંબલ મને ઢીકા-પાટુનો માર મારવા લાગેલ હતો અને જો તુ આ જમીનમાં પગ મુકીશ તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપવા લાગેલ હતો. જેથી હું ગભરાઈ જતાં મે ૧૧૨ હેલ્પલાઈનમાં ફોન કરતા તોડી જ વારમાં પોલીસવાન આવી જતાં ઘનશ્યામ હુંબલ જેસીબી તથા ટ્રેક્ટર લઈને નાશી ગયેલ હતો.

મામલામાં વકીલે આજીડેમ પોલીસ મથકે દોડી જઈ સેઢા પાડોશી ઘનશ્યામ કરશનભાઈ હુંબલ વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે બીએનએસની કલમ ૧૧૫ (૨), ૩૫૧ (૩), ૩૫૩ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગરના ગોકુલનગર પાસે યુવકે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

## અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી

**અબતક, રાજકોટ**

જામનગરના ગોકુલનગર સમર્પણ સર્કલ પાસે ૨૬ વર્ષીય આશાસ્પદ યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા ચકચાર મચી ગઈ છે. યુવાનને ગંભીર હાલતમાં સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના નંદાણા ગામના વતની અને હાલ જામનગરના ગોકુલનગર વિસ્તારમાં સમર્પણ સર્કલ પાસે રહીને કન્સ્ટ્રક્શનનું કામ કરતા રાજુ મારખીભાઈ ચાવડા (ઉં.વ. ૨૬) એ ગઈકાલે રાત્રે આશરે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. ઝેરની અસર થતા યુવાન બેભાન જેવી હાલતમાં મળી આવતા તેના મોટાભાઈએ તુરંત જ તેને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલ ખસેડ્યો હતો. જોકે, ત્યાં સ્થિતિ વધુ ગંભીર જણાતા યુવાનને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યો હતો. રાજકોટમાં ચાલુ સારવાર દરમિયાન આજે યુવાને દમ તોડ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક રાજુભાઈ તેના મોટાભાઈ સાથે જામનગરમાં રૂમ રાખીને કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેઓ બે ભાઈ અને એક બહેનમાં મોટા હતા અને હજુ અપરિણિત હતા. તેમનો પરિવાર વતન નંદાણા ગામે રહે છે. ઘટનાની જાણ થતા જ નંદાણા અને જામનગર સ્થિત પરિવારજનોમાં ભારે આક્રંદ છવાઈ ગયું છે. યુવાને કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું તે અંગે પરિવારે અજાણ હોવાનું જણાવ્યું છે. હાલ કયા કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.


# વિંછીયા: અમરાપુર ગામે ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવવાના ગુનામાં આરોપીના જમીન મંજૂર

**અબતક, વિંછીયા**

વીછીયા ના અમરાપુર ગામે ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવવાના ના ગુનામાં આરોપી અજીત રાઠોડે ચાર્જચીટ પહેલા કોર્ટમાં રેગ્યુલર જમીન પર મુક્ત થવા અરજી કરતા સેશન્સ કોર્ટ દ્વારા વકીલોની દલીલો ને પુરવા ધ્યાને લેતા આરોપીના જમીન મંજૂર કર્યા હતા

આ અંગે મળતી માહિતી મુજબ વિંછીયાના અમરાપુર ગામે ડુબ્લિકેટ વિદેશી દારૂની બનાવવા મામલે વિંછીયા પોલીસ સ્ટેશન માં આરોપી અજીત રાઠોડ વિરુદ્ધ ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી વિદેશી દારૂ બનાવવા માલ સપ્લાઈ કરતો આરોપી એ જમીન પર મુક્ત થવા રાજકોટ સેશન્સ કોર્ટ માં વકીલ





મારફતે અરજી કરેલ જેમાં સુનાવણી થતા આરોપી તરફે રોકાયેલ વકીલ દ્વારા દલીલ કરેલ કે આરોપી ને નિર્દોષ છે, ખોટા ગુનામાં સંડોવણી કરેલ છે, એફઆઈઆર માં આરોપી નું નામ નથી, મુદ્દામાલ સાથે ઝડપાયેલ નથી. તેવું ધારદાર દલીલો ધ્યાને લેતા કોર્ટ દ્વારા આરોપી ના રેગ્યુલર જમીન મંજૂર કર્યા હતા આ આરોપી તરફે એડવોકેટ અજયરાજસિંહ ગોહિલ તથા સંજય રામાનુજ રોકાયા હતા

# આદીપુર: નશીલા પદાર્થનો વેપલો કરતો રવિ વડેચા જિલ્લામાંથી હદપાર

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ પોલીસ દ્વારા એન.ડી.પી.એસ. અને પ્રોહીબિશનના ગુના આચરતા તત્વો સામે કડક કાર્યવાહીના ભાગરૂપે આદિપુરના એક શખ્સને હદપાર કરવામાં આવ્યો છે. મુંદરા સર્કલ પાસે રહેતા રવિ મુન્નાભાઈ વડેચા (દેવીપુજક) વિરુદ્ધ આદિપુર પોલીસ ઈન્સ્પેક્ટર એમ.સી. વાળાએ હદપારી દરખાસ્ત ' તૈયાર કરી હતી. જેને અંજાર એસડીએમ દ્વારા મંજૂર રાખી આરોપીને કચ્છ જીલ્લો તથા કચ્છ જીલ્લાને અડીને આવેલ જીલ્લાઓમાંથી બે મહીના માટે હદપાર કરવા હુકમ કરવામાં આવેલ છે. આ કાર્યવાહીથી માથાભારે તત્વોમાં ફફડાટ વ્યાપ્યો છે.

આ કામગીરી આદિપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એમ.સી.વાળા, પો.સ.ઈ આર.એમ.ડુવા સાથે આદિપુર પોલીસ સ્ટાફના માણસો દ્વારા આ સફળ કરવામાં આવેલ છે.




# આદીપુરમાં મકાનમાં આગ લગાડનાર આરોપીને ત્રણ વર્ષની સજા

## જૂની અદાવતમાં ક્રિષ્ના ઉર્ફે કૃણાલ ભીલે મકાનમાં કેરોસીન છાંટી દીવાસળી લગાડી'તી

**અબતક, ભારતી**
**માખીજાણી, ગાંધીધામ**

આદિપુર પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૧માં નોંધાયેલા રહેણાંક મકાનમાં આગ લગાડવાના ગુનામાં ગાંધીધામ સેશન્સ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. અગાઉની અદાવતનું મનદુઃખ રાખી આરોપી ક્રિષ્ના ઉર્ફે કૃણાલ ભીલે ફરિયાદીના મકાનની બારીમાં કેરોસીન છાંટી આગ લગાડી હતી. આ કેસની તપાસ કરનાર પીએસઆઈ બી.વી. ચુડાસમા, પીએસઆઈ એચ.એસ. તિવારી અનેકોપી રાઈટર રાજુભાઈ એન.મકવાણા તથા ભરતભાઈ કાનગડ દ્વારા રજૂ કરેલા મજબૂત પુરાવા અને સરકારી વકીલ એસ.જી. રાણાની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી ચોથા એડિશનલ સેશન્સ જજે આરોપીને કસૂરવાર ઠરાવી ત્રણ વર્ષની



સાદી કેદ અને ૫,૦૦૦ના દંડની સજા ફટકારી છે. દંડ ન ભરે તો વધુ એક માસની સજા ભોગવવી પડશે.

# કોટડાસાંગાણી: પીપલાણા ગામે વાડીમાંથી ૧૪૫૦ લીટર દેશી દારૂ ઝડપાયો, બુટ લેગરની શોધ ખોળ



**અબતક સલીમ પતાણી કોટડા સાંગાણી**

કોટડા સાંગાણીના પીપલાણા ગામે રહેતો અનીશ ઈકબાલભાઈ ભલુર નામના બુટલેગરે તેની વાડીમાં દેશી દારૂનો જથ્થો છુપાવ્યો છે. પોલીસે વાડીમાં દરોડો પાડી રૂ.૨.૯૦ લાખની કિંમતનો ૧૪૫૦ લિટરની દેશી દારૂની ૨૯૦ કોથળી ઝડપી પીપલાણા ના અનીશ ઈકબાલભાઈ ભાલુર નામના બુટલેગરની શોધ ખોળ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગર: પેરોલ જમ્પ કરનાર પાકા કામનો કેદી ઝડપાયો

**અબતક, ધનશ્યામ ભટ્ટી,**
**સુરેન્દ્રનગર**

અમદાવાદ જીલ્લાના વટવા પોલીસ મથકના વર્ષ ૨૦૧૬માં થયેલ હત્યાના બનાવના આરોપીને પોલીસે ઝડપી પાડી અમદાવાદ મધ્યસ્થ જેલ હવાલે કર્યો હતો. પરંતુ જેલમાં સજા ભોગવી રહેલ કેદીએ વચગાળાના જામીન પરથી છુટી ત્યારબાદ પરત જેલ નહી જઈ છેલ્લા ૦૬ વર્ષથી નાસતો ફરતો હતો. જે કેદી સુરેનૂદ્રનગર ખાતે હોવાની બાતમીના આધારે રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની ટીમ દ્વારા શહેરની નૂરેમહંમદી સોસાયટી પાસેથી નાસતા ફરતા કેદી અમનખાન રહીમખાન પઠાણ, રહે. નૂરેમહંમદી સોસાયટી વાળાને ઝડપી લીધો હતો અને આગળની કાર્યવાહી માટે અમદાવાદ મધ્યસ્થ જેલમાં ખાતે સોંપ્યો હતો.



# મોરબી: ૩૦ હજારની ઉઘરાણીના મામલે વેપારીને ધમકી આપનાર બેલડીની આકરી સરભરા !!

## રકમ આપી દીધા છતા કાર લઈને ધસી આવી આચર્યું કૃત્ય: ઘટનાનું રીકન્સ્ટ્રકશન કરાવ્યું



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના વાવડી રોડ પર બેકરી દુકાનદારને પૈસાની લેતીદેતી મુદ્દે દુકાને સ્કોર્પિયો કારમાં આવેલા બે આરોપીઓ દ્વારા ગાળાગાળી કરી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપનાર બે આરોપીઓને પોલીસે ગણતરીની કલાકોમાં ઝડપીને કાયદાનું ભાન કરાવ્યું છે. પોલીસ તંત્રની કામગીરીની પ્રશંસા કરી હતી અને લોકોનો પોલીસ પ્રત્યે વિશ્વાસ વધ્યો હતો.

મોરબીના નાની વાવડી વિસ્તારમાં આવેલ શિવાલય કોમ્પ્લેક્ષમાં કુળદેવી બેકરી ખાતે પૈસાની લેતીદેતીના મુદ્દે બખેડો સર્જાયો હતો. જેમાં ફરિયાદી મયૂરીબેન દિલીપભાઈ રૂપાલા એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા.૨૨/૦૪ના રોજ રાત્રે આરોપી મહેશભાઈ ઉર્ફે લાલાભાઈ સવસેટા સ્કોર્પિયો કાર રજી.નં. જીજે-૩૬-એએલ-૦૦૦૫ લઈ બેકરી પર આવી ગાળાગાળી કરી દુકાન બંધ કરાવવા અને રૂ.૩૦ હજારની ઉઘરાણી માટે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપી દ્વારા માંગવામાં આવેલ રકમ અંગે ફરીયાદીના દીકરા જીતે જણાવ્યું હતું કે તે રકમ તેણે અન્ય મિત્ર પાસેથી લઈ પરત કરી દીધી હતી, છતાં આરોપી મહેશભાઈ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી અને તેના દીકરાને ધમકાવતા હતા. આ દરમિયાન સ્થળ પર ભીડ એકત્ર થઈ હતી. આરોપીએ કારથી ટક્કર પણ મારી હતી.

એ ડિવિઝન પોલીસે બંને આરોપીઓને ગણતરીની કલાકોમાં જ ઝડપી પાડી, કાયદાનું ભાન કરાવવા માટે ઘટનાસ્થળે લઈ જઈ બનાવ અંગેનું રીકન્સ્ટ્રકશન કરાવ્યું હતું.

# મોરબીમાં માર્ગ અકસ્માતના બે બનાવ: બે યુવક ઘાયલ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીમાં અલગ-અલગ સ્થળે બેદરકારીથી વાહન ચલાવી અકસ્માત સર્જવાના બે બનાવો અંગે સીટી એ ડિવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે,

અકસ્માતના પ્રથમ બનાવમાં નાની વાવડી ગામે ધરમનગરમાં રહેતા રાહુલભાઈ ગોપાલભાઈ ચુડાસમા ઉવ.૩૧એ ફરિયાદ નોંધાવી હતી કે તેઓ અને તેમની સાથે કામ કરતા મયુરભાઈ દિલીપભાઈ મિયાત્રા ગઈકાલ તા.૨૩/૦૪ના રોજ મોટરસાયકલ રજી.નં. જીજે-૩૬-એએન-૪૫૪૮ ઉપર રાજકોટ-મોરબી હાઈવે પર ટોયોટાના શોરૂમ સામેની કટમાંથી જતા હતા ત્યારે કારના ચાલકે પુરઝડપે અને બેદરકારીથી ટક્કર મારતા બંને નીચે પડી ગયા હતા. અકસ્માતમાં ફરિયાદી રાહુલભાઈને જમણા પગમાં ફ્રેક્ચર, માથામાં ટાંકા તેમજ હાથમાં ઈજા પહોંચી હતી, જ્યારે મયુરભાઈને હાથની આંગળીમાં ફ્રેક્ચર જેવી ઈજાઓ થઈ હતી.

બીજા બનાવમાં રતનપર ગામ અયોધ્યા સોસાયટી તા.જી.રાજકોટ રહેતા દિવ્યરાજસિંહ પ્રકાશસિંહ ચૂડાસમા ઉવ.૨૫ એ ફરિયાદ નોંધાવી હતી કે તેઓ શનાળા રોડ પર કાર ટ્રેડ સર્ટી નંબર જીજે-૩૬૦૦૦૩૩ ટીસી. લઈને જતા હતા ત્યારે શનક રોડ જીઆઈડીસીના નાકા પાસે સ્પીડ બ્રેકર નજીક ગાડી ધીમી કરતા પાછળથી મહેન્દ્રા બોલેરો મેક્સી ટ્રક રજી.નં. જીજે૦૩-બીવાય-૧૬૪૯ના ચાલકે પોતાનું વાહન સ્પીડમાં ચલાવી આવી બેદરકારીપૂર્વક ટક્કર મારી હતી. અકસ્માતમાં કારના પાછળના ભાગે બંપર અને ડેકીમાં નુકસાન થયું હતું. જે બાદ ટ્રક ચાલક અજરૂદીન ગફારભાઈ જુણાચ રહે. રાજકોટ ભગવતીપરા વાળા હોવાનું સામે આવ્યું હતું.

ત્યારે પોલીસે આરોપી વિરુદ્ધ બીએનએસ તથા એમવી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી: બાળ મજૂરી કરાવતો કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી

## એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે બાળકોને મુક્ત કરાવ્યા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીમાં એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે મહેન્દ્રનગર ચોકડી નજીક રોડ સાઈટ પરથી સગીર બાળ મજૂરને મુક્ત કરાવ્યો છે.

મોરબીમાં બાળ મજૂરી વિરુદ્ધ ચાલી રહેલી ડ્રાઈવ દરમિયાન મોરબી એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટને બાતમી મળી કે, મહેન્દ્રનગર ચોકડી પાસે કંડલા હાઈવે જોડતા રોડ પર દરોડો પાડવામાં આવ્યો હતો. અહીં રોડ બનાવવાના કામ દરમિયાન એક સગીર બાળકીશોરને મોટી મજૂરી કરાવવામાં આવી રહી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, ૧૬ વર્ષીય સગીરને આરોપી કોન્ટ્રાક્ટર ભગવાનસિંહ નારાયણસિંહ ચૌહાણ ઉવ.૩૫ હાલ રહે. મોરબી મારકો વિલેજ સોસાયટી મુળરહે. મહેસાણા વાળા દ્વારા રોજના રૂ.૫૦૦/;લેખે મજૂરીએ કામે રાખવામાં આવ્યો હતો. સગીર પાસેથી સવારે ૮ વાગ્યાથી મોડી રાત સુધી રોડ પર પથ્થરો હટાવવાનું, સફાઈ અને સળીયાંનું કામ લેવાતું હતું. આ સાથે એ.એચ.ટી.યુ.પોલીસ ટીમે સ્થળ પરથી સગીરને મુક્ત કરાવી રેસ્ક્યુ કર્યો હતો અને કોન્ટ્રાક્ટર સામે બી ડિવિઝન પોલીસ મથકમાં બાળ અને તરૂણ (પ્રતિબંધિત) કાયદાની કલમ તથા જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધાવી આગળની કાર્યવાહી સબબ આરોપીને બી ડિવિઝન પોલીસ મથકે સોંપ્યો છે.

# મોરબી: ૨૪ કલાકમાં યુવક સહિત ત્રણના આપઘાત

## લેટીગ્રેસ કારખાનામાં પટકાતા શ્રમિકનું અને હળવદ નજીક કેનાલમાં ડુબી જતા મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી જીલ્લામાં તા.૨૩ એપ્રિલે અલગ અલગ સ્થળોએ પાંચ અપમૃત્યુના બનાવ નોંધાતા ચકચાર મચી છે. આત્મહત્યા અને દુર્ઘટનાઓમાં પાંચ લોકો અકાળે મૃત્યુને ભેટ્યા હતા.

મોરબી શહેરના આલાપ રોડ તિરુપતિ સોસાયટીમાં રહેતા અશ્વીનભાઈ હરખજીભાઈ બોપલિયા ઉવ.૫૦એ પોતાના રહેણાંક મકાને કોઈ અગમ્ય કારણોસર ગળફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

જ્યારે બીજા બનાવમાં સામાકાંઠે સર્કિટ હાઉસ સામે સરસ્વતી સોસાયટીમાં રહેતા મીનાક્ષીબેન સુખદેવભાઈ અઘેરા ઉવ.૫૮એ ગઈકાલે તા.૨૩ ના રોજ વહેલી સવારે પોતાના ઘરે બાથરૂમમાં પોતાના શરીરે જ્વલનશીલ પદાર્થ છાંટી આગ ચાંપી દેતા, શરીરે ગંભીર રીતે દાઝી જતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

અપમૃત્યુના ત્રીજા બનાવમાં મોરબી તાલુકાના જાંબુડિયા ગામની સીમમાં આવેલ લેટીગ્રેસ કારખાનામાં કામ કરતા રમેશભાઈ જીવણભાઈ કુંવરીયા ઉવ.૫૧ રહે. રફાળેશ્વર વાળા ગઈકાલ તા.૨૩ એપ્રિલના રોજ કામ દરમિયાન ઊંચાઈ પરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિરલ ખાતે ખસેડતા, જ્યાં સારવાર દરમ્યાન તેમનું મોત થયું હતું.

હળવદ તાલુકાના મિયાણી ગામના સંજયભાઈ ધુળાભાઈ રંભાણી ઉવ.૩૮ વાળાનું ગત તા.૨૨/૦૪ના રોજ ટીકર રોડ પર ચંડી પેટ્રોલ પંપ પાસે નર્મદા કેનાલમાં પડી જવાથી ડૂબી જતા તેમનું મોત થયું હતું, હાલ હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબી: મુસ્કાન વેલફેર સોસાયટીએ દ્રષ્ટીની સમસ્યાથી પીડાતી બાળકીને સારવાર માટે લીધી દતક

## મુસ્કાન વેલફેર સોસાયટીની સેવા ભાવની સરાહના

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીની અગ્રણી સામાજિક સંસ્થા મુસ્કાન વેલફેર સોસાયટીએ ફરી એકવાર સેવાકીય કાર્ય દ્વારા સમાજમાં સંવેદનાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગરીબ પરિવારની એક બાળકી, જેને વર્ષોથી સ્પષ્ટ રીતે જોવા મુશ્કેલી હતી અને ખાસ કરીને રાત્રે દ્રષ્ટિ સંપૂર્ણપણે અસરગ્રસ્ત બની જતી હતી, તેની મદદ માટે સંસ્થાએ પહેલ કરી હતી. આંખના નિષ્ણાત ડોક્ટર પાસે સારવાર માટે લઈ જઈ જરૂરી તપાસ કરાવી હતી. જ્યાં ઓપરેશન સહિત તમામ ખર્ચ ઉઠાવવાની તૈયારી સંસ્થાએ દર્શાવી હતી, પરંતુ તપાસ બાદ ડોક્ટરે બીમારીનો સંપૂર્ણ ઈલાજ શક્ય નથી, યોગ્ય સારવાર અને દવાઓથી બીમારીને નિયંત્રણમાં રાખી શકાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.

મુસ્કાન વેલફેર સોસાયટીએ તરત જ જરૂરી દવાઓ અને આંખના ડ્રોપ્સ પૂરા પાડ્યા છે અને બાળકીના સ્વાસ્થ્યમાં સુધારો થાય તે માટે દર ત્રણ મહિને નિયમિત સારવાર ચાલુ રાખવાની જવાબદારી પણ લીધી છે. મુસ્કાન વેલફેર સોસાયટીનો આ માનવતાભર્યો પ્રયાસ સમાજ માટે પ્રેરણારૂપ છે,

# મોરબી : છરી વડે હુમલા કેસમાં આરોપીના જામીન મંજૂર

**અબતક, રૂષિ મહેતા, મોરબી**



એડવોકેટ

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ છરી વડે હુમલા કેસમાં આરોપી જાવેદ ઈકબાલભાઈ મોવરના સેશન્સ કોર્ટ દ્વારા શરતી જામીન મંજુર કરવામાં આવ્યા છે, જેમાં આરોપીના વકીલની કાયદાકીય દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીને જામીન પર શરતો સાથે મુક્ત કરવામાં આવ્યો છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા હુમલાના ગુનામાં રણછોડનગર શાંતિવન સરકારી નિશાળ પાસે રહેતા જાવેદ ઈકબાલભાઈ મોવરને પોલીસે અગાઉ અટક કરી અદાલતમાં રજૂ કર્યા હતા અને તેઓ જ્યુડિશિયલ કસ્ટડીમાં જેલ હવાલે હતા. આ દરમિયાન આરોપીએ મોરબી સેશન્સ કોર્ટમાં નિયમિત જામીન અરજી કરી હતી. આરોપીના વકીલ દ્વારા સુપ્રીમ કોર્ટ તથા ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓના આધારે દલીલો રજૂ કરવામાં આવી હતી. દલીલોને ધ્યાનમાં લઈ મોરબીના વિશેષ ન્યાયાધીશ કે.આર. પંડ્યાએ આરોપીને રૂ.૨૫ હજારના જામીન પર શરતોને આધીન મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી તરફથી વકીલ તરીકે મનીષ પી. ઓઝા તથા કુ. મેનાઝ એ. પરમાર રોકાયેલ હતાં.

# મોરબીના ઝીંઝુડા નજીક બાઈક સવાર યુવક પર બેટથી હુમલો

## પાછળથી આવી બેટના ઘા મારી ઈજા પહોંચાડી: બે શખ્સોની શોધખોળ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના ઝીંઝુડા ગામ નજીક બાઈક પર જતા યુવક પર બે અજાણ્યા ઈસમોએ ક્રિકેટ બેટથી હુમલો કરી ઈજા પહોંચાડી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

મળતી વિગતો મુજબ, મોરબીના સોલંકીનગર (ઝીંઝુડા) ખાતે રહેતા અશોકભાઈ લક્ષ્મણભાઈ અખીયાણી ઉવ.૨૨ એ તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, ગઈકાલ તા.૨૩/૦૪ના રોજ તેઓ બપોરના સમયે પોતાના માતાને લેવા માટે મોટરસાયકલ પર ઝીંઝુડા પાસેથી બોદકી તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન પાછળથી આવેલા અજાણ્યા ઈસમોએ ક્રિકેટ બેટ વડે તેમના વાંસા ભાગે ઘા મારતા તેઓ બાઈક સાથે નીચે પડી ગયા હતા. ત્યારબાદ એક આરોપીએ તેમના જમણા હાથ પર બેટ વડે બે ઘા કર્યા હતા, જ્યારે બીજા આરોપીએ બેટ ઉપાડી જમણા પગના ઢીંચણ પાછળ ઘા મારી ઈજા પહોંચાડી હતી. હુમલાખોરોએ ગાળો બોલી ફરીથી આ રોડ પર ન આવવા ધમકી આપીને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ઘટના બાદ ગામના લોકોની મદદથી ઈજાગ્રસ્ત યુવકને ઘરે લઈ ગયા બાદ ૧૦૮ મારફતે મોરબી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

હાલ તાલુકા પોલીસે આરોપી અજાણ્યા બન્ને ઈસમો વિરુદ્ધ બીએનએસ તથા જીપી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી એબીવીપી દ્વારા એલ.ઈ. કોલેજ - હોસ્ટેલમાં પીવાના પાણી માટે મુકાયા 'માટલા'

**અબતક, ઋષિ મહેતા, મોરબી**




મોરબીની એલ.ઈ. કોલેજમાં વિદ્યાર્થીઓને પીવાના પાણી માટેની લાંબા સમયથી સમસ્યા હતી. આ મુદ્દે તા.૦૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ એબીવીપી મોરબીએ કોલેજના આચાર્યને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી, પરંતુ યોગ્ય કાર્યવાહી ન થતા તા.૦૭/૦૪ના રોજ ફરી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. છતાં કોલેજ પ્રશાસન દ્વારા સમસ્યાનું નિવારણ ન લાવતા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ મોરબી નગરના કાર્યકર્તાઓએ એસએફએસ અંતર્ગત એલ.ઈ. કોલેજ કેમ્પસ તેમજ હોસ્ટેલમાં પીવાના પાણીના માટલા મુક્યા હતા. ઉનાળાની ગરમીમાં આ પગલાથી વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો છે. એબીવીપી દ્વારા વિદ્યાર્થીઓ માટે અને તેના હિતમાં આવાં સેવાકીય કાર્યો આગળ પણ કરતા રહેશે.

# ટંકારાના ભૂતકોટડામાં વાડીમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે શ્રમિકની ધરપકડ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

ટંકારાના ભૂતકોટડા ગામ નજીક વાડીની ઓરડીમાંથી વિદેશી દારૂની ૧૩ બોટલ સાથે મધ્યપ્રદેશના ખેત મજૂરને ટંકારા પોલીસે ઝડપી પાડ્યો છે. ટંકારા તાલુકાના ભૂતકોટડા ગામની સીમમાં ભુરાભાઈ ભરવાડની વાડી ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો. રેઈડ દરમિયાન વાડીની ઓરડીમાં તપાસ કરતાં પ્લાસ્ટિકની બેગમાંથી ઈંગ્લિશ દારૂ ગોવા સ્પિરિટ ઓફ સ્મૂથનેસ વ્હિસ્કીની ૧૩ બોટલો કિ.રૂ.૩,૯૦૦/-મળી આવી હતી, જેથી આરોપી રેલસિંગ ઉર્ફે મુકેશભાઈ સેકુભાઈ સિંગાડ ઉવ.૩૮ મૂળ રહે. અલીરાજપુર મધ્યપ્રદેશ હાલ રહે. ભૂતકોટડા તા. ટંકારા વાળાને સ્થળ પરથી જ ઝડપી પાડ્યો હતો. પોલીસે વિદેશી દારૂ તથા મોબાઈલ સહિત કુલ કિ.રૂ.૮,૯૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# વાંકાનેરમાં ચૂંટણી પૂર્વે પોલીસ દ્વારા સઘન ફૂટ પેટ્રોલીંગ સાથે યોજાય ફ્લેગ માર્ચ

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**



ચૂંટણી સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને, અસામાજિક તત્વો પર કાબૂ રહે અને સામાન્ય નાગરિકોમાં સુરક્ષાની ભાવના વધે તે માટે પોલીસ તંત્ર દ્વારા આ આગોતરી કાર્યવાહી કરવામાં આવી છે. વાંકાનેર શહેરના મિલપ્લોપ, નવાપરા સહિત મુખ્ય માર્ગો, બજારો તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસે પગપાળા પેટ્રોલિંગ કર્યું હતું.

આ ફૂટ પેટ્રોલિંગમાં વાંકાનેર ડિવીઝન ડીવાયએસપી સમીર સારડા, સિટી પી.આઈ. વી. એસ. સિંઘવ, પી.એસ.આઈ. મહેશ્વરી સહિત મોટી સંખ્યામાં પોલીસ જવાનો તથા હોમગાર્ડ્સના જવાનો જોડાયા હતા. આ ફૂટ પેટ્રોલિંગ દરમિયાન ઉચ્ચ અધિકારીઓએ સ્થાનિક લોકોને ભયમુક્ત વાતાવરણમાં મતદાન કરવા માટે અપીલ કરી હતી. પોલીસે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરનાર કોઈપણ શખ્સ સામે કડકમાં કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. ફૂટ પેટ્રોલીંગ સામે ફ્લેગમાર્ચ યોજાય હતી.

# સુરેન્દ્રનગર મનપાની ચૂંટણી માટે કંટ્રોલ રૂમ શરૂ કરાયો

## રાઉન્ડ ધ ક્લોક કન્ટ્રોલરૂમ સમગ્ર ચૂંટણી પર રાખશે નજર

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર મહાનગર પાલિકાની સ્થાનિક સ્વરાજયની ચુંટણીને ધ્યાને લઈને વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત વોર્ડ નં. ૬ થી ૯ માટે ચૂંટણીલક્ષી આચારસંહિતા અને અન્ય આનુષાંગિક બાબતોની ફરિયાદો માટે ખાસ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. આ કંટ્રોલ રૂમ બસ સ્ટેન્ડ રોડ પર આવેલ એમ.પી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ખાતે શરૂ કરવામાં આવ્યો છે. જેમાં વહીવટી તંત્ર દ્વારા નક્કી કરેલ રિસીવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આચારસંહિતાના ભંગ અથવા અન્ય કોઈ પણ ફરિયાદો માટે નાગરિકો કંટ્રોલ રૂમના ટેલિફોન નંબર ૦૨૭૫૨-૨૨૨૬૮૪ પર સંપર્ક કરી શકશે. ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક રીતે પૂર્ણ થાય તે માટે વોર્ડના મતદારો, હરીફ ઉમેદવારો અને જાગૃત નાગરિકોને જરૂર જણાયે આ સુવિધાનો ઉપયોગ કરવા જીલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# અમરેલીના પ્રતાપગઢમાં મહિલાઓએ ઓક્સિજન પાર્કમાં કીડિયારૂ પુર્યુ



**અબતક હર્ષઠાકર અમરેલી**

અમરેલી ના લાઠી તાલુકાના પ્રતાપગઢ ગામે પ્રકૃતિ પ્રેમી મહિલાઓએ જીવજંતુઓ માટે ઓક્સિજન પાર્કમાં કીડિયારુ પુર્યું હતું પચાસ મહિલાઓએ અઢીસો શ્રીફળ માંથી કીડિયારુ બનાવી પ્રકૃતિનીસેવા કરી હતી આ સેવા યજ્ઞ માં ઉધોગપતિ ભુપતભાઈ લાઠીયા, સરપંચ રસિકભાઈ રામાણી, ઉપસરપંચ મુકેશભાઈ શેલડીયા, નવીનભાઈ લાડોલા, સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા ગામની મહિલાઓ, વડીલો એ પ્રકૃતિ માટેની આ સેવામાં યોગદાન આપ્યું હતું

# લખતર વારીયા શેરીના નાગરીકો દ્વારા ચૂંટણી બહિષ્કારનું એલાન

## ગ્રામ પંચાયત દ્વારા પ્રાથમિક સુવિધા અપાતી ન હોવાની રાવ સાથે બેનરો લાગતા રાજકારણ ગરમાયું

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**




લખતર શહેરના વારીપા શેરીમાં વર્ષોથી અનેક પરિવારો વસવાટ કરે છે પરંતુ ગ્રામ પંચાયત દ્વારા આ વિસ્તારમાં રોડ, રસ્તા, પાણી, ગટર, સફાઈ સહિતની પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં નહી આવતા સ્થાનિક મહિલાઓ અને રહીશોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

અનેક વખત રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ જ ઉકેલ નહી અંતે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીમાં મતદાન નહી કરી બહિષ્કાર કરવાનો નિર્ણય લેતા તંત્રમાં પણ દોડધામ મચી જવા પામી છે.

સ્થાનિક રહીશોએ શેરીમાં પણ ચુંટણી બહિષ્કાર અંગેના બેનરો લગાવી વિરોધ કરતાં રાજકારણ ગરમાયું છે જયારે લખતર ગ્રામ પંચાયત દ્વારા ચોક્કસ વિસ્તારોમાં જ વિકાસના કામો કરતા હોવાનો અને વારીપા શેરીના રહીશો સાથે ભેદભાવ રાખતા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. આમ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા જ બહિષ્કારની જાહેરાત થતા રાજકીય વર્તુળોમાં પણ હલચલ મચી ગઈ છે.

# કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના રાષ્ટ્રીય મંત્રી તરીકે શંકર ઠક્કરની વરણી

## વર્ષ ૨૦૨૬-૨૮ માટે નવી રાષ્ટ્રીય સમિતિની જાહેરાત: બી.સી. ભારતિયા અધ્યક્ષ અને સાંસદ પ્રવીણ ખંડેલવાલ મહામંત્રી પદે યથાવત

**અબતક કિરીટ રાણપરીયા ઉપલેટા**



દેશના પ્રતિષ્ઠિત વેપારી સંગઠન 'કેટ' ની રાષ્ટ્રીય બેઠકમાં આગામી બે વર્ષ માટે નવા પદાધિકારીઓની સર્વાનુમતિથી પસંદગી કરવામાં આવી છે. જેમાં રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે બી.સી. ભારતિયા અને રાષ્ટ્રીય મહામંત્રી તરીકે સાંસદ પ્રવીણ ખંડેલવાલની નિમણૂક કરવામાં આવી છે. આ સાથે જ મહારાષ્ટ્રના વરિષ્ઠ વેપારી નેતા શંકર ઠક્કરને તેમના પ્રભાવશાળી નેતૃત્વ અને સમર્પણને ધ્યાને રાખી વર્ષ ૨૦૨૬-૨૮ માટે ફરી એકવાર રાષ્ટ્રીય મંત્રી પદની મહત્વની જવાબદારી સોંપાઈ છે.

શંકર ઠક્કર ખાદ્ય તેલ વેપારી મહાસંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ સહિત અનેક સંસ્થાઓમાં સક્રિય છે. પોતાની નિમણૂક બદલ આભાર વ્યક્ત કરતા તેમણે જણાવ્યું હતુ કે, આ જવાબદારી તેમના પાછલા વર્ષોના કાર્યોની સ્વીકૃતિ છે અને તેઓ વેપારીઓના હિતો માટે સંપૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત રહેશે. આ નિમણૂકને વેપારી મહાસંઘના તરુણ જૈન અને અન્ય અગ્રણીઓએ વધાવી લઈ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ઉના: આપ ઉમેદવાર અજય બાંભણીયાની કાર પર ફાયરિંગનો આક્ષેપ : પોલીસે નકાર્યું

## બાઈક પર ધસી આવેલી બુકાનીધારી બેલડીએ ભડાકો કરતા ગોળી કાચમાં વાગી : અજયના હાથમાં ઈજા પહોંચી

## અગાઉ આપ ઉમેદવારે પોલીસને જાનનું જોખમ અને હુમલાની શક્યતા દર્શાવી:તી : છતાં પોલીસે રક્ષણ નહીં આપ્યાંનો આક્ષેપ

### આપ નેતાઓ હોસ્પિટલ ખાતે દોડી ગયા : એસપી જયદીપસિંહ જાડેજા ઘટનાસ્થળે પહોંચ્યા

**અબતક, ઉના**

ગીર સોમનાથના ઉનામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા આપ ઉમેદવાર અજય બાંભણિયાની કાર પર ગત રાતે ફાયરિંગ થયાના આક્ષેપથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. બાઈક પર આવેલ બે અજાણ્યાં શખ્સ આપ ઉમેદવારની કાર પર ગોળીબાર કરી ફરાર થઈ ગયાની ચર્ચા વાયુવેગે ફેલાઈ હતી. હુમલામાં ઘવાયેલા ઉમેદવારને તાત્કાલિક ખાનગી હોસ્પિટલે ખસેડવામાં આવ્યાં હતા. આ મામલે ઉના પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જો કે, પ્રાથમિક દ્રષ્ટિએ ફાયરિંગ થયાનું પોલીસે નકાર્યું હતું.

હાલ સ્થાનિક સ્વરાજની ચૂંટણી માં જીત ના હવાતિયા મારવા દરેક પક્ષ પોતાની એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે ત્યારે તા ૨૬ ના રોજ મતદાન પૂર્વે ઉના નગર પાલિકામાં નવા જૂનીના એંધાણ વર્તાય રહ્યા છે. અને લોહિયાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. ઉના નગર પાલિકામાં સામન્ય ચૂંટણીમાં વોર્ડ નં ૫ અને ૭ ના આપના ઉમેદવાર અજય બાંભણીયા ગઈકાલ રાત્રે પોતાની કાર GJ 32 K1108 લઈને ઉના તરફ જઈ રહ્યા હતા. ત્યારે તપોવનના પાટીયા પાસે બે અજાણ્યા બાઈક પર આવેલ બુકાની ધારી શખ્સોએ સામેથી આવીને ફાયરિંગ કરતા કારની આગળનો કાચ તૂટી ગયો હતો તેવો આક્ષેપ કરવામાં આવ્યો હતો. અજયભાઈ પોતે સમય સૂચકતા દાખવી નીચે નમી જતા હાથના ભાગે ઈજા થતા જીવ બચાવવા કારને પોલીસ સ્ટેશન તરફ લઈ ગયા હતા. બાદ ત્યાં ઢળી પડતા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. પોલીસને જાણ થતા બનાવ સ્થળ અને હોસ્પિટલે પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

પોલીસે પ્રાથમિક તપાસમાં ફાયરિંગની ઘટનાનો ઈનકાર કર્યો હતો અને એફએસએલની ટીમને બોલાવી તપાસ શરૂ કરી છે.



ઘટનાની જાણ થતા એસ.પી. જયદીપસિંહ જાડેજા ઘટના સ્થળે પહોંચ્યા હતા. તેમજ આપના જિલ્લાના અને પ્રદેશના પ્રવીણ રામ, સેજલ ખૂટ સહિતના આગેવાનો હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા.

આગેવાનોએ મીડિયા સમક્ષ જણાવેલ કે, ભાજપ આગેવાનો દ્વારા ધમકી આપી ઉમેદવારી પરત ખેંચવા દબાણ કરાયું હતું પરંતુ ૨૧

### ફાયરિંગ નહીં થયાનું પોલિસ અને એફએસએલની ટીમનું તારણ

ઉમેદવારોએ ફોર્મ પાછા ન ખેંચતા ડરાવવા માટે હુમલો કરવામાં આવ્યો છે તેવો આક્ષેપ કરવામાં આવ્યો હતો. પોલીસ વિભાગને પ્રશ્નો કરેલ કે ચૂંટણી સંદર્ભે હથિયારો જમા કરવામાં આવેલ છે તો હુમલાખોરો પાસેથી હથિયાર ક્યાંથી આવ્યા? તે કાયદેસર છે કે ગેર કાયદેસર છે? તેની તપાસ થાય અને રવિવારે શાંતિપૂર્ણ મતદાન યોજાઈ તે માટે પોલીસ બંદોબસ્ત જળવાય અને તમામ આમ આદમી પાર્ટીના ઉમેદવારને પોલીસ રક્ષણ આપવા વિનંતી કરી હતી. તેમજ અજય બાંભણીયાએ અગાઉ ઉનાના ધારાસભ્ય કાળુ રાઠોડ પર સોશિયલ મીડિયામાં ભ્રષ્ટાચારનો આક્ષેપ કરેલો હતો. તે અંગે પોલીસને જાણ કરેલ કે તેમની જાનનું જોખમ હોય તેમજ ધારાસભ્ય હુમલો કરાવશે અને પોલીસ રક્ષણ માંગેલ હતું. તો પોલીસે કેમ રક્ષણ ન આપ્યું તેવા સવાલો કર્યા હતા.

# તાલાળામાં મકાનમાંથી લીલા ગાંજાનો છોડ ઝડપાયો

## ૧.૦૭ ગ્રામ ગાંજા સાથે અબ્બાસ બ્લોચને એસોજીએ ઝડપી લીધો

**અબતક લીલાધર હરવાણી તાલાળા**

ગીર સોમનાથના તાલાળા ગામે મકાનમાંથી રૂ.૫૦ હજારની કિંમતનો ૧.૦૭ ગ્રામ ગાંજા સાથે તાલાળાનો અબ્બાસ શાહમુરાદ બ્લોચ નામના શખ્સને ગીર સોમનાથ એસ ઓ જીની ટીમે ઝડપી લીધો છે.

ગીર સોમનાથ જિલ્લામાં માદક પદાર્થની હેર ફેર અને વેચાણ સહિતની બીડીને નાબૂદ કરવા જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાએ આપેલી સૂચનાના પગલે એસ ઓ જી ઈન્ચાર્જ પીઈ ડી એમ કાગડાની ટીમ તાલાળા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, તાલાળામાં પીપળવા રોડ પર આવેલી જનતા બેકરી પડે રહેતો અબ્બાસ શાહમુરાદ બ્લોચ નામના શખ્સે તેના મકાનમાં માદક પદાર્થનો જથ્થો છુપાવ્યો છે.

એસ ઓ જી ની ટીમે મકાનમાં દરોડો પાડી રૂ.૫૦ હજારની કમરના ૧.૦૭ ગ્રામ ગાંજાનો લીલા છોડ સાથે અબ્બાસ બ્લોચને ઝડપી લીધો છે. પોલીસે અબ્બાસ ગાંજો કોની પાસેથી લાવ્યો હતો ? વગેરે બાબતની પૂછપરછ હાથ ધરી છે.દરોડાની કામગીરી એસ ઓ જી ઈન્ચાર્જ પીઆઈ ડી એમ કાગડા, આર એચ સુવા, એલસીબી પીઆઈ એચ બી રાજપૂત એસઆઈ જીગ્નેશગીરી અને હેડ કોસ્ટેબલ વિપુલભાઈ સહિતના સ્ટાફે બજાવી છે.



# મણિનગર વિસ્તારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી આદિપુર પોલીસ

**પોલીસે એક વાહન સહિત રૂ.૭૦,૬૫૫નો મુદ્દામાલ જપ્ત કર્યો, બે આરોપી ફરાર**



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

આદિપુર પોલીસ દ્વારા પ્રોહીબીશન વિરોધી અભિયાન હેઠળ મણિનગર વિસ્તારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. ઉચ્ચ અધિકારીઓની સૂચનાને અનુસરીને પેટ્રોલિંગ દરમિયાન મળેલ ચોક્કસ બાતમીના આધારે સર્વેલન્સ સ્ટાફે કાર્યવાહી હાથ ધરી હતી. સ્થળ પરથી દારૂનો જથ્થો અને એક વાહન સહિત ૭૦,૬૫૫ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે, જ્યારે બે આરોપીઓ શ્યામ ગઢવી રહે.મેઘપર તા.અંજાર અને રોહીત હીરજી બારોટ રહે.મણિનગર આદિપુરની શોધખોળ શરૂ કરી છે. સમગ્ર મામલે આદિપુર પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કામગીરી આદિપુર પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એમ.સી. વાળા, પો.સબ ઈન્સ આર.એમ. ડુવા સાહેબ સાથે આદીપુર પો. સ્ટે.ના સર્વેલન્સ પોલીસ સ્ટાફ દ્વારા સફળ કરવામાં આવેલ છે.

# રાજકોટ: સાંઢિયા પુલ પાસે બે બાઈક વચ્ચે અથડાતા યુવાનનું મોત

## ભોમેશ્વરથી ઘરે જતી વખતે જયને નડ્યો અકસ્માત, બાઈકચાલક સામે ગુનો નોંધાયો

**અબતક રાજકોટ**

શહેરના સાંઢિયા પુલ પર થયેલા માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા ૨૨ વર્ષીય યુવાનનું સિવિલ હોસ્પિટલમાં ચાલુ સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. જેમાં પૂરઝડપે આવતા બાઈક ચાલકે યુવાનના બાઈકને અડફેટે લેતા ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું છે.

મળતી માહિતી મુજબ, માધાપર ચોકડી પાસે આવેલા ઉત્સવ એપાર્ટમેન્ટમાં રહેતા નરેશભાઈ વિશ્વકર્માનો ૨૨ વર્ષીય પુત્ર જય ગત ૨૧ એપ્રિલના રોજ રાત્રિના સમયે પોતાનું બાઈક લઈને ભોમેશ્વરથી માધાપર ચોકડી તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન એરપોર્ટ બગીચા પાસે સાંઢીયા પુલના છેડે સામેથી આવતા મોટરસાયકલના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી જયના બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતને પગલે જયને માથાના ભાગે ગંભીર મુંઢ ઈજાઓ અને શરીરે અન્ય ઈજાઓ પહોંચતા તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં પણ લઈ જવામાં આવ્યો હતો. જોકે, સ્થિતિ નાજુક હોવાથી તેને ફરી સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે મૃતક યુવાનના પિતા નરેશભાઈએ અકસ્માત સર્જનાર બાઈક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ભારતીય ન્યાય સહિંતાની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે અકસ્માત સર્જી નાસી છૂટેલા અથવા બેદરકાર વાહન ચાલક સામે કાયદેસરની કાર્યવાહી કરવાના ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃત જય પાનની દુકાનમાં કામ કરતા હતા, પોતે બે ભાઈમાં મોટા અને અપરણીત હતા. ૨૧ વર્ષીય પુત્રના અકાળે મોતથી વિશ્વકર્મા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# વાંકાનેરમાં જેલમાંથી છૂટ્યા બાદ પતિએ ફોન ન કરતા પત્નીએ ફિનાઈલ પીધું

## નોઘણ ચોરામાં માનસિક બીમારીથી કંટાળી મહિલાએ દવાની ટીકડીઓ ખાધી

**અબતક, રાજકોટ**

આપઘાતના પ્રયાસના બે અલગ-અલગ કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. જેમાં વાંકાનેર અને કોટડા સાંગાણી પંથકની બે પરણીતાઓએ ઝેરી દવા અને ટીકડીઓ ખાઈ લેતા તેમને ગંભીર હાલતમાં રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે.પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકામાં રહેતા રીનાબેન મોસીનભાઈ સાદમદાર(ઉં ૨૦) એ ગઈકાલે પોતાના પિતાના ઘરે ફિનાઇલ ગટગટાવી લીધું હતું. પરિવારજનો તેમને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ લાવ્યા હતા. પ્રાથમિક વિગતો મુજબ, રીનાબેનના પતિ મોસીનભાઈ (વ્યવસાયે રિક્ષાચાલક) છેલ્લા ૫ મહિનાથી કોઈ ગુનામાં જેલમાં હતા, જેથી રીનાબેન પિયરમાં રહેતા હતા. ૪ દિવસ પહેલા તેમના પતિ જેલમાંથી મુક્ત થયા હોવા છતાં તેમણે પત્નીને ફોન કરીને જાણ ન કરતા, રીનાબેનને મનમાં લાગી આવ્યું હતું અને આ પગલું ભર્યું હતું.

બીજા બનાવમાં કોટડા સાંગાણી તાલુકાના નોઘણ ચોરા ગામમાં રહેતા ૩૪ વર્ષીય નયનાબેન પ્રશાંતભાઈ ખીમસૂરિયા એ ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરે માનસિક બીમારીની વધુ પડતી ટીકડીઓ ખાઈ લીધી હતી. તબિયત લથડતા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે નયનાબેનના પતિ કારખાનામાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે અને તેમને સંતાનમાં એક દીકરો છે. પ્રાથમિક તપાસમાં નયનાબેને બીમારીના કારણે કંટાળીને આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. બંને કિસ્સાઓમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જરૂરી નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ગીરગઢડા: ચાલુ ટ્રેક્ટર પટકાયેલા ચાલક પર વ્હીલ ફરી વળતા મોત

**અબતક, ઉના**

ગીર ગઢડા તાલુકા ના ઉટવાયા ગામ ના ટ્રેક્ટર ચાલક સંદીપ ભાઈ હરેશ ભાઈ મકવાણા પોતાના કબજા વાળું ટ્રેક્ટર નંબર GJ 32 A A 8646 ટ્રોલી સાથે આજે સવારે ખિલાવડ ગામ થી માટી ભરી ને આવતો હતો ત્યારે વડવિયાળા ગામ પાસે રોડ વચ્ચે એક પથ્થર સાથે ટ્રેક્ટર અથડાતા જોરદાર ઝટકો લાગેલ અને સ્ટેરીંગ સીટ ઉપર થી ઉછળી રોડ ઉપર પટકાતા પાછળ ની ટ્રોલી ના વિહિલ નીચે આવી ચીપાઇ જતા ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત થયું હતું. લોકો ને જાણ થતા લોકો ઘટના સ્થળે ટોળે ટોળા આવી ગયા હતા અને ગીર ગઢડા પોલિસ ને જાણ કરતા પોલીસ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી અને મૃતક ને પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# બાબરા: અંધશ્રદ્ધામાં ફસાવી ૧૫ લાખની વધુની મતા ઉસેડી જનાર બિજલ ભડા સુરતથી ઝડપાયો

## વિકલાંગ બાળકને સાજો કરી દેવા માતાજીની બાધા પૂરી કરવાના ખર્ચ પેટે લાખોનો રોકડ પાડવી લીધી

**અબતક અપ્પુ જોષી બાબરા**

બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદ મુજબ રોકડ, સોનાનો ચેઈન સહિત રૂ ૧૫ લાખની વધુ છેતરપિંડીના ગુનામાં વોન્ટેડ મુખ્ય આરોપી ને સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ ઝડપી પાડી ને બાબરા પોલીસ ને સોંપેલ હતો

આ અંગે મળતી માહિતી મુજબ સ્થાનિક અમરેલીના બાબરા પોલીસ સ્ટેશનના ગુનો નોંધાયેલ કે ફરિયાદી ના પુત્ર માનસિક, શારીરિક વિકલાંગ હોય જેનો લાભ ઉઠાવી ને આરોપી માતાજી ની બાધા રાખવાની શ્રદ્ધાનો ફાયદો ઉઠાવી ફરિયાદી પાસે થી ૭૦૦૦૦ રોકડા, સોનાનો દાગીના અને રોકડ સહિત ૧૫,૧૬,૦૦૦ ની છેતરપિંડી થયેલ ના ગુનામાં વોન્ટેડ મુખ્ય આરોપી ની સુરત ક્રાઈમ બ્રાન્ચ ને ટીમને મળેલી બાતમી આધારે અશ્વિનકુમાર સોસાયટી વિભાગ બે નજીકથી વિસાવદર તાલુકાના રામપરા ગામે રહેતો આરોપી બીજલ આલસુર ભડા ને દબોચી લીધો હતો અને વધુ કાર્યવાહી કરવા બાબરા પોલીસે ને સોંપેલ હતો.



આરોપીના સગાનો રામપરા ગીર ખાતે આશ્રમ હોય અને ધાર્મિક પ્રવૃત્તિઓ અંગે વાતચીત તો કરી ચમત્કારિક વાતો કરી લોકોને આશ્ચર્ય ચિકિત કરવાની મોસ્ટ ઓપરેનૂડી ધરાવે છે બીમારીઓ કે દુઃખ દૂર કરી માતાજીની બાધાઓ શ્રદ્ધા માનતા રાખવા સોનાનો દોરો બનાવી આપવા અને માતાજીને સમર્પિત કરવા ની વાતો કરી છેતરપિંડી આચરતો હતી .

# જામકંડોરણામાં પીજીવીસીએલની ચાલુ લાઈનમાંથી વાયર ચોરતી ટોળકી ઝબ્બે

## વિજપ્રવાહ જંપર વડે બંધ કરતા, કટર વડે એલ્યુમિનિયમ વાયર કાપી બોલેરોમાં ભરી દેતાં : કીયા કારમાં પાયલોટીંગ કરી ચોરીનો માલ બાબરા લઈ જતાં

## રાજસ્થાની ગેંગ ચોરીને અંજામ આપતી અને બાબરાના શખ્સો ચોરાઉ માલ ખરીદતા

**અબતક, રાજકોટ**

જામકંડોરણા પંથકમાં પીજીવીસીએલની ચાલુ લાઈનમાંથી વાયર કાપી ચોરી કરતી ગેંગને રૂરલ એલસીબીની ટીમે પકડી પાડી રૂ.૧૫.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.ચાલુ વીજપ્રવાહ જંપર વડે બંધ કરી એલ્યુમીનીયમના વાયરો કટર વડે કાપી બોલેરોમાં ભરી કીયા કાર વડે પાયલોટીંગ કરી ચોરી કરેલ મુદ્દામાલ બાબરા પહોંચતો હતો.રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લાના વણશોધાયેલ ચોરીના ગુન્હાઓ શોધી કાઢવાની આપેલ સુચનાથી રૂરલ એલસીબી પીઆઈ વિ. વી.ઓડેદરાની રાહબરીમાં ટીમ તપાસમાં હતી ત્યારે જામકંડોરણા પોલીસ મથક વિસ્તારમા અલગ-અલગ દિવસોએ જીઈબીના ચાલુ વીજપ્રવાહ જંપર વડે બંધ કરી

### વિરપુરની સીમમાં ચોરી કરી મુદામાલ લઈને જતી ગેંગને રૂરલ એલસીબી ટીમે દબોચી લીધી : ત્રણ ગુનાનો ભેદ ઉકેલાયો

એલ્યુમીનીયમના વાયરો કટર વડે કાપી તેમના ગોળ ફીંડલા વાળી બોલેરો વાહનમા ભરી કીયા કાર વડે પાયલોટીંગ કરી ચોરી કરેલ મુદામાલ બાબરા ગામ ખાતે લઈ ગયેલ હોય તેમજ ગઈકાલે જ વીરપુર પોલીસ મથક વિસ્તારમાં જી.ઈ.બી.ના ચાલુ વીજ પ્રવાહ જંપર વડે બંધ કરી એલ્યુમીનીયમના વાયરો કટર વડે કાપી તેમના ગોળ ફીંડલા વાળી બોલેરો વાહનમાં ભરી કીયા કાર વડે પાયલોટીંગ કરી ચોરી કરી લઈ જતા હોય તે દરમ્યાન ચોરીના મુદામાલ સાથે કાગવડ ગામના પાટીયા પાસેથી વિજ વાયર ચોરતી ગેંગને પકડી પાડવામાં આવેલ હતી.

જેમાં પકડાયેલ આરોપીઓમાં પ્રતાપસિંહ પુનમસિંહ ચૌહાણ (રહે. નાઈકલાં, બ્યાવર, હાલ રહે. નાગબાઈની ધાર પાસે જામકડોરણા), ગોપાલસિંહ લક્ષ્મણસિંહ રાવત (રહે, બડ કોદચરા બ્યાવર, હાલ રહે. નાગબાઈની ધાર પાસે જામકડોરણા), ભગવાનસિંહ ગોપાલસિંહ ચૌહાણ, (રહે. નાઈકલા, બ્યાવર, હાલ રહે. નાઈબાઈની ધાર પાસે જામકડોરણા), ) શોભાગસિંહ નવલસિંહ રાવત (રહે. નાઈકલા, બ્યાવર, હાલ રહે. નાગબાઈની ધાર પાસે જામકડોરણા), સાજીદ લતીફ પારેખ (રહે. લાઠી સેતા પાટી,અમરેલી) અને



નીસાર ઉર્ફે ટીનો ઓસમાણ સેતા (ઉ.વ.૩૫, રહે.લાઠી પાણીના ટાંકા પાસે અમરેલી) નો સમાવેશ થાય છે. જ્યારે બાબરાનો સરફરાજ કટારીયા, બાબરા અમરાપર ગામનો મુસ્તાક ઈસા ઘાચી અને હાલ હરિયાસણ રહેતો મૂળ રાજસ્થાની ગોપાલસિંહ મોહનસિંહ સુરાડીયા પોલીસ પકડથી દૂર રહેતાં તેની શોધખોળ હાથ ધરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, ગઈ તા. ૧૦ ના જામકંડોરણાના રામપર ગામના પાટીયા નજીકથી પી.જી.વી.સી.એલ.ના થાભલા ઉપરથી એલ્યુમીનીયમના વાયર કાપી ચોરી કરેલ જે ચોરી પ્રતાપસિંહ ચૌહાણ, ભગવાનસિંહ ચૌહાણ તથા ગોપાલસિંહએ ભેગા મળીને કરેલ અને વાયર ભરવા વેંચાણથી લેવા માટે સાજીદ પારેખ અને સરફરાજએ લઈ જઈ બાબરાના મુસ્તાક ચોટલીયાને વેંચી નાખેલ જે રૂપીયા આવેલ તેમાંથી ભાગ પાડેલ હતો.

જ્યારે ગઈ તા.૧૫ ના જામકંડોરણાના આંચવડથી હરીયાસણ તરફ સીમમાં પી.જી.વી.સી.એલ.ના થાભલા ઉપરથી એલ્યુમીનીયમના વાયર કાપી ચોરી કરેલ જે ચોરી પ્રતાપસિંહ ચૌહાણ, ભગવાનસિંહ ચૌહાણ તથા ગોપાલસિંહએ ભેગા મળીને કરેલ અને વાયર ભરવા વેંચાણથી લેવા માટે સાજીદ પારેખ, સરફરાજએ લઈ જઈ બાબરાના મુસ્તાક ચોટલીયાને વેંચી નાખેલ તેમજ વિરપુર પોલીસ મથકના થોરાળા ગામની સીમ વિસ્તારમાં પી.જી.વી.સી.એલ.ના થાભલા ઉપરથી એલ્યુમીનીયમના વાયર કાપી ચોરી કરેલ જે વાયર વેંચાણથી લેવા માટે સાજીદ પારેખ, નાશીર ઉર્ફે ટીનો મુદામાલ સાથે પકડાય ગયેલ હતાં. પોલીસે હાલ રોકડા રૂ.૧.૧૪ લાખ, એલ્યુમિનિયમ વાયર ૩૨૦ કિલો રૂ.૧.૬૩ લાખ, કિયા અને બોલેરો કાર સહિત કુલ રૂ.૧૫.૨૭ લાખનો મુદામાલ કબ્જે કરી ફરાર શખ્સોની શોધખોળ આદરી હતી. જે અંગેની કામગીરી રૂરલ એલસીબી પીઆઈ વી.વી ઓડેદરાની રાહબરીમાં પીએસઆઈ કે.એમ.ચાવડા , એચ.સી.ગોહીલ અને આર.વી. ભીમાણી તથા ટીમે કરેલ હતી.

### કુવા ગાળવા આવેલી રાજસ્થાની ગેંગ ચોરીના રવાડે ચડી

જામકંડોરણા પંથકમાં વીજ વાયરની ચોરી કરતી ગેંગમાં મામલે પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, વીજ વાયરની ચોરી કરતા રાજસ્થાની શખ્સો એક વર્ષ પહેલા જામકંડોરણા પંથકમાં આવ્યા હતા અને તેઓ કુવા ગાળવા માટેનું મજૂરી કામ કરતા હતા. જે દરમિયાન થોડા સમય પહેલા જ હળવદ ખાતે તેઓને બાબરા પંથકની ટોળકી સાથે મુલાકાત થઈ હતી અને ચોરીનો પ્લાન ઘડાયો હતો. જેમાં ચોરી કરેલ વિજ વાયરની ખરીદી માટે બાબરા પંથકની ટોળકી તૈયાર થઈ હતી. જે બાદ તેઓએ જામકંડોરણા પંથકમાં બે ચોરીને અંજામ આપ્યા હતા. જેથી તુરંત જ સક્રિય થયેલ એલસીબીની ટીમે વીરપુર પંથકમાંથી ચોરી કરી ટોળકી નાસી છૂટે તે પહેલા જ તેમને પકડી દઈ ગેંગને ઉગતી જ ડામી દીધી હતી.

**રોકડ, એલ્યુમિનિયમ વાયર, બે કાર સહિત રૂ.૧૫.૨૭ લાખનો મુદ્દામાલ જપ્ત: પીઆઈ વિ.વી.ઓડેદરા અને ટીમનો સપાટો, ત્રણ શખ્સોની શોધખોળ**

# રાજકોટ: મહાપાલિકા, તાલુકા, જિલ્લા પંચાયતની ચૂંટણીલક્ષી તૈયારીઓ પૂર્ણ: કલેક્ટર ડો. ઓમપ્રકાશ

## જિલ્લામાં તમામ ઈ.વી.એમ. મતદાન માટે તૈયાર કરી સ્ટ્રોંગરૂમમાં સીલ કરી દેવાયા: ગરમીને ધ્યાનમાં રાખતાં છાંયડો, પાણી, ઓ.આર.એસ. પ્રાથમિક સારવારની સુવિધા રાખવા ચૂંટણી અધિકારીઓને સૂચના

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા, ગોંડલ નગરપાલિકા, તાલુકા તથા જિલ્લા પંચાયતની ચૂંટણી માટે કરાયેલી તૈયારીઓની માહિતી અંગે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ઓમ પ્રકાશે આજે પત્રકારોને સંબોધન કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગર પાલિકાના ૧૮ વોર્ડમાં ૨૩૬ ઉમેદવારોની યાદી આખરી થઈ છે. મહાનગરમાં ૫,૧૦,૦૮૬ પુરુષ મતદારો. ૪,૭૫,૮૪૮ મહિલા મતદારો તથા ૧૮ થર્ડ જેન્ડર મળીને ૯,૮૫,૯૫૨ મતદારો છે. ૧૦૧૪ મતદાન મથકો પર ૮૯૪૮ પોલિંગ સ્ટાફ મુકવામાં આવ્યો છે. ચૂંટણીમાં ૨૩૨૬ બેલેટ યુનિટ તથા ૧૧૬૩ કંટ્રોલ યુનિટનો ઉપયોગ કરાશે. ચૂંટણી અધિકારી તરીકે ક્લાસ વન કક્ષાના છ અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે ક્લાસ ટુ કક્ષાના છ અધિકારી મુકાયા છે. મહાનગર પાલિકા ક્ષેત્રમાં ૧૫૧ પોસ્ટલ બેલેટ યુનિટ છે, કુલ મળીને ૧૪૮૦ કર્મચારીઓ પોસ્ટલ બેલેટનો ઉપયોગ કરશે.

મહાનગરમાં ૫૦૬ સંવેદનશીલ અને આઠ અતિ સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરાયા છે. ચૂંટણી પ્રક્રિયા માટે ૪૨૫ જેટલા વાહનોનું રિક્વિઝિશન કરવામાં આવ્યું છે.

જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો માટે ૧૦૯ ઉમેદવારો વચ્ચે ચૂંટણી થશે. જ્યારે તાલુકા પંચાયતની ૨૦૨ બેઠકો માટે ૫૯૫ ઉમેદવારો વચ્ચે ચૂંટણી થશે. આ બંને ચૂંટણી માટે કુલ ૧૧૮૬ મતદાન બૂથ નક્કી કરાયા છે તથા ૮૪૮૦ પોલિંગ સ્ટાફ નિયુક્ત કરાયો છે. ૧૧૮૬ બૂથોમાંથી ૧૭૯ અતિ સંવેદનશીલ અને ૨૮૩ સંવેદનશીલ મતદાન મથકો જાહેર કરવામાં આવ્યા છે. આ ચૂંટણીમાં ૫,૦૧,૬૮૩ પુરુષ મતદારો તથા ૪,૫૪,૮૯૦ મહિલા મતદારો તથા બે અન્ય મળીને કુલ ૯,૫૬,૫૭૫ મતદારો નોંધાયા છે. આ ચૂંટણીમાં ૨૬૭૫ બેલેટ યુનિટ તથા એટલા જ કંટ્રોલ યુનિટનો ઉપયોગ થશે. ચૂંટણી માટે ચૂંટણી અધિકારી તરીકે આઠ ક્લાસ-૧ અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે ૨૨ ક્લાસ-૨ અધિકારી નિયુક્ત કરાયા છે.

તાલુકા પંચાયતની ચાર બેઠક બિનહરીફ થઈ છે, ૦૭-ગઢડા, ૦૪-દાળીયા, ૧૧-મેવાસા તથા ૦૧-ભાદાજાળીયાનો સમાવેશ થાય છે. તા.પં., જિ.પં.માં ૪૦૩ સર્વિસ વોટર્સ તથા ચૂંટણી ફરજના ૧૯૬૧ સ્ટાફ પોસ્ટલ બેલેટનો ઉપયોગ કરશે. ગોંડલ નગરપાલિકામાં ૧૧ વોર્ડમાં કુલ ૪૪ બેઠકો છે. જેમાં ૨૦ બેઠકો બિનહરીફ થઈ છે. ૨૪ બેઠકો પર ૪૬ ઉમેદવારો વચ્ચે ચૂંટણી થશે. નગરપાલિકામાં કુલ ૪૨,૨૩૫ પુરુષ મતદારો તથા ૩૯,૨૩૦ મહિલા મતદારો તેમજ છ અન્ય મળીને ૮૧,૪૭૧ મતદારો છે. કુલ ૫૮ બૂથ પર મતદાનની કામગીરી થશે. આ માટે ૧૭૦૨ સ્ટાફની નિયુક્તિ કરાઈ છે. ચૂંટણી માટે ૨૨૬ બી.યુ. અને ૧૧૩ સી.યુ.નો ઉપયોગ થશે.

ચૂંટણી પ્રક્રિયાના સંચાલન માટે ચૂંટણી અધિકારી તરીકે બે ક્લાસ-૧ ઓફિસર તથા મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે બે ક્લાસ-૨ ઓફિસર નિયુક્ત કરાયા છે.

પાલિકામાં વોર્ડ ૦૧, ૦૬, ૦૯ તથા ૧૧ તમામ બેઠકો બિનહરીફ થઈ છે, જ્યારે વોર્ડ-૦૨માં ૦૧ બેઠક, વોર્ડ-૦૭માં બે બેઠક, વોર્ડ-૧૦માં ૦૧ બેઠક બિનહરીફ થઈ છે. ૩૧ સર્વિસ વોટર્સ તથા ૧૪૫ ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ પોસ્ટલ બેલેટનો ઉપયોગ કરશે. રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં આદર્શ આચાર સંહિતાને લઈને અમુક ફરિયાદો આવી હતી જેમાં તાલુકા પંચાયતની બે ફરિયાદો નોંધાઈ છે. રાજકોટ મહાનગરપાલિકામાં એક સામાન્ય અને આઠ આચાર સંહિતાની કુલ નવ ફરિયાદ નોંધાઈ છે. ગોંડલ નગરપાલિકામાં એક આચાર સંહિતાની ફરિયાદ નોંધાઈ છે. તેના પર પગલાં લઈને રાજ્ય ચૂંટણી પંચને રિપોર્ટ કરી દેવાયો છે.

રાજકોટ મહાનગર, તાલુકા, જિલ્લા પંચાયતમાં કુલ કુલ ૨૨૫૫ મતદાન મતકો છે. જેમાંથી ૮૧૪ સંવેદનશીલ મતદાન મથકો અને ૧૯૫ અતિ સંવેદનશીલ મતદાન મથકો છે.

તમામ મતદાન મથકોની ૧૦૦ ભૌતિક ચકાસણી કરવામાં આવી છે. કોઈ પણ મતદાન મથક જ્યારે મતદાર મત આપવા જાય ત્યારે તેને કોઈ અગવડ ન થાય તે માટે તમામ પોલિંગ સ્ટાફની બે તાલીમ થઈ ગઈ છે અને ડિસ્પેચિંગ વખતે ત્રીજી તાલીમ કરવામાં આવશે.ગરમીને ધ્યાનમાં રાખતા મહાનગરપાલિકા, નગર પાલિકા તેમજ તાલુકા, જિલ્લા પંચાયતમાં તમામ મતદાન મતકો ઉપર પાણી, છાંયડો, વીજળી, પ્રાથમિક સારવાર કીટ, ફર્નિચર રેમ્પ સહિતની સુવિધાઓ રાખવા માટે તમામ ચૂંટણી અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. ખાસ કરીને ગરમીમાં છાંયડાની વ્યવસ્થા માટે તમામ સંબંધિત અધિકારીઓને ખાસ સૂચના આપવામાં આવી છે. ઉપરાંત પીવાના પાણીની અને ઓ.આર.એસ. કીટ તેમજ પ્રાથમિક સારવારની વ્યવસ્થા પણ રાખવા માટે સૂચના આપવામાં આવી છે. જિલ્લામાં તમામ ઈ.વી.એમ. મતદાન માટે તૈયાર થઈ ગયા છે અને સ્ટ્રોંગરૂમમાં સીલ કરી દેવામાં આવ્યા છે.

### રાજકોટ મહાનગર, તાલુકા, જિલ્લા પંચાયત માટે ચૂંટણી અધિકારી-મદદનીશ ચૂંટણી અધિકારીની નિયુક્તિ

રાજકોટ જિલ્લામાં આગામી મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ-૨૦૨૬ના સુચારુ સંચાલન માટે વોર્ડ અને મતદાર મંડળ દીઠ ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ઓમ પ્રકાશે આજે પત્રકારોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરમાં વોર્ડ નં. ૧-૨-૩માં આર.ઓ. તરીકે એચ.કે. આચાર્ય (નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી) તથા એ.આર.ઓ. તરીકે નીલેશ પી. અજમેરા (મામલતદાર, રાજકોટ પૂર્વ), વોર્ડ ૪-૫-૬માં આર.ઓ. પી. એચ. ગલ્ચર (નાયબ જિલ્લા વિકાસ અધિકારી) તથા એ.આર.ઓ. રાજેન્દ્રકુમાર કે. સરવૈયા (મામલતદાર, રાજકોટ દક્ષિણ), વોર્ડ ૭-૮-૯માં આર.ઓ. એ. એસ. ઝાપડા (જિલ્લા પુરવઠા અધિકારી), એ.આર.ઓ. અતુલ આર. દેવાંગડા (સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ-૨), વોર્ડ ૧૦-૧૧-૧૨માં આર.ઓ. જે. કે. જોગરાણા (નાયબ નિયામક, જમીન દફતર) તથા એ.આર.ઓ. ભુવા (સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ-૩), વોર્ડ ૧૩-૧૪-૧૫માં આર.ઓ. ડો. ચાંદની પરમાર (પ્રાંત અધિકારી, રાજકોટ-૧) તથા એ.આર.ઓ. એન. પી. પંડ્યા (સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ-૧), વોર્ડ ૧૬-૧૭-૧૮માં આર.ઓ. સિદ્ધાર્થ ગઢવી (નાયબ કલેક્ટર, રૂડા) તથા એ.આર.ઓ. મામલતદાર (પશ્ચિમ), રાજકોટ નિયુક્ત કરાયા છે.



### જિલ્લામાં બે દિવસ ડ્રાય ડે જાહેર

રાજ્યમાં આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન શાંતિ જળવાઈ રહે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાય તે હેતુથી રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા બે દિવસ માટે 'ડ્રાય ડે' જાહેર કરવામાં આવ્યો છે.ચૂંટણી પંચના નિયમો અનુસાર, મતદાનના ૪૮ કલાક પહેલાથી જ દારૂના વેચાણ પર પ્રતિબંધ લાદવામાં આવે છે. ૨૪ એપ્રિલ સાંજથી પ્રચાર પડઘમ શાંત થવાની સાથે જ દારૂબંધીનો ચુસ્ત અમલ શરૂ થશે.૨૬ એપ્રિલ સુધી મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સમગ્ર જિલ્લામાં દારૂના વેચાણ અને હેરફેર પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

# જામનગર : વિદેશ મોકલવાની લાલચ આપી લાખો રૂપિયાની છેતરપીંડી

### ખંભાળિયાના બે યુવાનોની સવા લાખ મેળવી આરોપી રફૂચક્કર: પોરબંદર પંથકના યુવાનોના નાણા ફસાયા

**અબતક, જામનગર**

જામનગર શહેરમાં વિદેશ મોકલવાની લાલચ આપી નાગરિકો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કર્યાનો બનાવ સામે આવ્યો છે. ખંભાળિયા ના બે યુવાનોના સવા લાખ રૂપિયા પડાવી લીધા નું જાહેર થયું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, આરોપી રાજેન્દ્ર મુળુભાઈ રાજગોર (રહે. મયુર સોસાયટી, એરપોર્ટ પાસે, જામનગર) એ પોતે નાગરિકોને વિદેશ મોકલી આપવા માટેનો એજન્ટ છે, તેવી ઓળખાણ આપી હતી ,અને ખંભાળિયા ના રહેવાસી ગજેન્દ્ર ખીમનાથ નામના ૩૫ વર્ષના બાવાજી યુવાનને કામ માટે ઈઝરાયેલ મોકલવા માટેનો જાસો આપીને તેની પાસેથી ૯૫ હજાર રૂપિયા પડાવી લીધા હતા.

જોકે આ રકમ ઓનલાઈન ટ્રાન્જેક્શન મારફતે આપવામાં આવી હતી. ત્યારબાદ તેના મિત્ર ખંભાળિયાના પ્રવીણભાઈ મકવાણા નામના અન્ય એક યુવાને પણ વિદેશ જવા માટે ૨૯,૫૦૦ ની રકમ આપી હતી. જે બંનેની કુલ ૧,૨૪,૫૦૦ ની રકમ મેળવી લીધા બાદ જામનગર નો એજન્ટ રાજેન્દ્ર રાજગોર, કે જે પોતાના મોબાઈલ ફોન બંધ કરીને રફુચક્કર થઈ ગયો હતો.

ગત જાન્યુઆરી માસમાં બંને યુવાનોએ આ રકમ આપી હતી, ત્યારબાદ તેનો સંપર્ક નહીં થતાં આખરે બંને યુવાનોએ જામનગરના સીટી સી. ડિવિઝન પોલીસમાં અરજી કરી હતી, પરંતુ અરજી માટે ન્યાય મળ્યો ન હોવાથી આખરે આ મામલાને રાજકોટના આઈજીપી સમક્ષ લઈ જવામાં આવ્યો હતો, અને ત્યાં પોતાની ફરિયાદ અંગે રજુઆત કરતાં તાત્કાલિક અસરથી આ મામલે ગુનો નોંધવાના આદેશો થયા હતા, અને ગઈકાલે ગજેન્દ્ર ખીમનાથ બાવાજીની ફરિયાદના આધારે રાજેન્દ્ર રાજગોર સામે ગુનો નોંધવામાં આવ્યો છે. જે આરોપી હાલ ભાગી છૂટ્યો હોવાથી પોલીસ દ્વારા શોધખોળ ચલાવાઈ રહી છે.

ફરીયાદી ગજેન્દ્રના જણાવ્યા અનુસાર પોતાના જ અન્ય પોરબંદરના પાંચ મિત્રોએ પણ વિદેશ જવા માટે મોટી રકમ આપી હોવાનું અને તે પૈસા લઈને પણ આરોપી ભાગી છૂટ્યો હોવાનું જાણવા મળી રહયું છે. હાલ સીટી સી. ડિવિઝનના પી.એસ.આઈ કે. એચ. ચાવડા સમગ્ર મામલાની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ચૂંટણી પ્રચાર માટે

# જામનગર: પૂર્વ વિપક્ષ નેતા અસલમ ખીલજીના જામીન નામંજૂર

### ગુજસીટોકના ગુનામાં જેલમાં રહી ચૂંટણી લડતા ખીમજીએ પ્રચાર માટે કોર્ટના દ્વાર ખટખટાવ્યા'તા

**અબતક, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણી પહેલાં પૂર્વ વિપક્ષ નેતા અસલમ ખીલજીને મોટો ઝટકો લાગ્યો છે. ગુજસીટોક ગુના હેઠળ જેલમાં બંધ ખીલજીની ચૂંટણી પ્રચાર અને મતદાન પ્રક્રિયામાં ભાગ લેવા માટેની વચગાળાની જામીન અરજી સ્પેશિયલ ગુજસીટોક કોર્ટે રદ કરી છે.

અસલમ કરીમ ખીલજીએ કોર્ટમાં દલીલ કરી હતી કે તેમની ૨૩ વર્ષની લાંબી કાઉન્સિલર તરીકેની રાજકીય કારકિર્દી છે. તેમણે જણાવ્યું હતું કે ચૂંટણીના માહોલમાં મતદારોનો સંપર્ક કરવો, પ્રચાર કરવો, પોલિંગ એજન્ટો ગોઠવવા અને મતદાન પ્રક્રિયામાં સામેલ થવું એ લોકશાહી અને મતદારોના હિતમાં જરૂરી છે. આ આધારે તેમણે વચગાળાના જામીન પર મુક્ત થવાની માંગ કરી હતી.

જોકે, તપાસ અધિકારી અને સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર એ જામીન અરજીનો સખત વિરોધ કર્યો હતો. સ્પેશિયલ પી.પી.એ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે આરોપી સામે ગુજસીટોક જેવો ગંભીર ગુનો નોંધાયેલો છે. તેમણે ઉમેર્યું હતું કે જો આરોપીને જામીન આપવામાં આવે તો કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર નકારાત્મક અસર પડી શકે છે. પોલીસે રજૂ કરેલી એફિડેવિટમાં પણ આરોપીના ગુનાહિત ઈતિહાસ અને કેસની ગંભીરતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. બંને પક્ષોની દલીલો અને પોલીસની એફિડેવિટને ધ્યાનમાં લીધા બાદ સ્પેશિયલ ગુજસીટોક કોર્ટે અવલોકન કર્યું કે આરોપીને ચૂંટણી પ્રચાર માટે જામીન પર મુક્ત કરી શકાય નહીં. આથી, કોર્ટે અસલમ ખીલજીની વચગાળાની જામીન અરજી રદ કરવાનો આદેશ આપ્યો હતો. ચૂંટણીના સમયે જ જામીન અરજી નામંજૂર થતાં અસલમ ખીલજી અને તેમના સમર્થકોને મોટો ફટકો પડ્યો છે.

# જાબુડા પાટિયા પાસે બાઈકની ઠોકરે પદયાત્રી ઘવાયા

### ધુવાવ ગામેથી મોડા ગામ ખાતે દર્શન કરવા પગપાળા જતી વેળાએ નડ્યો કસ્માત

**અબતક, જામનગર**

જામનગર નજીક જામનગર-રાજકોટ હાઈવે પર બેદરકારીપૂર્વક બાઈક ચલાવનાર ચાલકે દર્શનાર્થે પગપાળા જતા દંપતીને પાછળથી ઠોકર મારી ગંભીર ઈજાઓ પહોંચાડ્યાનો બનાવ સામે આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ફરીયાદી નિલેષભાઈ મુળજીભાઈ નકુમ (ઉ.વ. ૪૨, ધંધો પ્લમ્બર, રહે ધુવાવ ગામ, જામનગર) પોતાની પત્ની પ્રભાબેન સાથે મોડાગામ ખાતે દર્શન કરવા પગપાળા જઈ રહ્યા હતા.

તે દરમ્યાન તા. ૧૬/૦૩/૨૦૨૬ના રોજ સવારે આશરે ૦૮:૩૦ વાગ્યે શેખપાટ પાટીયા થી જાબુડા પાટીયા વચ્ચેના હાઈવે રોડ પર પાછળથી જી.જે. ૧૦ ઈ.જે. ૬૨૨૧ નંબરના બાઈકચાલકે બેફામ અને બેદરકારીથી વાહન ચલાવી તેમને જોરદાર ઠોકર મારી હતી. આ અકસ્માતમાં નિલેષભાઈને ડાબા પગના ઘૂંટણ નીચે ફેક્ચર સહિત ગંભીર ઈજાઓ પહોંચી હતી, તેમજ ડાબા હાથમાં ૧૧ ટાંકા લેવા પડ્યા હતા, અને શરીર પર પણ છોલાછાલ ઈજાઓ થઈ હતી. જ્યારે તેઓના પત્ની પ્રભાબેનને પણ નાની મોટી ઈજા થઈ હતી.

# જામનગર: લાંચ કેસમાં મદદનીશ ઈજનેરના જામીન નામંજૂર

### ઈલેક્ટ્રીક કામગીરીના બીલ મંજુર કરવા માટે ચાર લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપાયો'તો

**અબતક, જામનગર**

જામનગરમાં લાંચ લેવાના ગંભીર કેસમાં સપડાયેલા મદદનીશ ઈજનેર વર્ગ-૨ની જામીન અરજી અદાલતે નામંજૂર કરી છે, જેથી તેનો જેલવાસ લંબાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, જામનગરમાં ચાલી રહેલા વિવિધ સરકારી કામોમાં ઈલેક્ટ્રિક કામગિરીના બિલ મંજુર કરવા બદલ આરોપી વિજયકુમાર બાબુભાઈ કાના (મદદનીશ ઈજનેર વર્ગ-૨, પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ) દ્વારા લાંચની માંગણી કરવામાં આવી હતી.

તા. ૧૧/૦૪/૨૦૨૬ના રોજ એ.સી.બી. દ્વારા ગોઠવાયેલા ટ્રેપ દરમિયાન જામનગર સ્થિત કચેરીમાં આરોપી દ્વારા લાંચની રકમ સ્વીકારતી વખતે રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. ટ્રેપ દરમિયાન રોકડ રકમ તથા અન્ય પુરાવા જપ્ત કરવામાં આવ્યા હતા.

આરોપીને બાદમાં કાયદેસરની કાર્યવાહી હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ જામનગરની અદાલતમાં જામીન માટે અરજી કરવામાં આવી હતી, પરંતુ સરકારી વકીલ દ્વારા રજૂ કરાયેલ દલીલો અને કેસની ગંભીરતા ધ્યાનમાં રાખીને અદાલતે આરોપીની જામીન અરજી નામંજૂર કરી છે. જેથી તેનો જેલવાસ લંબાયો છે.

# જામનગરના ખોડાવાડ વિસ્તારમાં યુવાન પર હુમલો

### બે આરોપીઓ સામે ગુનો નોંધાયો

**અબતક, જામનગર**

જામનગરના ખોજાવાડ વિસ્તારમાં ઝઘડાની એક ઘટના સામે આવી છે. ખોજા કલબ સામે એક વ્યક્તિ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો.

ફરિયાદી મુસ્તાકભાઈ સુલેમાનભાઈ મૈણ (ઉ.વ. ૩૫, રહે. ખોજાવાડ, જામનગર) પોતાના ઘરના બહાર ઉભા હતા ત્યારે આરોપી યાકુબભાઈ યુસુફભાઈ જુમાણી ત્યાંથી પસાર થતા બોલાચાલી શરૂ થઈ હતી. બોલાચાલી વધતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને ગાળો આપી લાકડાના ધોકાથી હુમલો કર્યો હતો. આ દરમિયાન હલીમાબેન યાકુબભાઈ જુમાણી પણ ત્યાં આવી અને તેમણે પણ લાકડાના ધોકાથી હુમલો કરતાં ફરિયાદી તથા બચાવવા આવેલા સાક્ષીને ઈજા પહોંચાડી હતી. ઉપરાંત આરોપી દ્વારા જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. આ બનાવ અંગે સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે બંને આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

## દુ:ખદ અવસાન

### સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ:** ઔદીચ્ય ગુજરાતી સાડાચારસો બ્રાહ્મણ જ્ઞાતિના સ્વ.ભાર્ગવ મહેશભાઈ શુકલ (ઉ.વ.૪૮) તે મહેશભાઈ જયંતિલાલ શુકલના પુત્ર તેમજ કિશોરભાઈ રાજેન્દ્રભાઈ જીતેન્દ્રભાઈ અને શૈલેષભાઈના ભત્રીજા તે કલ્પેશભાઈના નાના ભાઈ પૂજાબેનના પતિ તેમજ પાર્થ અને ધ્યેયના પિતા અને યોગેશભાઈ કાંતિલાલ પંચોલી (ચેન્નાઈ)ના જમાઈનું તારીખ ૨૨/૪/૨૦૨૬ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું ૨૫/૪/૨૦૨૬ને શનિવાર, સાંજે ૫:૦૦ થી ૬:૩૦, શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર, સાધુ વાસવાણી રોડ, ગંગોત્રી ડેરી વાળી શેરી રાજકોટ ખાતે રાખેલ છે.



**જેતલસર :** જેતલસર જંકશન નિવાસી બ્લોચ નૂરમહમદભાઈ ઉમરભાઈ (ઉ.૬૯) તે ઉમરભાઈ નજરમહમદભાઈ બ્લોચના પુત્ર, નિવૃત લોકો પાયલોટ ઈબ્રાહિમભાઈ, અબ્દુલભાઈ, રાજુભાઈ, માજી સરપંચ હનીફભાઈના મોટાભાઈનું તા.૨૩ના અવસાન થયું છે. તેમની જિયારત તા. ૨૫ ને શનિવારે, પુરુષોની જુમ્મા મસ્જિદ, કટકા વિસ્તાર તેમજ મહિલાઓની તેમના નિવાસસ્થાને રાખી છે. દરેક ધર્મના લોકો માટેનું બેસણું તા. ૨૫ ના સાંજે ૪થી૬, બાલકેશ્વર નગર, ઈબ્રાહીમભાઈ બ્લોચના નિવાસસ્થાને રાખ્યું છે.

**રાજકોટ :** કારડિયા રાજપૂત સ્વ. લાલસીંગભાઈ અભેસીંગભાઈ સોલંકીના પત્ની સ્વ. જયાબેન લાલસીંગભાઈ સોલંકી તે તેજસભાઈ તથા નિશાંતભાઈ સોલંકીના માતા, તખ્તસીંહ સોલંકીના ભાભી, તેજસભાઈ નકુમ, શૈલેષભાઈ બારડ તથા જીતેન્દ્રભાઈ પરમારના સાસુમાનું તા. ૨૩ ના રોજ અવસાન થયેલ છે. બેસણું તા. ૨૫ના રોજ શનિવારે સાંજે ૪થી ૬ રાષ્ટ્રીયશાળા પ્રાર્થનાસભા હોલ ખાતે રાખેલ છે.

# લાલપુરના મોટા ખડબા ગામે સોલાર સાઈટના કર્મચારીને ખેડુતની ધમકી

### પોતાના ખેતર સુધી ૧૦૦ ફુટનો રસ્તો કાઢી આપવાની માગ કરી કામ બંધ કરવાની આપી ધમકી

**અબતક, જામનગર**

લાલપુર તાલુકાના મોટા ખડબા ગામે સોલાર પ્રોજેક્ટની સાઈટ પર કામ કરતા કર્મચારીઓને એક ખેડૂતે ધમકી આપતા અને ગાળો બોલતતાં ખેડૂત સામે પોલીસમાં ગુનો નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ફરીયાદી સુનીલભાઈ મણીલાલ પટેલ (ઉ.વ. ૪૧, રહે જામનગર) પોતાની કંપની માઉન્ટેન રિન્યુએબલ પાવર લિ. દ્વારા મોટા ખડબા ગામના સર્વે નં. ૮૬૭, ૯૭૨ અને ૯૭૩માં સોલાર પેનલ લગાડવાનું કામ કરી રહ્યા હતા. કામદારો સર્વે નં. ૯૭૨ પર કામ કરતા હતા.

તે દરમિયાન હરપાલસિંહ નરપતસિંહ જાડેજા (રહે મોટા ખડબા ગામ) ત્યાં આવી પહોંચ્યો હતો, અને કામ બંધ કરવા કહ્યું હતું. તેણે પોતાની ખેતીની જમીન સુધી જવા માટે ૧૦૦ ફૂટનો રસ્તો કાઢી આપવાની માંગણી કરી હતી. વાતચીત દરમિયાન તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ફરીયાદી તેમજ કંપનીના કામદારોને ભુંડી ગાળો બોલી ધમકાવ્યા હતા. આ ઉપરાંત આરોપીએ નજીકમાં પડેલા લાકડાના ધોકા સાથે હુમલો કરવાની કોશિશ કરી ફરીયાદીને ટાટીયા ભાંગી નાખીશ તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટનાથી સાઈટ પર તણાવ સર્જાયો હતો. આ બનાવ અંગે લાલપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**પ્રચારના ભુંગળા...**

બેઠકોનો ધમધમાટ ચાલશે. મહાજંગ પૂર્વે મોટા ઓપરેશન પાર પાડવામાં આવશે.

મતદારો શાંત મને મતદાન અંગે વિચારી શકે તે માટે ચૂંટણી પંચ દ્વારા નિયમ બનાવવામાં આવ્યો છે કે, મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક અગાઉ પ્રચારના ભુંગળા બંધ કરી દેવાના રહે છે. આગામી રવિવારના રોજ સાંજના ૬ વાગ્યા સુધી મતદાન ચાલવાનું હોય આજે સાંજે ૬ કલાકે ડોર ટુ ડોર પ્રચાર, લોકસંપર્ક સહિતનો પ્રચાર બંધ થઈ જશે. પ્રચારના અંતિમ દિવસે તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડી રહેલા ઉમેદવારો સવારથી એડીચોંટીનું જોર લગાવી રહ્યા છે. પ્રચારના અંતિમ કલાકોમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ મોટા નેતાઓને મેદાનમાં ઉતાર્યા છે.

આવતીકાલે આખો દિવસ બંધ બારણે બેઠકોનો ધમધમાટ ચાલશે. સમાજના આગેવાનો સાથે ગુપ્ત બેઠક યોજી એક મોટા સમૂહને પોતાની તરફ વાળવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવશે. પોતાના મજબૂત પોકેટમાંથી શક્ય તેટલું વધુ મતદાન થાય તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આ ઉપરાંત પોતાના વિરોધી મતદારો મતદાનથી વંચિત કેવી રીતે રહે તેની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવતી હોય છે. આવા મતદારોને યાત્રા પ્રવાસે પણ મોકલી દેવામાં આવતા હોય છે. મત વિસ્તારમાં બહારથી આવેલા લોકોને પણ મતદાન છોડી દેવાના રહેશે.

આગામી રવિવારે સવારે ૭ થી ૬ કલાક દરમિયાન મતદાન ચાલશે. જો ક્યાંય પુનઃ મતદાન કરવાની ફરજ જણાશે તો સોમવારે પુનઃ મતદાન કરવામાં આવશે. જ્યારે મંગળવારે સવારથી મત ગણતરી હાથ ધરવામાં આવશે.

આ વખતે મતદારોને ચૂંટણી પ્રચાર માટે ખૂબ જ ઓછા દિવસો મળ્યા હતા. જેના કારણે મતદારોના મન કળવા ઉમેદવારો માટે મુશ્કેલ બની ગયા હતા. મતદારોના મનમાં શું ચાલી રહ્યું છે તે નક્કી થઈ શકતું નથી.

**ઉમરેઠ વિધાનસભા...**

તેમાં પણ ખાસ કરીને જેમની પાસે મતદાર માહિતી સ્લિપ ન હોય તેમના માટે ફાયદાકારક હતી. ૧૦૧ જેટલા ૮૫થી વધુ વયના અને દિવ્યાંગ મતદારોને પોસ્ટલ બેલેટ દ્વારા ઘરે મતદાન કરવાની સુવિધા આપવામાં આવી હતી, જેના માટે ખાસ સમર્પિત ટીમો દ્વારા ઉમેદવારોના પ્રતિનિધિઓની હાજરીમાં મતદાનની પ્રક્રિયા ધરવામાં આવી હતી. મતદાનની સુલભતા સુનિશ્ચિત કરવા માટે ૨૧૮ જેટલી વ્હીલચેરની સુવિધા રખાઈ હતી, જ્યારે નાગરિકોને મદદરૂપ થવા માટે ૩૬૧ સ્વયંસેવકો પણ ખડેપગે રહ્યા હતા. સાથોસાથ ૮૫+ના વરિષ્ઠ મતદારો અને દિવ્યાંગ મતદારોને બૂથ સુધીની નિઃશુલ્ક મુસાફરી હેતુ ૬ વાહનો પણ આરક્ષિત રાખવામાં હતા. તદ્દુપરાંત ગરમીને ધ્યાને રાખીને તમામ કેન્દ્રો પર ઓરઆરએસ, મંડપ/શેડ સહિતની સુવિધા પણ ઉભી કરવામાં આવી હતી. કેન્દ્ર પર મતદારોને જરૂરી તમામ માહિતી પૂરી પાડવા માટે વોટર આસિસ્ટન્સ બૂથ પણ તૈયાર કરાયા હતા જ્યાં મતદારોના મોબાઈલની જાળવણી માટે પણ સુચારૂ વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્થાનીક સ્વરાજયની ચૂંટણીના દિવસે રવિવારે તાપમાનનો પારો ૪૩ ડિગ્રી આસપાસ રહેશે. જેમા મતદાનની ટકાવારી ૫૦થી ૫૫ ટકા આસપાસ રહેવાની ધારણા છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# જૂનાગઢમાં ગિરનાર મુદ્દે સાધુ સંતોની રેલી: વિવાદ ઉકેલવા કલેકટરને અપાયું આવેદન

## ગીરનાર સંરક્ષણ સમિતિની ન્યાયની માંગ એક મહિનામાં સંતોષજનક પગલા નહીં લેવાય તો આંદોલનની ચીમકી









**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં ગઈકાલે ગીરનાર સંરક્ષણ સમિતિના નેજા તળે ગિરનાર બચાવો અભિયાન અંતર્ગત ઝાંસીની રાણીના સર્કલ ખાતે વિવિધ અખાડાઓના સંતો, તમામ સંપ્રદાયો, અનેક સંગઠનો અને સનાતનીઓએ મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. અને બાદમાં સનાતન ધર્મની એક મહારેલી યોજાઈ હતી. આ રેલી કલેકટર કચેરી ખાતે પહોંચી હતી, અને ઉગ્ર આક્રોશ, વિવિધ માંગ સાથે કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

જુનાગઢ ખાતે ગીરનાર સંરક્ષણ સમિતિના નેજા તળે ગિરનાર બચાવો અભિયાન અંતર્ગત યોજાયેલીયા રેલીમાં જૂના અખાડા, અગ્નિ અખાડા, કિન્નર અખાડા સહિતના વિવિધ અખાડાઓન તથા નાથ સંપ્રદાય, વૈષ્ણવ સંપ્રદાય, સ્વામિનારાયણ સંપ્રદાય સહિતના સનાતની સાધુ-સંતો, મહંતો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા,

ગિરનાર બચાવો અભિયાન અંતર્ગત ઝાંસીની રાણીના પ્રતિમા ખાતેથી એક મહા રેલીનો પ્રારંભ થયો હતો, અને રેલી કલેકટર કચેરી ખાતે પહોંચી હતી, જ્યાં રાષ્ટ્રપતિને સંબોધીને તૈયાર કરાયેલું આવેદનપત્ર જિલ્લા કલેકટરને સુપરત કર્યું હતું. જેમાં ગીરનાર પર કરવામાં આવતા બાંધકામ અને

કરવી. ભવનાથ ક્ષેત્રમાં વધારાની જમીન ફાળવવી, શિવરાત્રી મેળાને લઘુકુંભ તરીકેની સત્તાવાર ઓળખ આપવાની, અહીં આવતા લાખો શ્રદ્ધાળુઓ માટે પાણી, શૌચાલય અને રેલવેની વધારાની સુવિધાઓ વધારવા સહિતની પણ રજૂઆત પણ કરાઈ હતી

દરમિયાન સનાતન ધર્મના સંતોએ આ મુદ્દાઓ પરિવર્તન અંગે રજૂઆત કરવામાં આવી હતી. શેષાવનથી ગૌમુખી ગંગા તરફના માર્ગ પર વન વિભાગની હદમાં બાંધકામ કરવામાં આવ્યું છે. તેમ જણાવી સંતોની માંગ છે કે, ગિરનાર ક્ષેત્રમાં કોઈ પણ પ્રકારના નવા સ્મારકો કે અગ્નિસંસ્કારની જગ્યાઓ ન બનવી જોઈએ અને જે બિનઅધિકૃત બાંધકામો છે તે તાત્કાલિક દૂર કરવા જોઈએ.

સંતો દ્વારા ગીરનારની આસ્થા સાથે જોડાયેલા મુદ્દાઓમાં હનુમાન ધારા, ભરતવન, બોરદેવી અને કાશ્મીરી બાપુની જગ્યાઓ જેની સનાતની સંસ્થાઓને ફોરેસ્ટ વિભાગ દ્વારા પડતી મુશ્કેલીઓ દૂર કરવા તથા આ જગ્યાઓને પણ વીજ કનેકશન આપવાની અને વાર્ષિક ઉત્સવો ઉજવવાની કાયમી મંજૂરી આપવા માંગ કરાઈ હતી.

સંતોએ વહીવટી તંત્ર અને વન વિભાગ સામે ગિરનાર અને ભવનાથ ક્ષેત્રમાં સનાતની મહાશિવરાત્રી મેળો અને લીલી પરિક્રમામાં આવતા અન્નક્ષેત્રો અને ઉતારા મંડળોને કોઈ કનડગત ન પર વિચાર કરવા અને યોગ્ય નિર્ણય લેવા માટે સરકાર અને તંત્રને એક માસનો સમય આપ્યો છે. અને અંતિમ ચેતવણી આપતા જણાવ્યું હતું કે, જો એક મહિનામાં આ આવેદનપત્રના મુદ્દાઓ પર કોઈ સકારાત્મક કાર્યવાહી નહીં થાય, તો આગામી દિવસોમાં સાધુ-સંતો અને સનાતની જનતા ઉગ્ર આંદોલન તરફ વળશે.

### ગીરનાર પર જૈન સમાજને ૧૯૭૭માં કેન્દ્રીય કેબીનેટ રેવન્યુ હસ્તકની જમીન મેળવી છે: જૈન અગ્રણી હિતેશ સંઘવી

જુનાગઢ જૈન સંઘના અગ્રણી હિતેશભાઈ સંઘવી એ અબતકને જણાવ્યા મુજબ,.ગિરનાર પર જૈન સમાજ દ્વારા ગેરકાયદેસર દબાણ અને બાંધકામના જે આક્ષેપો થઈ રહ્યા છે તે પાયા વિહોણા છે. વાસ્તવમાં જૈન સમાજને ૧૯૭૭ માં કેન્દ્રીય કેબિનેટે રેવન્યુ હસ્તકની જમીન ફાળવેલી છે, અને તેના પુરાવાઓ છે. આ જગ્યામાં ગાંડા બાવળ છે, કોઈ અલભ્ય ઔષધીના વૃક્ષો નથી. તે સિવાય જગ્યામાં પાણી આવતું હોવાથી માત્ર દિવાલ ચણવાની વાત છે. અને આમ છતાંય જૈન સમાજ દ્વારા ક્યાંય ગેરકાયદેસર બાંધકામ થયું હોય તો તે તોડી નાખવું જોઈએ તેવું જૈન સમાજ પણ ઈચ્છે છે. પરંતુ એક વાત એ પણ છે કે ભવનાથમાં ૩૦૦ એકર જેટલી જમીન ઉપર ગેરકાયદેસર બાંધકામ થયા છે. તે મોટા પ્રમાણના થયેલા ગેરકાયદેસર બાંધકામો દૂર થવા જોઈએ તેવી અમારી પણ માગણી છે. બાકી જૈન સમાજ અને હિન્દુ સમાજ એક સિક્કાની બે બાજુ છે. પુરાણોમાં અને ખાસ કરીને જૈન સંપ્રદાયના ગ્રંથોમાં ભગવાન શ્રીરામ, કૃષ્ણ અને અનેક સંતો સાથે જૈન સંપ્રદાયના અનેક ઈતિહાસ છે. ત્યારે જૈન સમાજ સામે જે આક્ષેપો થઈ રહ્યા છે તે દુઃખદ બાબત છે. ગઈકાલે જૂનાગઢમાં એક તરફ ગિરનાર બચાવો રેલી નીકળી હતી તો બીજી બાજુ જૈન સમાજ દ્વારા રેલીના સમયે ભાવ અનુષ્ઠાન કર્યા હતા, જૂનાગઢમાં આવેલા જૈન ધર્મના સર્વોચ્ચ તીર્થધામ ગિરનારજી ઉપર વધી રહેલા અસામાજિક તત્વોના આક્રમણ સામે સમગ્ર જૈન સમાજમાં ભારે નારાજગી સામે આવી હતી. અને જૈન સમાજ માંથી જાણવા મળેલ વિગતો મુજબ, ગિરનાર તીર્થ પર કબજો જમાવવા મેલા મનસૂબા થઈ રહ્યા છે. જેને નિષ્ફળ બનાવવા માટે ગઈકાલે જૈન શાસન દ્વારા ભગવાન નેમિનાથની નિર્વાણ ભૂમિ અને પવિત્ર સત્સાવનની રક્ષા કાજે જૈન ભાવિકોને સામૂહિક આયંબિલ, તપ, સામૂહિક સામાયિક અને પ્રભુ જાપ કરવામાં આવ્યા હતા.

---

વિશ્વ પૃથ્વી દિવસે

# વિસાવદર: લાયન્સ કલબ દ્વારા કિચન વેસ્ટ રિસાયકલિંગ વિશે આપી માહિતી




**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**


વિસાવદર : તાજેતરમાં લાયન્સ કલબ વિસાવદર દ્વારા કલબના પ્રેસિડેન્ટ અને ઝોન ચેરપર્સન ઝોન ૧૧ લાયન રમણીકભાઈ ગોહેલના માર્ગદર્શન તેમજ આર્થિક સહયોગ દ્વારા તાલુકાની માંડાવડ પ્રાથમિક શાળા ખાતે ''વિશ્વ પૃથ્વી દિવસ'' તેમજ ''કિચન વેસ્ટ રિસાયકલિંગ'' અંગેનો અવેરનેસ કાર્યક્રમ સંપન્ન કરવામાં આવેલ જે અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓને પૃથ્વી ઉપર સતત વધી રહેલા પ્રદુષણ અંગે જાગૃતિ લાવવા તેમજ દરેક ઘરમાં રસોડાના કચરાનું રિસાયકલિંગ બાબતે માર્ગદર્શન કાર્યક્રમ યોજી અવેરનેસ કાર્યક્રમ સંપન્ન કરવામાં આવેલ વિદ્યાર્થીઓ દ્વારા બંન્ને વિષયો ઉપર નિબંધ લેખન કરવામાં આવેલ જેમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ કાર્યક્રમ દરમિયાન શાળાનાં આચાર્ય તેમજ શાળા પરિવાર ખાસ ઉપસ્થિત રહેલ સ્પર્ધામાં સહભાગી થનાર તમામ વિદ્યાર્થીઓને લાયન્સ કલબ વિસાવદર દ્વારા પ્રોત્સાહિત પુરસ્કાર એનાયત કરી સન્માનિત કરી લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ જેનું લાયન વર્ષ ૨૦૨૫/૨૬ સ્લોગન ''નીડ બેઝ સર્વિસ પ્લસ''ને સાર્થક કરવાનો ઉમદા પ્રયત્ન કરવામાં આવેલ.

# ઉપલેટા: વલ્લભ વિદ્યાલયના નિવૃત્ત આચાર્ય મકવાણાની દોહિત્રી ઈશાંશીની વિશ્વ ફલક પર ભારતનો ડંકો વગાડ્યો

## વિશ્વ આરોગ્ય સંસ્થામાં મુખ્ય અધ્યક્ષ તરીકે વરણી અને લંડન-ન્યૂયોર્કની યુનિવર્સિટીઓ દ્વારા ઈશાંશીનું બહુમાન



તસવીર: શહેઝાદ બાદશાહ



**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટાની વલ્લભ વિદ્યાલયના નિવૃત્ત આચાર્ય મકવાણા ની દોહિત્રી ઈશાંશીએ આંતરરાષ્ટ્રીય સ્તરે અસાધારણ સફળતા મેળવીને શિક્ષણ જગતમાં ઈતિહાસ રચી દીધો છે. ઈશાંશીએ સી.બી.એસ.ઈ. બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષામાં ૯૯.૯૮ ટકા જેવો ઝળહળતો સ્કોર મેળવી પોતાની તેજસ્વી બુદ્ધિપ્રતિભાનો પરિચય આપ્યો છે. તેની આ શૈક્ષણિક સફળતાની સાથે જ તેણે કૃત્રિમ બુદ્ધિ (અઈ) જેવા જટિલ વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે, જે બદલ દુબઈની ઈન્ડિયન પબ્લિક સ્કૂલ દ્વારા તેને સન્માનિત કરવામાં આવશે.

ઈશાંશીની સિદ્ધિઓ માત્ર અભ્યાસ પૂરતી સીમિત નથી, તેણે ત્રણ આંતરરાષ્ટ્રીય વાદ-વિવાદ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી દેશનું નામ રોશન કર્યું છે. લેખન ક્ષેત્રે પણ તેણે ૧ સુવર્ણ ચંદ્રક અને ૩ રજત ચંદ્રક જીતી પોતાની કલા સાબિત કરી છે. તેની આ અદ્ભુત પ્રતિભાને ધ્યાને રાખી વિશ્વ આરોગ્ય સંસ્થા (ઠઇંઘ) દ્વારા તેની 'નશીલા દ્રવ્યો અને ગુના નિયંત્રણ સમિતિ' ના મુખ્ય અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે. આટલી નાની ઉંમરે આવી પ્રતિષ્ઠિત સંસ્થામાં મુખ્ય પદ મેળવવું એ સમગ્ર રાજ્ય માટે ગૌરવની વાત છે.

આ સાથે જ લંડનની જગવિખ્યાત ઈમ્પિરિયલ યુનિવર્સિટીએ રસાયણ વિજ્ઞાનના અભ્યાસ માટે ભારતમાંથી એકમાત્ર ઈશાંશીની પસંદગી કરી છે. ન્યૂયોર્કની પ્રતિષ્ઠિત સ્કોલર સંસ્થાએ પણ તેને ખાસ મુલાકાત માટે આમંત્રિત કરી છે. નિવૃત્ત આચાર્ય મકવાણા સાહેબની દોહિત્રીની આ વૈશ્વિક ઉડાનને પગલે ઉપલેટા પંથક અને શિક્ષણ જગતમાં હર્ષની હેલી જોવા મળી રહી છે.

# ગીર ગઢડા તાલુકા પંચાયતની ખીલાવડ બેઠક પર બે વેવાઈ વચ્ચે જામ્યો ચૂંટણી જંગ

## કોંગ્રેસના ઉમેદવાર કાંતિભાઈ બાબરીયા સામે ભાજપમાંથી વેવાઈ હિંમતભાઈ ભાલાળા લડે છે ચૂંટણી





**અબતક, મનુ કવાડ, ગીરગઢડા**

ગુજરાતીમાં કહેવત છે કે વેવાઈ વેલા ને ઘી ના રેલા.... વેવાઈના સંબંધ ખૂબ જ રસાળ હોય છે, પણ ગીર ગઢડા તાલુકા પંચાયત બેઠક પર બે વેવાઈ સામ સામે ચૂંટણી લડી રહ્યા છે, અને નાના એવા ગામમાં બે અંગત પરિવારો વચ્ચે રસાકસી જામી છે.

ગીર ગઢડા તાલુકા પંચાયતની ખીલાવડ બેઠક પર રાજકીય રીતે ખાસ ચર્ચાનું વાતાવરણ ઊભું થયું છે કારણ કે આ બેઠક પર કોઈ સામાન્ય ટક્કર નથી.. અહીં તો એક જ પરિવારના બે વેવાઈ સામે સામે ચૂંટણી લડી રહ્યા છે, નાની વસ્તી ધરાવતા ગામમાં પણ આ વખતે રાજકારણ ઘરના ઓરડા સુધી પહોંચી ગયું છે, એક તરફ કોંગ્રેસના ઉમેદવાર કાંતિભાઈ બાબરીયા તો બીજી તરફ ભાજપના ઉમેદવાર તરીકે તેમના જ વેવાય હિંમતભાઈ ભાલાળા ચૂંટણી લડી રહ્યા છે, બંને વેવાઈ વચ્ચે હવે મતદારોનો વિશ્વાસ જીતવા માટે જોરદાર સ્પર્ધા જામી છે. આ પહેલા ઉગલા ગ્રામ પંચાયત માં વેવાઈ વચ્ચે જંગ થયું હતું ફરી એકવાર ખિલાવડ બેઠક પર બે વેવાઈ સામે સામે આવી હશે ગામમાં લોકો પણ હવે રસ પૂર્વક આ સ્પર્ધા જોઈ રહ્યા છે કે અંતે જીત કોની થશે ?અને હાર કોણ સ્વીકારશે? ઘેર ચા પીવામાં પણ પ્રશ્ન થાય છે કે ચા કોંગ્રેસની પીવીકે ભાજપની? વહુ કહે આજે તો પપ્પા ના પક્ષની ચા બનાવું છું. ચાજેની પણ હોય પણ મત તો પોતાના વેવાઈને જ આપવો જોઈએ હવે તો ગામમાં પણ મજાક થાય છે કે ચૂંટણી પછી ખબર પડશે કે વેવાઈ માં પ્રેમ વધશે કે પછી વોટીંગ મશીન સાથે સંબંધ પણ રીસેટ થઈ જશે?, ખિલાવડ તાલુકા પંચાયત બેઠક પર ની ચૂંટણી માત્ર રાજકીય જંગ નથી પણ સંબંધોની પણ કસોટી બની રહી છે, હવે જોવાનું એ રહેશે કે જીત પછી પણ આ વ્યવહારો વચ્ચે પહેલાની જેમ મીઠાશ રહેશે કે રાજકારણ થી થોડી ખટાશ આવશે?

# ચોટીલામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારીઓની જીલ્લા કલેકટરે સમીક્ષા કરી



**અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા**

સુરેન્દ્રનગર જીલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંદર્ભે જીલ્લા કલેકટર જી.એચ.સોલંકીએ ચોટીલા તાલુકાની મુલાકાત લઈ ચૂંટણીની તૈયારીઓ અંગે સમીક્ષા કરી હતી. જે મુલાકાત દરમિયાન કલેકટરએ સ્ટ્રોંગ રૂમની સુરક્ષા વ્યવસ્થા, ઈવીએમ મશીનોની જાળવણી અને સીસીટીવી નેટવર્ક અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત મતદાન બાદ સામગ્રી જમા લેવા માટેના રિસીવિંગ સેન્ટર અને મતગણતરી કેન્દ્રો પર વીજળી, પાણી તથા બેઠક વ્યવસ્થા જેવી પ્રાથમિક સુવિધાઓની પણ ઝીણવટભરી ચકાસણી કરી હતી. ચૂંટણી સ્ટાફ માટેના ડીસ્પેચિંગ સેન્ટર ખાતે સાહિત્ય વિતરણની પ્રક્રિયા સરળ બને તે માટે તેમણે સંબંધિત અધિકારીઓને તાકીદ કરી હતી. આ મુલાકાત દરમિયાન ચોટીલા પ્રાંત અધિકારી એચ.ટી. મકવાણા સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૦થી વધુ અમેરિકન વૈજ્ઞાનિકોનું રહસ્યમય મૃત્યુ કે ગુમસુદા?: શા માટે આવા સંજોગો સર્જાય છે?

## ભારતમાં માત્ર ૪ વર્ષના ગાળામાં ૧૧ પરમાણુ વૈજ્ઞાનિકોના અકુદરતી સંજોગોમાં મોત થયા હતા

**અબતક, રાજકોટ**

વિજ્ઞાનની દુનિયામાં જ્યારે બુદ્ધિશાળી મગજ શાંત થઈ જાય, ત્યારે આખી દુનિયામાં તેની ગુંજ સંભળાય છે. છેલ્લા કેટલાક સમયથી દુનિયાના નકશા પર એક એવી ભેદી પેટર્ન દેખાઈ રહી છે, જે સામાન્ય અકસ્માત નહીં પણ કોઈ ઊંડા ષડયંત્ર તરફ ઈશારો કરે છે. અમેરિકાથી લઈને ભારત સુધી, પરમાણુ અને સંરક્ષણ ક્ષેત્રના ટોચના વિજ્ઞાનીઓ રહસ્યમય રીતે ગાયબ થઈ રહ્યા છે અથવા તેમના મોતના સમાચાર આવી રહ્યા છે. શું આ માત્ર એક સંયોગ છે, કે પછી પડદા પાછળ કોઈ 'અદ્રશ્ય યુદ્ધ' ખેલાઈ રહ્યું છે? આવો જાણીએ વિજ્ઞાનીઓના આ ભેદી મોત પાછળનું આખું સત્ય.

મુખ્ય કિસ્સાઓ જેણે દુનિયાને ચોંકાવી દીધી. અમેરિકામાં ૨૦૨૩ થી ૨૦૨૬ દરમિયાન ૧૦ થી વધુ મહત્વના વિજ્ઞાનીઓ સાથે અઘટિત ઘટનાઓ બની છે. નૂનો લોરેરોની બોસ્ટનમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી. કાર્લ ગ્રિલમેયર પોતાના ઘરના આંગણે જ તેમની હત્યા થઈ. જેસન થોમસ નોવાર્ટિસના આ સંશોધક ગુમ થયા બાદ તેમનો મૃતદેહ તળાવમાંથી મળી આવ્યો. એન્થોની ચાવેઝ અને મેલિસા કાસિયાસ લોસ એલામોસ નેશનલ લેબોરેટરીના આ કર્મચારીઓ રહસ્યમય રીતે ગુમ થયા છે, જેમનો હજુ સુધી કોઈ પત્તો મળ્યો નથી. મેજર જનરલ વિલિયમ મેકકાસલેન્ડ જે યુએફઓ પર સંશોધન કરી રહેલા આ અધિકારી ફેબ્રુઆરીથી ગુમ છે.

### શું આ માત્ર અમેરિકા પૂરતું મર્યાદિત છે? ના, આવું અન્ય દેશોમાં પણ બન્યું છે

૧. ભારત (૨૦૦૯-૨૦૧૩) : ભારતના પરમાણુ કાર્યક્રમ સાથે જોડાયેલા ૧૧ વિજ્ઞાનીઓના શંકાસ્પદ રીતે મોત થયા હતા, જેને 'બિન-કુદરતી' ગણાવવામાં આવ્યા હતા.

૨. બ્રિટન (૧૯૮૦નો દાયકો) : સંરક્ષણ ક્ષેત્રના ૨૦ થી વધુ વિજ્ઞાનીઓના અકસ્માત કે આત્મહત્યામાં મોત થયા હતા.

૩. ઈરાન : ઈરાનના ટોચના પરમાણુ વિજ્ઞાનીઓની જાહેરમાં હત્યા કરવામાં આવી છે, જેની પાછળ ઈઝરાયેલ અને અમેરિકાનો હાથ હોવાનો ઈરાન દાવો કરે છે.

### ભારતમાં વર્ષ ૨૦૦૯થી ૨૦૧૩ સુધીની વૈજ્ઞાનિકોના રહસ્યમય મોતની ઘટનાઓ

ભારતના પરમાણુ ઉર્જા વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, માત્ર ૪ વર્ષના ગાળામાં ૧૧ પરમાણુ વૈજ્ઞાનિકોના અકુદરતી સંજોગોમાં મોત થયા હતા. મુખ્યત્વે ભાભા એટમિક રિસર્ચ સેન્ટર , રાવતભાટા (રાજસ્થાન), કૈગા (કર્ણાટક) અને કલ્પક્કમ (તમિલનાડુ) જેવા મહત્વના ન્યુક્લિયર સેન્ટરોમાં આ કિસ્સાઓ નોંધાયા હતા. સરકારી રેકોર્ડ મુજબ, આમાંથી ઘણા મોતને 'આત્મહત્યા' અથવા 'અકસ્માત' ગણાવવામાં આવ્યા હતા. ટ્રોમ્બેમાં બે વૈજ્ઞાનિકો લેબમાં લાગેલી આગમાં મૃત્યુ પામ્યા. કૈગામાં એક વૈજ્ઞાનિકનો મૃતદેહ નદીમાંથી મળી આવ્યો. મુંબઈમાં એક ઉચ્ચ કક્ષાના વૈજ્ઞાનિકની તેમના ઘરે ગળું દબાવીને હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી હતી.

શું ચીન, રશિયા કે અન્ય દેશો વિજ્ઞાનીઓને નિશાન બનાવી રહ્યા છે? આ પ્રશ્ન અત્યારે વિશ્વભરની ગુપ્તચર એજન્સીઓ માટે ચિંતાનો વિષય છે. આ માત્ર છૂટાછવાયા કિસ્સા નથી, પરંતુ એક એવો સિલસિલો છે જે રાષ્ટ્રીય સુરક્ષા અને વિજ્ઞાનની દુનિયામાં એક પ્રકારનો ભય પેદા કરી રહ્યો છે.

# અંતે ચેન્નઈના સુપર કિંગ્સએ મુંબઈ ઈન્ડિયન્સને ૧૦૩ રનથી હરાવી ધૂળ ચાટતું કર્યું

સંજુની સદી ચેન્નઈને ફળે છે...



## ચેન્નાઈ સુપર કિંગ્સે સેમસનની સદીની મદદથી ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૭ રનનો સ્કોર નોંધાવ્યો જેના જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સ ૧૯ ઓવરમાં ૧૦૪ રન જ બનાવી શકી

**અબતક, રાજકોટ**

સંજુ સેમસનની શાનદાર સદી બાદ અકીલ હુસૈને બોલિંગમાં વેધક સ્પેલ નાખતાં ચેન્નાઈ સુપર કિંગ્સે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને ૧૦૩ રનથી કારમી હાર આપી હતી. હજી આ સપ્તાહના પ્રારંભે ગુજરાત ટાઈટન્સ સામે પ્રભાવશાળી રમત દાખવનારી મુંબઈની ટીમે ગુરુવારે હતાશ કર્યા હતા અને તેના બોલર કે બેટર વાનખેડે સ્ટેડિયમ ખાતે કોઈ પ્રભાવ દાખવી શક્યા ન હતા. અમદાવાદમાં તેમનો ૯૯ રનથી વિજય થયો હતો તો ગુરુવારે તેમનો ૧૦૩ રનથી પરાજય થયો હતો. મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે સેમસનની સદીની મદદથી ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૭ રનનો સ્કોર નોંધાવ્યો હતો જેના જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સ ૧૯ ઓવરમાં માંડ ૧૦૪ રન કરી શકી હતી. ચેન્નાઈના અકીલ હુસૈને તરખાટ મચાવીને ૧૭ રનમાં ચાર વિકેટ લીધી હતી.મુંબઈ માટે સૂર્યકુમાર યાદવ અને તિલક વર્મા સિવાય કોઈ લડત આપી શક્યું ન હતું.

### ટી૨૦ સદીમાં સંજુ સેમસને રોહિત શર્માની બરાબરી કરી

ભારતીય ખેલાડી દ્વારા ટી૨૦ ક્રિકેટમાં સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ હાલમાં સંયુક્ત રીતે વિરાટ કોહલી અને અભિષેક શર્માના નામે છે, બંનેએ ૯-૯ સદી ફટકારી છે. સંજુ સેમસન હવે રોહિત શર્મા સાથે બીજા સ્થાને છે. મુંબઈ ઈન્ડિયન્સ સામે સંજુ સેમસનના ટી૨૦ કરિયરની ૮મી સદી છે. સેમસન ૩૩૭ ટી૨૦ રમી ચૂક્યો છે, જેમાં ૩૦.૯૩ ની એવરેજથી ૮૬૯૩ રન બનાવ્યા છે, જેમાં ૮ સદી અને ૫૪ અડધી સદીનો સમાવેશ થાય છે.

### શું ધોની હવે મેદાનમાં ઉતરશે જ નહિ...?

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬માં ચેન્નાઈ સુપર કિંગ્સના ચાહકો માટે એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ટીમના દિગ્ગજ ખેલાડી અને પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની હજુ પણ ઈજામાંથી સંપૂર્ણ રીતે મુક્ત થયા નથી. ચેન્નાઈ સુપર કિંગ્સના બેટિંગ કોચ માઈકલ હસીએ સ્પષ્ટતા કરી છે કે ધોની અત્યારે રિકવરીના તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે અને તેઓ મેદાનમાં ક્યારે ઉતરશે તે અંગેની અનિશ્ચિતતા હજુ પણ યથાવત છે.



માઈકલ હસીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે મહેન્દ્ર સિંહ ધોની માત્ર એક ઈમ્પેક્ટ પ્લેયર તરીકે રમવાને બદલે તેમની જૂની ભૂમિકા એટલે કે વિકેટકીપર-બેટ્સમેન તરીકે જ વાપસી કરશે. ધોનીને અત્યારે પિંડલીની ઈજા છે અને તેની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ટીમ મેનેજમેન્ટ કોઈ ઉતાવળ કરવા માંગતું નથી. હસીએ આશા વ્યક્ત કરી છે કે ધોની જ્યારે પણ મેદાનમાં આવશે ત્યારે તેઓ ૧૦૦ ટકા ફિટનેસ સાથે વિકેટની પાછળ પોતાની જવાબદારી સંભાળશે.

અગાઉની મેચમાં સદી ફટકારનારા તિલકે ૩૭ અને સૂર્યકુમાર યાદવે ૩૬ રન ફટકાર્યા હતા.અગાઉ મુંબઈએ ટોસ જીત્યા બાદ પ્રથમ બેટિંગ કરનારી ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ માટે સંજુ સેમસને અડિખમ બેટિંગ કરીને સદી ફટકારવાની સાથે ટીમનો સ્કોર ૨૦૦ ઉપર પહોંચાડી આપ્યો હતો. તેણે લથડતી ચેન્નાઈ સુપર કિંગ્સની ઈનિંગ્સ સંભાળી હતી. સિઝનમાં પોતાની બીજી સદી ફટકારીને સેમસને મુંબઈ ઈન્ડિયન્સના બોલર્સને લાચાર બનાવી દીધા હતા.નબળી શોટ પસંદગી અને એકાગ્રતાના અભાવે આસપાસ વિકેટો પડતી રહી હોવા છતાં ભારતીય વિકેટકીપર-બેટ્સમેન મક્કમ રહ્યો હતો. તેણે પોતાની ઈનિંગ્સને સંપૂર્ણ ચોકસાઈ સાથે આગળ વધારી અને દરેક બોલને તેની ગુણવત્તા મુજબ રમીને વધુ એક યાદગાર ઈનિંગ્સ રમી હતી. સેમસને ૫૪ બોલમાં દસ ચોગ્ગા અને છ સિક્સરની મદદથી અણનમ ૧૦૧ રન ફટકાર્યા હતા. એક સમયે ચેન્નાઈ મોટા સ્કોર તરફ જતી જણાતી હતી પરંતુ મધ્યમ ઓવરોમાં અન્ય બેટ્સમેનો સારી શરૂઆતને મોટા સ્કોરમાં ન ફેરવી શકતા ટીમે લય ગુમાવી દીધી હતી.જસપ્રિત બુમરાહે ચુસ્ત પ્રથમ ઓવર ફેંકી હતી, તેમ છતાં સેમસને કવર-પોઈન્ટ પર શાનદાર ડ્રાઈવ ફટકારી હતી. ત્યારબાદ તેણે હાર્દિક પંડ્યાના બોલ પર ફ્લિક કરીને સિક્સર ફટકારી હતી. કેપ્ટન ૠતુરાજ ગાયકવાડ (૨૨) અને સેમસને પાવરપ્લેમાં હાર્દિક પંડ્યાની પ્રથમ બે ઓવરમાં ૧૯-૧૯ રન લીધા હતા. જોકે, ગાયકવાડ ત્રીજી ઓવરમાં ગાઝનફરના બોલ પર મોટો શોટ રમવા જતા તિલક વર્માના હાથે કેચ આઉટ થયો હતો. મુંબઈના જ ખેલાડી એવા સરફરાઝ ખાન (૧૪) અને શિવમ દૂબે (૦૫) ખાસ પ્રભાવ પાડી શક્યા ન હતા.



### માતાની અંતિમ વિદાયના બીજા જ દિવસે ટિમ ચેન્નઈની વ્હારે આવી મુકેશે બધાને ભાવુક બનાવી દીધા

માતાનું નિધન થયું છતા પણ મુકેશ ચૌધરીએ જે નિર્ણય લીધો તે બધાને ખૂબ જ સ્પર્શી ગયો છે. વાનખેડે ખાતે રમાઈ રહેલી મેચ માટે તેણે પોતાની ટીમ માટે મેદાનમાં ઉતરવાનું પસંદ કર્યું હતું અને પ્લેઈંગ ઈલેવનનો ભાગ રહ્યો હતો. આ કાર્ય તેની હિંમત, સમર્પણ અને પ્રોફેશનલિઝ્મનો પુરાવો બની ગયું છે.મુકેશની માતાને શ્રદ્ધાંજલિ આપવા માટે ચેન્નાઈ સુપર કિંગ્સના તમામ ખેલાડીઓ હાથે કાળી પટ્ટી બાંધીને મેદાનમાં ઉતર્યા હતા. આ એક ભાવુક ક્ષણ હતી, જેણે ટીમની અંદરની એકતા પણ દર્શાવી હતી.

# દ્વારકાના ગોપી ચંદનને જીઆઈ ટેગ અપાશે

દ્વારકાથી આશરે ૨૦ કિલોમીટર દૂર આવેલા ગોપી તળાવની વિશિષ્ટ પીળાશ પડતી માટી 'ગોપી ચંદન' તરીકે ઓળખાય છે વૃંદાવનની ગોપીઓ ભગવાન કૃષ્ણને મળવા દ્વારકા આવી હતી અને અંતે આ જમીનની માટીમાં ભળી ગઈ હોવાની માન્યતા

## આસ્થા અને પરંપરાના પ્રતીક સમાન ગોપી ચંદન માટે કેન્દ્ર સરકારના રજિસ્ટ્રી વિભાગમાં અરજી કરાઈ

**અબતક, ગાંધીનગર**




દ્વારકાથી આશરે ૨૦ કિલોમીટર દૂર આવેલા ગોપી તળાવની વિશિષ્ટ પીળાશ પડતી માટી 'ગોપી ચંદન' તરીકે ઓળખાય છે, જે ભગવાન કૃષ્ણના ભક્તો માટે સદીઓથી આસ્થાનું કેન્દ્ર છે. પૌરાણિક માન્યતા મુજબ, વૃંદાવનની ગોપીઓ ભગવાન કૃષ્ણને મળવા દ્વારકા આવી હતી અને અંતે આ જમીનની માટીમાં ભળી ગઈ હતી, જેનાથી આ માટી કાયમ માટે પવિત્ર બની ગઈ. હવે આ પવિત્ર માટીને ઔપચારિક માન્યતા અપાવવા માટેના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા આ અઠવાડિયે ગોપી ચંદન માટે જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન ટેગ મેળવવા અરજી કરવામાં આવી છે. આ અરજી કેન્દ્રના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ હેઠળ આવતી જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન્સ રજિસ્ટ્રીમાં દાખલ કરાઈ છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, રાજ્યની આ પ્રથમ એવી ધાર્મિક-સામાજિક પ્રોડક્ટ છે જેના માટે ગુજકોસ્ટે ટેગ મેળવવાની પ્રક્રિયા હાથ ધરી છે.

આ અગાઉ ગુજકોસ્ટ સંખેડાનું લાકડાનું ફર્નિચર, વલસાડી ચીકુ, ખંભાતનો અકીક અને કચ્છી ભરતકામ સહિતની વસ્તુઓ માટે જીઆઈ ટેગ મેળવી ચૂક્યું છે. ગોપી ચંદન માટેની અરજીમાં પદ્મ પુરાણ અને સ્કંદ પુરાણ જેવા પ્રાચીન ગ્રંથોના સંદર્ભો પણ ટાંકવામાં આવ્યા છે, જેમાં દ્વારકાના ગોપી ચંદનને પવિત્ર ગણાવવામાં આવ્યું છે. દર વર્ષે ટનબંધ ગોપી ચંદન પર પ્રક્રિયા કરીને વિશ્વભરના વૈષ્ણવોને વેચવામાં આવે છે, જેઓ તેને ભગવાન કૃષ્ણની મૂર્તિઓ પર લગાવે છે અને પોતાના કપાળ પર તિલક તરીકે ધારણ કરે છે.અરજીમાં જણાવાયું છે કે આ માટીમાં ડોલોમાઈટ, ક્વાટ્ર્ઝ, કાઓલિનાઈટ અને મસ્કોવાઈટ જેવા ખનિજો રહેલા છે, જે તેને એક અનોખી રાસાયણિક ઓળખ આપે છે. આ પ્રોડક્ટ ચોક્કસ સ્થળ એટલે કે ગોપી તળાવ સાથે જોડાયેલી છે, કુદરતી રીતે મળે છે, રોગનિવારક ગુણો ધરાવે છે અને સદીઓ જૂની ભક્તિ પરંપરા સાથે તેનો અતૂટ નાતો છે. આશરે ૨૦ જેટલા સ્થાનિક કારીગરોના પરિવારો આ પ્રક્રિયા સાથે જોડાયેલા છે અને તેઓ આ પરંપરાગત જ્ઞાનના વાહક છે.

આર્થિક દૃષ્ટિએ જોઈએ તો, વાર્ષિક આશરે ૧૦ મેટ્રિક ટન ગોપી ચંદનનું ઉત્પાદન થાય છે અને તેનું અંદાજિત ટર્નઓવર ૨ કરોડથી ૫ કરોડ રૂપિયા જેટલું છે. લાખો ભક્તો ગોપી ચંદન ખરીદે છે, જે મંદિરો, યાત્રાધામો અને સ્થાનિક બજારો મારફતે પહોંચાડવામાં આવે છે. ગુજકોસ્ટના સલાહકાર ડૉ. નરોત્તમ સાહૂએ જણાવ્યું હતું કે આ પહેલ સમાજ માટે વિજ્ઞાન, પરંપરા અને નવીનતાનો સંગમ છે.

### પૌરાણિક ગ્રંથોમાં પણ છેઉલ્લેખ

પદ્મ પુરાણ અને સ્કંદ પુરાણ જેવા પ્રાચીન ગ્રંથોમાં પણ ગોપી ચંદનની પવિત્રતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. દ્વારકા આવતા યાત્રાળુઓ માટે આ માત્ર એક વસ્તુ નથી, પરંતુ તે ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ઓળખનું પ્રતીક છે, જે ભારતની જીવંત પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાને વધુ મજબૂત બનાવે છે.

### નિર્માણની પરંપરાગત પ્રક્રિયા

ગોપી ચંદન બનાવવાની પ્રક્રિયામાં ચાળવું, પલાળવું, ગૂંદવું, આકાર આપવો અને સૂર્યપ્રકાશમાં સૂકવવું જેવી સદીઓ જૂની હાથથી થતી પદ્ધતિઓ સામેલ છે. આજે પણ સ્થાનિક ૨૦ પરિવારો આ પરંપરાગત પદ્ધતિઓને જાળવી રાખીને ચંદન તૈયાર કરવાની કામગીરી સાથે જોડાયેલા છે.

### વિજ્ઞાન અને પરંપરાનો અનોખો સંગમ

ડૉ. નરોત્તમ સાહૂના મતે ગોપી ચંદન એ આસ્થા, પરંપરા, વિજ્ઞાન અને આજીવિકાનો દુર્લભ સંગમ છે. આ પવિત્ર વારસાને ટેગ મળવાથી માત્ર કાનૂની માન્યતા જ નહીં મળે, પરંતુ તે સામાજિક-આર્થિક સશક્તિકરણની દિશામાં પણ એક મોટું પગલું બની રહેશે અને આત્મનિર્ભર ભારત તરફની ગતિ વધારશે.

# ભારતીય પાસપોર્ટ ધારકોને ફ્રાન્સથી બીજા દેશ જવા માટે ટ્રાન્ઝિટ વિઝાની જરૂર નહીં રે

## મોટી સંખ્યામાં ભારતીયો અમેરિકા કે કેનેડા જવા માટે ફ્રાન્સના રૂટનો ઉપયોગ કરે છે, આ નિર્ણયથી લાખો મુસાફરોને સીધો ફાયદો થશે

**અબતક રાજકોટ**

ભારતીય પાસપોર્ટ ધરાવતા લોકો માટે ફ્રાન્સ સરકારે એક મોટો અને રાહતભર્યો નિર્ણય લીધો છે. હવે જો તમારે ફ્રાન્સ થઈને બીજા કોઈ દેશમાં જવું હોય, તો તમારે એરપોર્ટ પર રોકાણ કરવા માટે અલગથી 'એરપોર્ટ ટ્રાન્ઝિટ વિઝા' લેવાની જરૂર રહેશે નહીં. આ નિયમ ૧૦ એપ્રિલ, ૨૦૨૬ થી અમલમાં આવી ગયો છે.

એવા ભારતીયો જેઓ ફ્રાન્સના એરપોર્ટ પર માત્ર ફ્લાઈટ બદલવા માટે રોકાય છે અને એરપોર્ટની બહાર નીકળવાના નથી. આ નવો કાયદો ૯ એપ્રિલના રોજ ફ્રેન્ચ ગેઝેટમાં પ્રકાશિત થયો અને ૧૦ એપ્રિલથી લાગુ થઈ ગયો છે. આ નિર્ણય વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન વચ્ચે ફેબ્રુઆરીમાં થયેલી વાતચીત બાદ લેવામાં આવ્યો છે.



મોટી સંખ્યામાં ભારતીયો અમેરિકા કે કેનેડા જવા માટે ફ્રાન્સ (પેરિસ)ના રૂટનો ઉપયોગ કરે છે. આ નિર્ણયથી લાખો મુસાફરોને સીધો ફાયદો થશે. ટ્રાન્ઝિટ વિઝા મેળવવાની દોડધામ અને તેની ફી હવે ભરવી નહીં પડે. આ સમાચાર ભારતની વધતી જતી આંતરરાષ્ટ્રીય શક્તિ અને ભારતીય પાસપોર્ટની મજબૂતી દર્શાવે છે. જો તમે એરપોર્ટની બહાર નીકળીને ફ્રાન્સ ફરવા માંગતા હોવ, તો હજુ પણ ટુરિસ્ટ વિઝાની જરૂર પડશે. આ છૂટ માત્ર એરપોર્ટની અંદર 'ટ્રાન્ઝિટ' કરવા માટે જ છે.

# ૮૪ હજાર બેઠકો માટે અઢી લાખ લોકોએ અરજી કરી

## ગયા વર્ષની સરખામણીએ આ વખતે ૧૧ હજારથી વધુ ફોર્મ વધારે આવ્યા છે, જ્યારે બેઠકોમાં ૯ હજારનો ઘટાડો થયો છે

**અબતક અમદાવાદ**

ગુજરાતમાં ખાનગી શાળાઓમાં મફત શિક્ષણ મેળવવા માટેની અરજી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. આ વર્ષે કુલ ૮૪,૦૦૦ બેઠકો ઉપલબ્ધ છે,

જેની સામે આશરે ૨.૫ લાખ વાલીઓએ ફોર્મ ભર્યા છે. ગયા વર્ષની સરખામણીએ આ વખતે ૧૧,૦૦૦ થી વધુ ફોર્મ વધારે આવ્યા છે, જ્યારે બેઠકોમાં ૯,૦૦૦નો ઘટાડો થયો છે. પહેલા છેલ્લી તારીખ ૧૭ એપ્રિલ હતી, પણ વાલીઓની માંગણીને કારણે તે વધારીને ૨૩ એપ્રિલ કરવામાં આવી હતી.

આ વધારાના ૬ દિવસમાં જ નવા ૪૪,૦૦૦ ફોર્મ ભરાયા. જેમના ફોર્મમાં ભૂલ હશે અથવા ડોક્યુમેન્ટ ખૂટતા હશે, તેમને સુધારવા માટે ૨૭ થી ૨૯ એપ્રિલ સુધીનો સમય આપવામાં આવશે. એડમિશનનો પ્રથમ રાઉન્ડ ૪ મે ના રોજ જાહેર કરવામાં આવશે.રાજ્યમાં શિક્ષણના અધિકાર પ્રત્યે લોકોમાં કેટલી જાગૃતિ છે

અને સરકારી સહાયની કેટલી જરૂર છે તે સમજવા માટે. બેઠકો ઘટવી અને અરજીઓ વધવી એ શિક્ષણ વિભાગ માટે ચિંતાનો અને ચર્ચાનો વિષય છે, જે સમાજને અસર કરે છે.

# મ્યુનિસિપાલ કોર્પોરેશનના ૧૪૫ કરોડ સગેવગે કરવાને લઈ કોટક બેન્કના અધિકારી પર ઈડીની તવાઈ

## ઈડીએ ચંદીગઢ, પંચકુલા ઉપરાંત પંજાબના જીરકપુર, ડેરાબસી અને રાજપુરામાં ૧૨ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું

**અબતક, રાજકોટ**

પંજાબ અને હરિયાણામાં મ્યુનિસિપલ ફંડ સાથે સંકળાયેલા ₹૧૪૫ કરોડના 'ફિક્સ્ડ ડિપોઝિટ કૌભાંડ' મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ મોટી કાર્યવાહી કરી છે. પંચકુલા મ્યુનિસિપલ કોર્પોરેશનના નાણાંની હેરાફેરીના આ કેસમાં ઈડીએ કુલ ૧૨ સ્થળોએ દરોડા પાડ્યા છે.ઈડીએ ચંદીગઢ, પંચકુલા (હરિયાણા) ઉપરાંત પંજાબના જીરકપુર, ડેરાબસી અને રાજપુરામાં ૧૨ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરોડા કોટક મહિન્દ્રા બેંકના તત્કાલીન ડેપ્યુટી વાઈસ પ્રેસિડેન્ટ પુષ્પિન્દર સિંહ, પૂર્વ રિલેશનશિપ મેનેજર દિલીપ કુમાર રાઘવ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ એકાઉન્ટ્સ ઓફિસર વિકાસ કૌશિકના રહેઠાણો અને કચેરીઓ પર કરવામાં આવ્યા હતા.દરોડા દરમિયાન મની લોન્ડરિંગને લગતા વાંધાજનક દસ્તાવેજો, પ્રોપર્ટીના વેચાણ-ખરીદીના કરારો અને અન્ય પુરાવાઓ જપ્ત કરવામાં આવ્યા છે.કોર્પોરેશનના અસલી ખાતામાંથી નાણાં નકલી ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ માટે બોગસ ઈમેઈલ આઈડીનો ઉપયોગ કરીને બેંકિંગ સિસ્ટમમાં મંજૂરી મેળવવામાં આવી હતી.મ્યુનિસિપલ કોર્પોરેશનને અંધારામાં રાખવા માટે આરોપીઓએ ₹૧૪૫.૦૩ કરોડના રોકાણની ૧૬ નકલી એફડી રસીદો આપી હતી, જેની પાકતી મુદતની કિંમત ₹૧૫૮.૦૨ કરોડ દર્શાવવામાં આવી હતી.તપાસમાં બહાર આવ્યું છે કે આ નાણાં વિવિધ ફાયનાન્સર્સ, રિયલ એસ્ટેટ ફર્મ્સ અને ખાનગી વ્યક્તિઓના ખાતામાં ફેરવવામાં આવ્યા હતા અને અંતે મુખ્ય આરોપીઓ સુધી પહોંચાડવામાં આવ્યા હતા.



# ટેટની પરીક્ષામાં નાપાસ થયેલા ઉમેદવારો પણ શિક્ષક ભરતીમાં ભાગ લઈ શકશે

## ઉમેદવારોએ ફરિયાદ કરી કે ટેટ પરીક્ષાના પ્રશ્નપત્રોમાં છાપકામની ભૂલો હતી, અલગ-અલગ ભાષાના પેપરોમાં વિસંગતતા હતી અને આન્સર-કીમાં પણ ખામીઓ હતી

**અબતક અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે ગુરુવારે એક મહત્વનો વચગાળાનો આદેશ આપ્યો છે. જે ઉમેદવારો છેલ્લી ટેટમાં નાપાસ થયા હતા, તેઓને અત્યારે ચાલી રહેલી ૧૧,૦૦૦ પ્રાથમિક શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં ફોર્મ ભરવાની મંજૂરી આપવામાં આવી છે. ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ આજે ૨૪ એપ્રિલ હોવાથી, કોર્ટે ડાયરેક્ટર ઓફ પ્રાયમરી એજ્યુકેશનને આ ઉમેદવારોના ફોર્મ રૂબરૂ સ્વીકારવા આદેશ આપ્યો છે. કોર્ટે માન્યું કે



જો આ ૭૫૦ ઉમેદવારો ભવિષ્યમાં કેસ જીતી જાય, પણ અત્યારે ભરતી પ્રક્રિયા પૂરી થઈ ગઈ હોય, તો તેમને મોટું નુકસાન થઈ શકે.

ઉમેદવારોએ કોર્ટમાં ફરિયાદ કરી હતી કે ટેટ પરીક્ષાના પ્રશ્નપત્રોમાં છાપકામની ભૂલો હતી, અલગ-અલગ ભાષાના પેપરોમાં વિસંગતતા હતી અને આન્સર-કીમાં પણ ખામીઓ હતી. આ ઉમેદવારોએ એક સોગંદનામું આપવું પડશે કે આ ભરતીમાં સામેલ થવાથી તેમનો નોકરી પર કોઈ સીધો હક બની જતો નથી. જો તેઓ કોર્ટમાં કેસ જીતશે, તો જ તેમની નિમણૂક અંગે વિચારવામાં આવશે. જે ઉમેદવારો સિસ્ટમની ભૂલ (પેપરમાં ભૂલો) ને કારણે અન્યાયનો સામનો કરી રહ્યા છે, તેમના માટે આ એક આશાનું કિરણ છે. આ મંજૂરી માત્ર એવા ઉમેદવારો માટે છે જેમણે હાઈકોર્ટમાં અરજી કરી છે અને જેઓ નિશ્ચિત શરતોનું પાલન કરે છે.

# સીબીએસઈ ધો. ૧૦ ઓછા ગુણ આવ્યા છે તો બધું ગુણ માટે આગામી ૧૫મી મે થી પરીક્ષા આપી શકશે


## આ વર્ષે ૪૫,૧૦૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૧,૫૩૧ વિદ્યાર્થીઓ આ બીજી તકનો લાભ લઈ શકશે

**અબતક અમદાવાદ**

સીબીએસી બોર્ડ દ્વારા ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે 'બે તબક્કાની પરીક્ષા નીતિ' હેઠળ બીજા ફેઝનું શિડ્યુલ જાહેર કરવામાં આવ્યું છે. જે વિદ્યાર્થીઓ પોતાના પરિણામથી સંતુષ્ટ નથી અથવા નાપાસ થયા છે, તેઓ ૧૫ મે થી ફરી પરીક્ષા આપી શકશે. જે વિદ્યાર્થીઓ ઓછા માર્કસને કારણે પોતાનું પરિણામ સુધારવા માંગે છે (વધુમાં વધુ ૩ વિષયમાં) અથવા જેઓ નાપાસ (કમ્પાર્ટમેન્ટ) થયા છે. જો કોઈ વિદ્યાર્થીએ પહેલા 'સ્ટાન્ડર્ડ મેથ્સ' રાખ્યું હોય અને હવે તેને અઘરું લાગતું હોય, તો તે બીજી ટ્રાયલમાં 'બેઝિક મેથ્સ' પસંદ કરી શકે છે. ગુજરાતમાં આ વર્ષે ૪૫,૧૦૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૧,૫૩૧ વિદ્યાર્થીઓ આ બીજી તકનો લાભ લઈ શકશે. ઘણા વાલીઓ અને વિદ્યાર્થીઓ હજુ પણ 'બે બોર્ડ પરીક્ષા'ની નવી પદ્ધતિથી અજાણ હોય છે. તેમને સમયસર માહિતી મળે તે જરૂરી છે.

૧.૫૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા છે, તેમના માટે આ સમાચાર આશાનું કિરણ છે કે તેઓ મે મહિનામાં જ પરીક્ષા આપીને આગળ વધી શકે છે. ગણિતના વિષયમાં જે ફેરફાર કરવાની છૂટ આપી છે, તે વિદ્યાર્થીઓને કારકિર્દીના ખોટા ટેન્શનમાંથી મુક્તિ અપાવવા માટે ખૂબ જ મહત્વની છે.

# ઈન્ડિગો દ્વારા મુંબઈ-જામનગર વચ્ચે દૈનિક ફ્લાઈટ સેવાનો પ્રારંભ



## વેપાર, ઉદ્યોગ અને પર્યટન ક્ષેત્રે પણ નવા દ્વાર ખોલશેઃએરપોર્ટ ડાયરેક્ટર

ઈન્ડિગો એરલાઈન્સની દૈનિક સેવાનો પ્રારંભ એ જામનગર એરપોર્ટના વધતા મહત્વ અને તેની પ્રાદેશિક હવાઈ નેટવર્કની મજબૂત સ્થિતિનું જીવંત પ્રતીક છે. મુંબઈ સાથેની આ સુધારેલી કનેક્ટિવિટી દ્વારા મુસાફરો હવે દેશ અને વિદેશના અન્ય ગંતવ્ય સ્થાનો સુધી વધુ સરળતાથી અને ઝડપથી પહોંચી શકશે. આ નવી હવાઈ સેવા માત્ર મુસાફરી જ નહીં, પરંતુ જામનગર પંથકના વેપાર, ઉદ્યોગ અને પર્યટન ક્ષેત્રે પણ નવા દ્વાર ખોલશે. જામનગર એરપોર્ટ વહીવટી તંત્ર દરેક મુસાફરને સુરક્ષિત, કાર્યક્ષમ અને ઉચ્ચ કક્ષાની મુસાફરકેન્દ્રિત સેવાઓ પૂરી પાડવા માટે હંમેશા કટિબદ્ધ છે.



### ઉડાન ૨.૦ યોજના અંતર્ગત હવાઈ કનેક્ટિવિટીમાં વધારોઃ આધુનિક માળખાગત સુવિધાઓ દ્વારા પ્રાદેશિક નેટવર્ક મજબૂત કરવાનો કેન્દ્ર સરકારનો પ્રયાસ

જામનગર એરપોર્ટ માટે આજે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સ્થાપિત થયું છે. ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા ૨૩ એપ્રિલ ૨૦૨૬થી મુંબઈ અને જામનગર વચ્ચે દૈનિક ફ્લાઈટ સેવાનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. આ નવી હવાઈ સુવિધાને કારણે જામનગર સહિત સમગ્ર સૌરાષ્ટ્ર પંથકની મુંબઈ સાથેની કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે. ભારત સરકારની 'ઉડાન ૨.૦' યોજના અંતર્ગત શરૂ થયેલી આ સેવા સામાન્ય નાગરિકો માટે હવાઈ મુસાફરીને વધુ સરળ અને સસ્તી બનાવશે. નવા સમયપત્રક મુજબ, ફ્લાઈટ મુંબઈથી સવારે ૧૦:૩૫ કલાકે જામનગર આવશે અને ૧૧:૨૫ કલાકે પરત મુંબઈ માટે પ્રસ્થાન કરશે. આ સુવિધા વેપાર, આરોગ્ય અને પ્રવાસન ક્ષેત્રે જોડાયેલા લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. પ્રધાનમંત્રીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝન સાથે આધુનિક માળખાકીય સુવિધાઓનો આ વિસ્તાર જામનગરના આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે.

# આંગણવાડીની બહેનોએ ગજવ્યો લોકશાહીનો નાદ મતદાન જાગૃતિ માટે વાલીઓને શપથ લેવડાવાયા

### નિર્ભય અને પ્રલોભનમુક્ત મતદાન માટે આંગણવાડી કેન્દ્રોમાં પ્રતિજ્ઞા લેવાઈ



જામનગર જિલ્લામાં આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનારી જામનગર મહાનગરપાલિકા, સિક્કા નગરપાલિકા તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓને ધ્યાને રાખીને વહીવટી તંત્ર દ્વારા મતદાતા જાગૃતિ અભિયાન તેજ બનાવવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે જિલ્લાના વિવિધ આંગણવાડી કેન્દ્રો ખાતે કાર્યકર બહેનો અને બાળકોના વાલીઓએ એકત્રિત થઈને વધુમાં વધુ મતદાન કરવા માટેના શપથ લીધા હતા.

આંગણવાડી કેન્દ્રો પર જ્યારે વાલીઓ પોતાના બાળકોને લેવા-મૂકવા આવ્યા હતા, ત્યારે આંગણવાડી કાર્યકર બહેનોએ તેમને લોકશાહીમાં મતદાનનું મહત્વ સમજાવ્યું હતું. આ તકે ઉપસ્થિત સૌ નાગરિકોએ ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા લીધી હતી કે, તેઓ કોઈપણ પ્રકારના ડર, જ્ઞાતિ, જાતિ કે પ્રલોભનથી પ્રભાવિત થયા વગર ન્યાયી અને શાંતિપૂર્ણ રીતે મતદાન કરશે અને દેશની લોકતાંત્રિક પરંપરાની ગરિમા જાળવી રાખશે.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છેવાડાના મતદારો સુધી પહોંચીને ચૂંટણીમાં બહોળી સંખ્યામાં લોકોની ભાગીદારી સુનિશ્ચિત કરવાનો છે. આંગણવાડી કેન્દ્રો દ્વારા શરૂ કરવામાં આવેલી આ અનોખી પહેલને કારણે વાલીઓમાં મતદાન પ્રત્યે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# દ્વારકાના રૂ.૧૩૧ કરોડના રીંગ રોડનો પ્રોજેક્ટ કાગળ પરઃ સવા વર્ષ વીતવા છતાં કામગીરીના નામે મીંડુ

### ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે જાહેર કરાયેલો હાઈવે-ટુ-હાઈવે રોડ હજુ પણ મંજૂરીના ચકોમાં અટવાયેલોઃ યાત્રિકો અને સ્થાનિકોમાં રોષ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

યાત્રાધામ દ્વારકામાં વધતા જતા પર્યટકોના પ્રવાહ અને ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા માટે સરકાર દ્વારા અંદાજિત સવા વર્ષ પહેલા ૧૩૧.૭૬ કરોડ રૂપિયાના ખર્ચે 'હાઈવે-ટુ-હાઈવે' જોડતા રીંગ રોડની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, આ જાહેરાતને લાંબો સમય વીતી ગયો હોવા છતાં ગ્રાઉન્ડ લેવલ પર હજુ એક પણ ઈંટ મુકાઈ નથી. હાલની સ્થિતિએ આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ માત્ર કાગળ પર જ હોય તેવું જણાઈ રહ્યું છે.

છેલ્લા ૧૫ વર્ષમાં દ્વારકા દર્શન સર્કિટમાં આવતા રૂકમિણી મંદિર, નાગેશ્વર જ્યોતિર્લિંગ, બેટ દ્વારકા, ગોપી તળાવ તેમજ શિવરાજપુર બીચ અને નવનિર્મિત સુદર્શન સેતુ જેવા સ્થળોના વિકાસને કારણે સહેલાણીઓની સંખ્યામાં તોતિંગ વધારો થયો છે. ખાસ કરીને તહેવારો અને વેકેશનના દિવસોમાં દ્વારકા શહેર ટ્રાફિકથી ઉભરાય છે. આ સમસ્યાના કાયમી નિકાલ માટે વર્ષ ૨૦૨૫ના પ્રારંભમાં સરકારે આ રીંગ રોડ મંજૂર કર્યો હતો. આ યોજના મુજબ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી વહેલી તકે કામ શરૂ કરવાનું હતું, પરંતુ સવા વર્ષ જેટલો સમય વીતવા છતાં હજુ સુધી કામગીરીનો પ્રારંભ થઈ શક્યો નથી.

આ રીંગ રોડ બનવાથી દ્વારકા આવતો ટ્રાફિક શહેરના મુખ્ય માર્ગો પર ગયા વગર સીધો જ નાગેશ્વર, શિવરાજપુર અને બેટ દ્વારકા તરફ ફંટાઈ શકે તેમ છે. જોકે, વહીવટી વિલંબને કારણે આ વિકાસલક્ષી પ્રોજેક્ટ ક્યારે સાકાર થશે તેવા અનેક સવાલો ઉભા થયા છે. યાત્રિકો અને સ્થાનિકોની એક જ માંગ છે કે આ રીંગ રોડની કામગીરી વહેલી તકે શરૂ કરવામાં આવે જેથી ટ્રાફિકની જટિલ સમસ્યામાંથી મુક્તિ મળે.

# જામનગરમાં પટણીવાડમાં ઘોડીપાસાનો જુગાર રમતા ચાર ઝડપાયા

જામનગરના પટણીવાડ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની માહિતીના આધારે પોલીસે રેઈડ કરી ચાર વ્યક્તિઓને ઝડપ્યા છે. જામનગરના પટણીવાડ હાથીયા શેરીના ખૂણે કેટલાક લોકો ઘોડીપાસા વડે જુગાર રમતા હોવાનું જણાતાં ગઈકાલે સાંજે સિટી એ. ડિવિઝનની પોલીસ ટીમે દરોડો પાડ્યો હતો. આ રેઈડ દરમ્યાન આરોપી અસગર ઈબ્રાહીમભાઈ કુરેશી, બોદુભાઈ હુસેનભાઈ સીપાઈ, મહમદ ઉર્ફે મહાદેવ આમદ રાડ અને કાદરભાઈ હુસેનભાઈ કટારીયા જાહેરમાં પૈસાની હારજીત સાથે જુગાર રમતા ઝડપાયા હતા.પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રૂપિયા ૧૦,૧૦૦ તેમજ જુગાર રમવા માટે વપરાતા ઘોડીપાસા જપ્ત કર્યા છે. આ બનાવ અંગે સીટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે જુગારધારા કલમ ૧૨ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

# દ્વારકાઃ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં ૪.૫૦ લાખ મતદારો કરશે મતદાન

### ૨૮ એપ્રિલે ૭ કેન્દ્રો પર મતગણતરીઃ વહીવટી તંત્રે પૂર્ણ કરી તૈયારી

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીને લઈને સમગ્ર તંત્ર સજ્જ બની ગયું છે. રવિવાર, ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાનારા મતદાન માટે તમામ વહીવટી તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી રાજેશ તન્નાના માર્ગદર્શન હેઠળ ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ અને પારદર્શક રીતે યોજાય તે માટે પૂરતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આ ચૂંટણીમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો, ખંભાળિયા અને જામ રાવલ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી સાથે સલાયા નગરપાલિકાની એક બેઠકની પેટાચૂંટણી યોજાશે. જિલ્લામાં કુલ ૪,૫૧,૩૪૩ મતદારો નોંધાયેલા છે, જે મતાધિકારનો ઉપયોગ કરીને પોતાના પ્રતિનિધિઓ પસંદ કરશે.


ચૂંટણીમાં ઈવીએમ મશીનોનો વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં ૧૦૯૦ બેલેટ યુનિટ અને ૧૦૩૪ કંટ્રોલ યુનિટ તૈનાત કરવામાં આવ્યા છે. કોઈ પણ ટેકનિકલ ખામી માટે રિઝર્વ મશીનો પણ ઉપલબ્ધ રાખવામાં આવ્યા છે.

મતદાન પૂર્ણ થયા બાદ ૨૮ એપ્રિલે સવારે ૯ વાગ્યાથી જિલ્લાના સાત કેન્દ્રો પર મતગણતરી હાથ ધરાશે. ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પરિણામો જાહેર થશે. જિલ્લા ચૂંટણી અધિકારીએ મતદારોને નિર્ભય બની વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી છે.

# વીજ બિલ, વેરા પહોંચ અને દૂધના બિલ પર મળશે મતદાનનો સંદેશ

### જિલ્લા ચૂંટણી અધિકારી પી.બી. પંડ્યાના માર્ગદર્શન હેઠળ 'મતદાન મહાદાન' અભિયાન તેજઃ દરેક ઘર સુધી લોકશાહીનો પર્વ ઉજવવાનો સંદેશ પહોંચાડાયો

સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીઓમાં મતાધિકારનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટે જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જિલ્લા ચૂંટણી અધિકારી પી.બી. પંડ્યાના માર્ગદર્શન હેઠળ હવે નાગરિકોના ઘર સુધી સીધો મતદાનનો સંદેશ પહોંચાડવા માટે રોજિંદા જીવન સાથે જોડાયેલા બિલ અને પહોંચનો સહારો લેવામાં આવી રહ્યો છે.




આ અભિયાન અંતર્ગત જામનગર મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતી વેરા પહોંચ પર લોકશાહીના પર્વ નિમિત્તે ચાલો સાથે મળીને તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ મતદાન અવશ્ય કરીએ તેવો પ્રેરણાદાયી સંદેશ છાપવામાં આવ્યો છે. આ રીતે વેરો ભરતા પ્રત્યેક નાગરિકને પોતાની ફરજનું સ્મરણ કરાવવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત, પીજીવીસીએલ દ્વારા ગ્રાહકોને આપવામાં આવતા વીજ બિલ પર પણ મારો મત મારો અધિકાર, મતદાન અચૂક કરીએ તેવો સંદેશ ખાસ સ્ટેમ્પ દ્વારા અંકિત કરવામાં આવ્યો છે. તો બીજી તરફ, દૂધ મંડળીઓ પણ આ અભિયાનમાં સહભાગી થઈ છે. દૂધના બિલો સાથે ગ્રાહકોને મારો મત મારી તાકાત, મતદાન મહાદાન ના સૂત્ર દ્વારા મતદાન માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

તંત્રના આ પ્રશંસનીય અભિગમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના દરેક વર્ગ અને દરેક ઉંમરના મતદારો સુધી પહોંચવાનો છે. સરકારી કચેરીઓ અને જાહેર સ્થળો ઉપરાંત હવે ઘરઆંગણે પહોંચતા બિલ દ્વારા લોકશાહીના આ મહાપર્વમાં જોડાવા માટે નાગરિકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે.

# જોડિયા ગ્રામ પંચાયતની ઓચિંતી મુલાકાત લેતા કલેક્ટર પંડ્યાઃ વહીવટી કામગીરીનું કર્યું નિરીક્ષણ

### સરકારી યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા કલેક્ટરની કડક સૂચનાઃ પંચાયતના દફતર અને દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ



**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

જામનગર જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યાએ જોડિયા ગ્રામ પંચાયતની મુલાકાત લઈ વહીવટી તંત્રની કામગીરીનું સીધું નિરીક્ષણ કર્યું હતું. કલેક્ટરની આ મુલાકાત દરમિયાન ધ્રોલ પ્રાંત અધિકારી પણ તેમની સાથે જોડાયા હતા. કલેક્ટર દ્વારા ગ્રામ પંચાયતના વિવિધ દફતરો, દસ્તાવેજો અને રેકર્ડની સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. વહીવટી તપાસ બાદ કલેક્ટરએ પંચાયતના સત્તાધીશો અને કર્મચારીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરકારની વિવિધ કલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાઓનો લાભ ગામના અંતિમ છેવાડાના નાગરિક સુધી પારદર્શક રીતે અને સમયસર પહોંચવો જોઈએ. આ બાબતે તેમણે પંચાયતને જરૂરી માર્ગદર્શન આપી કામગીરીમાં વેગ લાવવા ખાસ સૂચનાઓ આપી હતી.

# દ્વારકા જિલ્લા આંગણવાડી વર્કરોએ અવશ્ય મતદાન કરવા માટે શપથ લીધા



**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

આગામી સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા ચૂંટણી અધિકારી તથા કલેક્ટર રાજેશ તન્નાના માર્ગદર્શનમાં જિલ્લામાં વધુમાં વધુ લોકો મતદાન કરી પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે માટે વિવિધ મતદાતા જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. જે ઉપક્રમે જિલ્લાની વિવિધ આંગણવાડીઓ ખાતે અવશ્ય મતદાન કરવા માટે શપથ ગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આંગણવાડી વર્કર્સ દ્વારા લોકશાહીના પર્વમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ અવશ્ય મતદાન કરવા માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણી સંદર્ભે પોલીસનો ચૂસ્ત પહેરોઃ સંવેદનશીલ વિસ્તારોમાં કોમ્બિંગ

### રેન્જ આઈજી નિર્લિપ્ત રાયના માર્ગદર્શન હેઠળ એસ.પી.રવિ મોહન સૈનીની ટીમ મેદાને; ચેકપોસ્ટ, પેટ્રોલિંગ અને ગુનેગારોની ધરપકડ તેજ, પેરામિલિટરી ફોર્સ પણ તૈનાત

જામનગર મહાનગરપાલિકા સહિત શહેર અને જિલ્લાની સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ તંત્ર દ્વારા વ્યાપક અને સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજકોટ રેન્જના આઈજીપી નિર્લિપ્ત રાયના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની, જામનગર શહેર વિભાગના ડીવાયએસપી જે.એન. ઝાલા તેમજ ગ્રામ્ય વિસ્તારોના પોલીસ અધિકારીઓ તથા એલસીબી અને એસ ઓ જી શાખાના અધિકારીઓ વગેરે સતત મોનિટરિંગ કરી રહ્યા છે.





શહેરના ત્રણેય પોલીસ ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટરો અને તેમની ટીમો, સાથે જ અલગ અલગ પોલીસ ચોકીઓના સ્ટાફ દ્વારા સમગ્ર શહેરમાં ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે પોલીસ ટુકડીઓ દ્વારા સતત પેટ્રોલિંગ, કોમ્બિંગ ઓપરેશન અને શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

શહેર- જિલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ ધ્યાન આપીને પોલીસ દ્વારા સતત કોમ્બિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. અસામાજિક તત્વો પર કડક નજર રાખવામાં આવી રહી છે, જેથી ચૂંટણી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને.

શહેરના અને સમગ્ર જિલ્લાના મહત્વના માર્ગો અને પ્રવેશદ્વારો પર ચેકપોસ્ટ ઉભી કરીને વાહન ચેકિંગની કામગીરી સઘન બનાવવામાં આવી છે. દરેક શંકાસ્પદ વાહન અને વ્યક્તિની તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.આ સમગ્ર કામગીરીને કારણે જામનગરમાં આવનારી મહાનગરપાલિકા ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ છે. સાથે પેરામિલીટરી ફોર્સ અને હોમગાર્ડના જવાનોની પણ મદદ લેવામાં આવી રહી છે. ભયમુક્ત, શાંતિપૂર્ણ અને પારદર્શક મતદાન થાય તે માટે સુરક્ષાનો મજબૂત પહેરો ગોઠવાયો હોવાનું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.પોલીસ તંત્ર દ્વારા લેવામાં આવેલા ચુસ્ત અને સચેત પગલાઓને કારણે શહેર-જિલ્લામાં સુરક્ષાનો ભાવ સ્પષ્ટ રીતે અનુભવાઈ રહ્યો છે. મતદારોમાં ભયમુક્ત વાતાવરણ ઊભું થઈ રહ્યું છે, અને લોકો નિર્ભય રીતે મતદાન પ્રક્રિયામાં જોડાય તેવો વિશ્વાસ વધ્યો છે.

### ગુનેગારો સામે તવાઈ, નાસતા ફરતા અનેક આરોપીઓ ઝડપાયા

પોલીસ દ્વારા વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા અને નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢીને ઝડપી પાડવાની કામગીરી તેજ કરવામાં આવી છે. આવા આરોપીઓને જેલ હવાલે કરીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે. ખાસ કરીને જામનગરની એલ.સી.બી.,એસ.ઓ.જી., અને પેરોલ ફર્લો સ્ક્વોર્ડ ની ટીમ આ બાબતમાં સઘન કાર્યવાહી કરી રહી છે.

### દારૂ-જુગાર જેવી પ્રવૃત્તિઓ પર કડક અંકુશ

ચૂંટણી દરમિયાન ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા માટે દારૂ, જુગાર અને અન્ય અસામાજિક પ્રવૃત્તિઓ પર ખાસ નજર રાખવામાં આવી રહી છે. પોલીસ દ્વારા સતત રેડ અને તપાસ દ્વારા આવા તત્વોને કાબૂમાં લેવામાં આવી રહ્યા છે. શહેર જિલ્લાના અનેક દારૂના ધંધાર્થીઓને ત્યાં સતત ચેકીંગ કરી દરોડાઓ પાડવામાં આવી રહ્યા છે.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં

# પ્રચારના ભુંગળા સાંજે શાંતઃ હવે છેલ્લી ઘડીના ખેલ

### મતદારોએ છેલ્લી ઘડી સુધી મન કળવા ન દીધુઃ કાળઝાળ ગરમીમાં લોકોને મતદાન મથક સુધી લાવવા તંત્ર અને ઉમેદવારો બંને માટે મોટો પડકાર

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આગામી રવિવારે ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયત માટે મતદાન યોજાવાનું છે. ચૂંટણી પંચના નિયમો મુજબ મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક અગાઉ પ્રચાર-પ્રસાર બંધ કરી દેવાનો રહે છે. દરમિયાન આજે સાંજથી પ્રચારના ભુંગળા શાંત થઈ જશે. હવે અંતિમ ઘડીના ખેલ શરૂ થશે. મતદારોને મનાવવા માટે ચૂંટણી લડતા ઉમેદવારો અને રાજકીય પક્ષોના નેતાઓ મથામણ કરશે.

પ્રચારના અંતિમ દિવસે આજે ઉમેદવારો એડીચોંટીનું જોર લગાવી રહ્યા છે. ભાજપ દ્વારા સવારે તમામ વોર્ડમાં વિશાળ સ્કૂટર રેલી યોજાશે. આગામી રવિવારે સવારે ૭ કલાકથી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે. હવે અંતિમ ઘડીના ખેલ દેખાવા લાગ્યા છે. તમામ ઉમેદવારો પોતાની લીટી લાંબી કરવા મથી રહ્યા છે. આવતીકાલે હવે આખો દિવસ બંધ બારણે

(અનુ. આઠમા પાને)

**સાંજથી હવે તોડજોડની રાજનીતિ શરૂ થશે મતદારોને મનાવવા મથામણ થશે**

# ઉમરેઠ વિધાનસભાનું ૫૪.૪૩ ટકા મતદાન સ્થાનિક સ્વરાજયમાં પણ આજ ટ્રેન્ડ રહેશે

### રવિવારે યોજાનારા સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના મતદાનમાં ટકાવારી ૫૦થી ૫૫ ટકા આસપાસ રહેવાની ધારણા

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભાની ઉમરેઠ બેઠકની પેટા ચૂંટણીમાં ૫૪.૪૩ ટકા જેટલુ મતદાન થયું છે. આગામી રવિવારે રાજ્યમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે મતદાન યોજાવાનું છે. જેમાં પણ મતદાનની ટકાવારીનો ટ્રેન્ડ આ રિતનો જ રહે તેવી શક્યતા દેખાય રહી છે.

ઉમરેઠ બેઠક માટે સાંજે પાંચ વાગ્યા સુધીમાં અંદાજિત ૫૪.૪૩% મતદાન નોંધાયું છે.

ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીમાં શહેરી વિસ્તારમાં ૬૮ મતદાન મથકો અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૩૮ મતદાન મથકો મળી કુલ ૩૦૬ મતદાન મથકો સજ્જ કરવામાં આવ્યા હતા. જ્યાં થતી તમામ ગતિવિધીઓ પર નજર રાખવા માટે વેબકાસ્ટિંગની સુવિધા ઉભી કરવામાં આવી હતી. આ મતદાન મથકો પૈકી ૦૧ મતદાન મથક દિવ્યાંગો દ્વારા સંચાલિત, ૦૨ યુવાઓ દ્વારા સંચાલિત તથા ૦૨ મહિલાઓ દ્વારા સંચાલિત મતદાન મથકો, જ્યારે ૦૫ આદર્શ મતદાન મથક પણ તૈયાર કરવામાં આવ્યા હતા. મતદાન મથકો પર તૈનાત કરવાના ઈવીએમની યાદી ચૂંટણી લડતા ઉમેદવારોને અગાઉથી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

ઈસીઆઈ ના સુધારેલા નિયમો અનુસાર ઉમેદવારોને મતદાન મથકોના પ્રવેશદ્વારથી ૧૦૦ મીટરના અંતરે તેમના બૂથ બનાવવાની મંજૂરી આપવામાં આવી હતી, જે મતદારો માટે અને

(અનુ. આઠમા પાને)

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મંગળવારે સોમનાથ આવે તેવી સંભાવના

### સહ પરિવાર સોમનાથ મહાદેવના દર્શન કરશે

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

ભારતના કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દેશની રાજયોની લોકસભા-વિધાનસભા ચૂંટણીઓનાં પ્રચાર પૂર્ણ થતા પ્રત્યેક આવી ચૂંટણીઓ બાદ સોમનાથ મહાદેવના દર્શન-પૂજન ધજારોહણ અને આર્શીવાદ મેળવવા સોમનાથ આવતા રહે છે. તેવો તેનો આસ્થા સાથે ક્રમ રહેતો હોય છે.


ફાઈલ તસવીર

જે હિસાબે તેઓ તા. ૨૫-૨૬ એપ્રીલના અમદાવાદ ખાતે પોતાનો મત આપવા આવી રહ્યા છે. ત્યારબાદ બંગાળની ચૂંટણીનો જેવો બીજો રાઉન્ડ પતશે કે તુરત જ તા. ૨૮ એપ્રીલની આસપાસ તેઓ સોમનાથ આવે તેવી વકી છે.

આ અંગે કોઈ સત્તાવાર જાણ પક્ષ પાસે કે અધિકારી પાસે નથી પરંતુ નિશ્ચિત ધારણા સેવાય છે. કે તેઓ સોમનાથ આવશે તેમ માનવામાં આવે છે.

## ભલે પધાર્યા... રાજકોટ આપને આવકારે છે

# નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને રજવાડી પાઘ પહેરાવી આવકારતા ઠાકોર સાહેબ માંધાતાસિંહ જાડેજા



**સ્થાનિક સ્વરાજયની આગામી ચૂંટણીમાં ભાજપની જાજરમાન જીત માટે શૂભકામના પણ પાઠવી**

**પ્રજા વત્સલ રાજવી લાખાજી રાજ બાપુના સ્ટેચ્યુને ના. મુખ્યમંત્રીએ વંદન કર્યાઃ માંધાતાસિંહ જાડેજાએ કરી હર્ષભાઈ સંઘવી પર કરી પુષ્પવર્ષા**

**અબતક,રાજકોટ**

રાજયના લોકપ્રીય નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી ગઈકાલે રાજકોટના મોઘેરા મહેમાન બન્યા હતા. રોડ-શોના આરંભે રાજકોટના રાજવી ઠાકોર સાહેબ માંધાતાસિંહ જાડેજાએ તેઓને રાજવી પરિવારની આગવી પરંપરા અનુસાર રજવાડી પાઘ પહેરાવી આવકાર્યા હતા. અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપની શાનદાર જીત થાય તેવી શૂભકામના પાઠવી હતી.





ભાજપના કર્મઠ અને ઊર્જાવાન યુવા નેતા, ગુજરાત રાજ્યના ઉપ-મુખ્યમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીએ મહાનગરપાલિકા ચૂંટણી સંદર્ભમાં રાજકોટ શહેરના હૃદય સમા વિસ્તારો લાખાજીરાજ રોડ, સાંગણવા ચોક, ગરેડીયા કૂવા રોડ, ધર્મેન્દ્ર રોડ, પરાબજાર, ઘીકાંટા રોડ, સોની બજાર, કોઠારીયા નાકા અને ભૂપેન્દ્ર રોડ વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીના અઢાર વોર્ડમાં બોંતેર ઉમેદવારોને સાથે રાખીને મેગા રોડ શો યોજીને મતદાન પૂર્વે કેસરીયા માહોલનું નિર્માણ કર્યું એ વેળાએ લાખાજીરાજ ભવન ખાતે રાજકોટનાં પ્રજા વત્સલ રાજવી પ્રાતઃ સ્મરણીય શ્રી લાખાજીરાજ બાપુના સ્ટેચ્યુને વંદન કરીને ઠાકોર સાહેબ શ્રી માંધાતાસિંહજી જાડેજા સાહેબના હસ્તે પુષ્પવર્ષાની વચ્ચે પુષ્પમાળા તેમજ રજવાડી પાઘડી ગ્રહણ કરી હતી તે સમયની તસ્વીરી ઝલક.




પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ

અબતક® સાંધ્ય દૈનિક

# વાર્ષિક લવાજમ યોજના

૦૧-૦૫-૨૦૨૬ થી ૩૦-૦૪-૨૦૨૭

**યોજના નં. ૧**

લવાજમ રૂ.૧૧૧૧/-




બ્રાન્ડેડ પરફ્યુમ અને ડીયોડ્રન્ટ

**યોજના નં. ૨**

લવાજમ રૂ.૧૨૨૫/-




પ્રીમીયમ ૧ કિલો ચા

**વિશેષ નોંધઃ**

(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

**લવાજમ ભરવાનું સ્થળઃ અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.**

**આજે જ સંપર્ક કરો : MO:- +91 70481 30001, 0281- 2461234**